જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगत :



સંપાદક : સોમચંદ ડી. શાહ

અંક : ૯ ○ વર્ષ : ૧૭

નવેમ્બર ૧૯૬૦ ○ કારતક ૨૦૧૭

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૬૪૫ |
| વિનાશનો ધજાગરો : | વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી | ૬૪૭ |
| ભગવાન જેને વહાલા હોય તેને : | શ્રી મફતલાલ સંઘવી | ૬૫૨ |
| મનન અને ચિંતન : | ડો. વલ્લભદાસ નેણસીભાઈ | ૬૫૪ |
| માનવ જીવનનું ઘડતર : | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૬૫૭ |
| સંસાર ચાલ્યો જાય છે. : | વૈદ્ય મો. ચુ. ધામી | ૬૬૫ |
| દુઃખની મુકિત કેવી રીતે ? : | પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મ. | ૬૭૧ |
| મનનમાધુરી : | શ્રી વિમર્શ | ૬૭૩ |
| ચમત્કારી સરોવર : | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. | ૬૭૭ |
| તપ જપ આદિ અનુષ્ઠોની ઉપયોગિતા : | પૂ. મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મ. | ૬૮૫ |
| કુલદીપક | શ્રી સૂર્યશિશુ | ૬૯૩ |
| વેરાયેલાં વિચારરત્નો : | પૂ. આ.વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. | ૬૯૭ |
| નવનીત : | શ્રી પ્રિયમિત્ર | ૬૯૮ |
| ફૂલ અને ફોરમ : | પૂ. પં શ્રી પ્રવિણવિજયજી ગણિવર | ૭૦૧ |
| શંકા સમાધાન : | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. | ૭૦૩ |
| સાભાર સ્વીકાર : | સંપાદક | ૭૦૫ |
| જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા : | શ્રી કિરણ | ૭૦૯ |
| દેશ અને દુનિયા : | શ્રી સંજય | ૭૧૩ |
| સમાચારસાર : | સંકલિત | ૭૧૭ |


## ઉપયોગી સૂચન

★

પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

❀

લવાજમ પુરૂં થયે આપને ખબર આપવામાં આવે છે તો ઢીલ કર્યા સિવાય લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું. વી. પી. થી નાહક દશ આનાનો વધુ ખર્ચ આવે છે.

❀

નવા દશ ગ્રાહક બનાવી આપનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલાવાશે.

❀

ટાઈટલ પેજ ઉપર છાપવા માટે તીર્થના ફોટાઓ કે બ્લોકો સારા હોય તે જ મોકલવા વિનંતિ છે.

❀

આફ્રિકામાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયાનો ખબર અપાય છે. ક્રોસ સિવાયના પોસ્ટલ ઓર્ડર કે મનીઓર્ડરથી લવાજમ મોકલી આપવા વિનંતિ છે.

❀

અંક ન મળ્યાની ફરીયાદ ૨૮મી પછી કરવી. દરેક અંક અંગ્રેજી મહિનાની ૨૦મી તારીખે પ્રગટ થાય છે.

# ઉઘડતે પાને

ધર્મની વિશિષ્ટ મોસમરૂપ ચાતુર્માસ પૂર્ણ થયું, અને પૂ. મુનિરાજોનો વિહાર ખૂલ્લો થયો. પ્રભુશ્રી મહાવીરદેવનો પરમપુનિત ધર્મસંદેશ સૂતા સંસારી જીવોને સંભળાવીને ગામે-ગામ, શહેરે-શહેર ધર્મનો પ્રચાર કરનારા જૈન સાધુઓ ખરેખર જીવતું-જાગતું ધર્મ મીશન છે. વર્તમાનકાળે જૈન સાધુઓએ જેમ બને તેમ અલ્પપરિગ્રહી, અલ્પ જરૂરીયાતવાળા બનીને તથા સાત્વિક, સંયમી, સરલ, નિઃસ્પૃહ, શાંત તથા પ્રભુ શ્રી મહાવીરદેવનાં તેજસ્વી સંતાન તરીકે જીવન જીવી જગતના સર્વ કોઇ આત્માઓ પર ઉપકાર કરવા બધ્ધકક્ષ બનવું જોઇશે.

આજે જગત વધારે પડતા પરિગ્રહ, દારૂણ લોભ, અપાર તૃષ્ણા, તથા મોહનો ઉગ્ર અંધાપો અને અતિશય જિજીવિષાથી સંતપ્ત બનીને રીબાઈ રહેલ છે. તે પરિસ્થિતિમાં જૈન શ્રમણોએ અપરિગ્રહ, સંયમ, નિર્ભીકતા તથા નિઃસ્પૃહતાના અનન્ય ગુણોદ્વારા વર્તમાનના અશાંત જગતને શાંતિ, સંતોષ, તપ, અને ત્યાગનો મંગલ સંદેશ આપવાનો રહે છે. વિશ્વમાત્રના મંગલ માટે શ્વાસોશ્વાસ લેનારા જૈન શ્રમણો પાસેથી આપણે આ અપેક્ષા અવશ્ય રાખીએ !

જૈનસમાજ પર, તેની શ્રદ્ધા, તેની ધર્મનિષ્ઠા પર ઝઝુમી રહેલા ભયો સામે સમાજને જાગ્રત કરવાની, સમાજને-સંઘને કર્તવ્ય ધર્મની હાકલ પાડવાની તે તે દ્વારા સમાજ-સંઘના ગૌરવ ખાતર જાતભોગ આપવા આગેકદમ મૂકવાની જૈન શ્રમણવર્ગની ફરજને પણ તેઓએ ભૂલવાની નથી ધર્મ પર આક્રમણ આવે ત્યારે તેનાં વારણ માટે સર્વ પ્રથમ જાતને હોમવાની તૈયારી જૈન શ્રમણોએ કરવાની છે. તેની પાછળ સમસ્ત સંઘ બેઠો છે. પણ પૂ. ધર્મધુરંધર આચાર્યદેવો આ અવસરે શાંત કે મૌન બનીને બેસે તો ગૃહસ્થવર્ગને પ્રેરણા કોની પાસેથી મલશે ?

'જૈનશાસન જયવંતુ વર્તે છે, જૈનશાસનનો જય હો'નો ગગનચુંબી નાદ કરનારાઓ અને સાંભળનારા સર્વ કોઇની આજે કે જે સમયે સમસ્ત ભારતમાં કોંગ્રેસી તંત્રના અધાર્મિક રાજ્યમાં અનાજ ખાનારી પ્રજા પર પરાણે માંસાહાર લડાઈ રહ્યાં છે, તે હિંદુ તેમજ જૈનોના ધાર્મિક સ્થાનો પર તેનાં મૂલભૂત અધિકારોને અવરોધનાર 'ટ્રસ્ટબીલ' જેવા કાયદાઓ ઘડાઇ રહ્યા છે, તેવા સમયે પૂ. આચાર્યાદિ જૈન શ્રમણોની, પૂ. સાધ્વીજી સમુદાયની પ્રથમ ફરજ છે, કે-આવા કાયદાઓનો આવા હિંસાના પ્રચારનો દરેક રીતે સામનો કરવો, શ્રાવક સમુદાયને તે માટે પ્રેરણા આપવી. યાદ રાખશો કે જૈનશાસનના સાતક્ષેત્રોની ધાર્મિક મિલ્કતો પર પ્રથમ અધિકાર જૈન શ્રમણોનો છે, ભગવાન શ્રી મહાવીરદેવના સીધાવારસ જૈન સાધુઓ છે. તેમની ફરજ આ બધી મિલ્કતોના રક્ષણની છે; અને તેના અધિકાર પર ત્રાપ પડતો હોય તો સર્વ રીતે પોતાની શકિત તેના પ્રતિકાર માટે ખર્ચવાની છે.

'કલ્યાણે' ગતાંકમાં ધાર્મિક ટ્રસ્ટબીલને અંગે જૈનસમાજને જાગ્રત રહેવા અને પોતપોતાનું કર્તવ્ય બજાવવા પોતાની ફરજ સમજીને જે પ્રેરણા કરી હતી, તે માટે અમારા પર પોતાના અભિનંદન પાઠવનારા સજ્જનોને એકજ કહેવાનું કે, એ રીતે સમાજમાં શ્રધ્ધા, સંસ્કાર, નિષ્ઠા તથા જાગૃતિને અંગે સાત્વિક ભાવ જગાડવા માટે 'કલ્યાણ' દરેક અવસરે પોતાનાથી શકય સઘળું કરશે, સર્વ કોઇ શુભેચ્છકો 'કલ્યાણ'ને પોતાનું માનીને 'કલ્યાણ'ની પ્રગતિમાં અવશ્ય સહકાર આપતા રહેશે, એ આશા 'કલ્યાણ' સર્વ કોઈ પાસે રાખે એ સ્થાને છે. સર્વ કોઇનું કલ્યાણ હો !

વર્ષ : ૧૭ ⊙ અંક : ૯

# કલ્યાણ

કારતક ⊙ ૨૦૧૭

## વિનાશનો ધજાગરો !

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

આ દેશ પર જ્યારે અંગ્રેજો રાજ કરતા હતા અને તે કાળને કાળી ગુલામીના કાળ તરીકે ઓળખાવવામાં આવતો હતો તે સમયે જનતાના પોતાના મૂળભૂત અધિકારો કે જનતાની ધર્મભાવના કે રહેણીકરણીને નાથવા અંગેનો એકાદ હળવો ધારો સત્તાધીશોના વિચાર પુરતો ઉભો થતો હતો, ત્યારે તે કાળના પ્રજાના આગેવાનો એમ જ માનતા હતા કે ભારતીય સંસ્કૃતિ પર, જનતાના મૂળભૂત અધિકારો પર આકાશ તૂટી રહ્યું છે ! અને ચારે દિશાએથી એનો વિરોધ થતો. અંગ્રેજો જનતાના આવા વિરોધને તરત નમતું આપતા અને હજી જેને અમલી નથી બનાવવામાં આવ્યો તેવા વિચારાધિન ધારાને અભરાઇ પર મૂકી દેતા હતા.

અને કદાચ કોઈ હળવો નિયમન ધારો પસાર થતો ત્યારે આજે જે લોકોના હાથમાં સત્તા આવી પડી છે અને જે સંસ્થા એનું સંચાલન કરી રહી છે તે કોંગ્રેસ એવા કાયદાને કાળોકાયદો કહેવામાં ગૌરવ અનુભવતી હતી, એટલું જ નહિં પણ એવા કાળાધારાઓ સામે પ્રચાર અને ભાષણો, આંદોલનો અને એવા ઉગ્ર કદમ ઉઠાવતી હતી !

આજે પરિસ્થિતિ સાવ વિપરીત છે. આજ ગુલામયુગ નથી રહ્યો. આજ અંગ્રેજો વિદાય થઇ ચૂકયા છે, આજ ભારતીય સંસ્કૃતિના આદર્શોની ઠેકડી કરનારાઓ દરિયાપાર જઈને બેઠા છે !

પરંતુ....

આ નગ્ન સત્ય નથી. માત્ર ઈતિહાસનું સત્ય છે. કાગળ પર અંકિત થયેલી હકિકત છે.

બીજી રીતે વિચારીએ તો ભારતની જનતા આજના પક્ષશાહીયુગમાં નિર્માલ્ય, કમનશિબ અને માનસિક ગુલામીના વિષથી હીનવીર્ય બની ગઈ છે. લોકોનું નૈતિક બળ તુટી રહ્યું છે. લોકોની આધ્યાત્મિક ભાવના આજે ભૌતિક લાલસાના પિંજરમાં કેદ બની છે, ગરીબો બહુ ગરીબ બનતા જાય છે, લાગવગશાહીના રમકડાંઓ નવી શેઠાઈ સર્જતા જાય છે, રાજાશાહીના મૃત્યુઘંટ પછી આજ કોંગ્રેસી રજવાડાનો સામંતશાહી શંખનાદ ગાજી રહ્યો છે ! માલેતુજારો બહુ માલેતુજાર બનતા જાય છે. મધ્યમવર્ગની દશા ગાડાના બેલ જેવી થઈ પડી છે. સેવા, સંતોષ, સમભાવ અને સ્વદેશપ્રેમનાં ગીતો આજના ભડકા પાછળ જલાને ખાખ થઈ ચૂકયાં છે !

મુસ્લીમ યુગનાં અંધારઘેરા દિવસોમાં રાષ્ટ્રની જે શકિત નષ્ટ નહોતી પામી, અંગ્રેજયુગના અગ્નિકણો વચ્ચે પણ રાષ્ટ્રની જે તાકાત નામશેષ નહોતી થઇ, તે ભાવનારૂપી તાકાત આજ કોંગ્રેસીયુગમાં મિલિયામેટ બની રહી છે !

કોંગ્રેસીયુગનો ઈતિહાસ તપાસો.

સેવા અને અહિંસાનો અંચળો ધારણ કરીને સત્તાના શરાબમાં મસ્ત બનેલા શાસકોએ રાષ્ટ્ર પર જેટલી ગોળીઓ વરસાવી છે, જેટલી લાઠીઓ ઝીંકી છે અને જેટલા દમનકાંડ ખડકયા છે, તેટલા અંગ્રેજયુગના છેલ્લા પચ્ચાસ વર્ષમાં થયા હશે કે કેમ એ ઈતિહાસનો એક પ્રશ્ન છે !

અને મુક્તિનાં ગીતના નામે દેશની જનતા પર આજે કર, વેરા, કાયદા અને નિયમનોનો એટલો બધો બોજ પાથરવામાં આવ્યો છે કે જનતાની કમ્મર લગભગ તૂટી ગઈ છે.

એક નવો ધારો ને જનતાના સ્વાભાવિક જીવનપર એક નવું બંધન....! વકિલોના સ્વર્ગમાં રોપાતું એક વધુ કલ્પવૃક્ષ !

એક નવી યોજના ને જનતાના હૈયા પર એક વિરાટ ઘંટીનું પડ !

જે યોજનાઓ પર કેટલાંય વરસો પસાર થયા હોવા છતાં જેનું કોઈ પરિણામ જનતાના આંગણે એકાદું ગુલાબ પણ રોપી શકયું નથી, જનતાને હળવી હુંફ મળે એવી કોઇ સિદ્ધિ સ્થાપી શકયું નથી, તે યોજનાઓ આજ ભયંકર અટ્ટહાસ્ય બિછાવી રહી છે.

અને પોકારી પોકારીને એ યોજનાઓ હસે છે કે—

તમારી બેકારી એવી ને એવી અકબંધ પડી છે !

તમારી મોંઘવારીનો આંક જરાયે મોળો પડવા દીધો નથી.

રૂશ્વતખોરીનાં ઉઘાડાં બારણા સામે આજે કોઈ જોઈ શકતું નથી.

યોજના હસે છે... અને અજગર જેવી ત્રીજી યોજનાનો પુંફાડો આજથી ભારતની જનતાને વધુ શોષાવા માટે આગાહી કરી રહ્યો છે !

વિદેશી ઈજનેરો, વિદેશીયંત્રો... અને ભૌતિકવાદની નરી ભૂતાવળ ! આ સિવાય રાષ્ટ્રની કાયા પર કયું નંદનવન રચાયું છે ?

લોકોને ચોકખું અનાજ મળતું નથી. લોકોને સાચું દૂધ પુરૂં મળતું નથી. લોકોને શુદ્ધ ઘીના દર્શન થતાં નથી. લોકો સમક્ષ એવી કેળવણી પણ નથી કે આવતી કાલનો નાગરિક એક મહાપ્રજાના પ્રતિક જેવો ખડતલ બની શકે !

અને અંગ્રેજોએ અભરાઈ પર મૂકેલા કાયદાઓ જાણયે આજ એનાજ વિરોધીઓના હાથે ફરીવાર જીવતા બની રહ્યા છે ! ઘડીભર તો એમ લાગે છે કે અંગ્રેજોએ શાસનનો હવાલો સોંપતી વખતે આ કાયદાઓને અમલી બનાવવાનો પણ હવાલો નહિં સોંપ્યો હોય ને ?

એ ગમે તે હોય !

ધર્મનિરપેક્ષ બંધારણ સોનાના અક્ષરે અંકિત થયેલું હોવા છતાં, આજે કોંગ્રેસી જમાત ધર્મનિરપેક્ષના બદલે અધાર્મિક રાજયનું નિર્માણ કરી રહી હોય તેમ લાગે છે.

જો એમ નહોત તો માત્ર હિંદુઓની ધાર્મિક સંસ્થાઓને ભયંકર આગ વચ્ચે લપેટતો કાળો કાયદો ભારતના નિરપેક્ષ સિંહાસન પાસે આવી જ શકયો ન હોત ?

પણ આ શબ્દોથી હું એમ કહેવા નથી ઇચ્છતો કે આ કાયદો દરેક પર સમાન રીતે આવવો જોઇએ.

રાષ્ટ્રની કોઈ પણ કોમના ધાર્મિક ટ્રસ્ટો મુક્ત રહે તે આનંદની વાત છે, પણ વારંવાર લોકશાહીનો ઢોલ પિટનારી કોંગ્રેસનો ધર્મનિરપેક્ષભાવ કેવા પ્રકારનો છે તે હકિકત પ્રવર સમિતિને સોંપાયેલા ધાર્મિક ટ્રસ્ટ પર નિયમન લાદતા ધારા પરથી સહેજે કલ્પી શકાય છે.

ધાર્મિક મિલ્કતો-સંસ્થાઓ-સ્થાનો અને જનભાવનાના આ બધાં પ્રતિકો પર નિયમનની તલવાર ઉગામતો આ ધારો હળવો હોવો જોઇએ કે અમુક અંશે હોવો જોઇએ, કે વધારે ઉગ્ર હોવો જોઇએ. એ ચર્ચાનો જ વિષય નથી. આવો ધારો રાષ્ટ્રના ધર્મપ્રાણ કલેવર પર કુઠારાઘાત કરનારો છે અને આવો ધારો કોઈ પણ સંયોગોમાં સ્વીકારાવો જ ન જોઇએ એ એક જ હકિકત સ્પષ્ટ થવાની જરૂર છે.

પણ રાષ્ટ્રના હિન્દુઓ અને જૈનો આજ સ્વત્વહીન બની ગયા છે અને અન્યાય સામે મસ્તક ઉંચકવાનો આદર્શ આજના કોંગ્રેસીયુગે છિન્નભિન્ન કરી નાંખ્યો છે.

છતાં ભારતવર્ષના હિન્દુઓ અને જૈનો આ કાળા કાયદા સામે મૌન રહેશે અને વિરોધ નહિ કરે. અર્થાત્ પોતાના અંતરના અવાજને આદર નહિ આપે તો આવતીકાલે આથીયે કાતિલ અને માનવતાના લિલામ જેવા કાયદાઓનાં ખંજર ઝીલવા માટે છાતી ખુલ્લી રાખવી પડશે !

ભારતીય સંસ્કૃતિના નાના-મોટાં પ્રત્યેક કેન્દ્રો, ધામો, તીર્થો કે સંસ્થાઓ એના આરાધકોની જ મિલ્કત છે. એના પર કોઈપણ નિરપેક્ષ કે સાપેક્ષ તત્રને નજર કરવા પુરતો યે અધિકાર ન હોઈ શકે ! છતાં આજે લોકશાહીના નામે મધ્યયુગનાં જ સર્જન થઇ રહ્યાં છે. યુરોપમાં એક કાળે પોપના હાથમાં જે અમર્યાદ સત્તા હતી તેને આંટી મારે એવી સત્તાઓ આ કાયદા દ્વારા કમિશ્નરોને મળવાની છે. જે કમિશ્નરને ધર્મ સાથે કશું લાગતું વળગતું ન હોય, જે કેવળ કાયદાના ગુલામીખતનો જ પ્રતિક હોય અને જેને જનતાની ભાવનાઓ સાથે કોઈ સ્નાન-સૂતક ન હોય એવા પગારદારોના હાથમાં ધાર્મિક સંસ્થાઓના વહિવટની સરમુખત્યારી સોંપીને આ સરકાર દેશને કયાં લઇ જવા માગે છે ? તે સમજાતું જ નથી !

ભારતીય સંસ્કાર, વ્યવસ્થા, નીતિ અને આદર્શની આવી ઠેકડી ભૂતકાળના છેલ્લા દસ હજાર વર્ષમાં કોઈપણ નાદીરશાહીએ કે કંસશાહીએ કરી હોય એવું ઈતિહાસના પાના પર અંકિત થયેલું નથી. કોઇપણ વિદેશી કે વિધર્મીએ આ રીતે ભારતીય સંસ્કૃતિ ને વ્યવસ્થાના વિનાશનો કનકવો ચગાવ્યો હોય એવું બન્યું નથી !

અને સંસ્કૃતિના આદર્શોનો વિનાશ કોઇપણ યુગમાં કે કોઇપણ સમયે બહારના પરિબળોથી કદી શકય બન્યો નથી. બહારનાં પરિબળો સામે જનતા હંમેશાં ભીડાતી જ આવી છે અને પોતાનો નાશ હસતા મોઢે ઝીલી લઇ સંસ્કૃતિના આદર્શને બચાવતી આવી છે. પણ આવો વિનાશ અને વિનિપાત કેવળ ઘરના ઘાતકોઓ વડે જ શકય બનતો હોય છે ! ઇતિહાસમાં એના અનેક દ્દષ્ટાંતો મોજુદ પડયાં છે !

પ્રવરસમિતિ સમક્ષ મૂકાયેલો ધાર્મિક ટ્રસ્ટો પર નિયમન લાદનારો ધારો કોઇપણ દ્દષ્ટિએ આવકારદાયક નથી. કારણ કે એ ધારો ધાર્મિક અનુષ્ઠાનના મૂળભૂત અધિકારો અને

જનતાના જન્મ સિદ્ધ અધિકારો પર સીધો કાપ મૂકે છે એટલું જ નહિં પણ રાષ્ટ્રમાં ઝઘ-ડાઓ અને વિતંડાઓની ભૂતાવળ ઉભી કરે છે.

એક સંસ્થા સામે માત્ર બે જ અસંતોષીઓ ઉભા થાય અને કમિશ્નરનો કોરડો તરત સળવળવો શરૂ થઇ શકે છે, એટલું જ નહિં પણ અદાલતબાજીની એક આંધિ ઉભી થાય છે.

જનતાની સ્વભાવસિદ્ધ ઉપેક્ષાવૃત્તિ અને ભગવાને જે ધાર્યું હશે તે થશે એવી નિર્માલ્ય માન્યતાના લીધે આવો કાળો કાયદો લટકતી તલવાર માફક જનતાના મસ્તક પર કાયમ માટે ખોઠાઈ શકે છે.

દેશના હિન્દુઓ અને જૈનોએ આ કાયદાના સંશોધન, પરિવર્તન કે પરિમાર્જનની કોઇપણ અપેક્ષા નહિં રાખતાં આવા કાયદાઓનો મજબુત પ્રતિકાર કરી કાયદાને ઉગતો જ ડાંભવો જોઇએ.

પણ આ એક દુરાશા છે. કારણ કે જનતાનું હીર આજે શોષાઇ ગયું છે. અન્યાય સામે માથું ઉંચકવાની કોઇ તાકાત જનતામાં રહી નથી. જો એ તાકાત રહી હોત તો આજે આવા કાળા કાયદાનું સ્વપ્ન પણ કોઇને આવી શકયું નહોત.

જરા ઉંડી દષ્ટિએ વિચારીએ તો આ ધારાનાં નિર્માણનો હેતુ શું ? હેતુ એટલો જ છે કે ધર્મસ્થાનો દ્વારા થતો દુર્વ્યય મટે અને એના નાણાં સુયોગ્ય રીતે વપરાય. પણ આ તો કેવળ શાબ્દિક હેતુ છે. કોંગ્રેસ પોતે જ એક સંસ્થા છે અને એ સંસ્થા પોતાના પક્ષને જીવાડવા માટે, સત્તા પર કાયમ રાખવા માટે કેવી રીતે ફંડો એકત્ર કરે છે અને એ બધા ફાળાઓ શું સુયોગ્ય રીતે વપરાય છે ? થોડા જ સમય પહેલાં એક બીલમાં રાજકીય પક્ષોને અપાતા નાણા અંગેનો એક નિયમ આવ્યો હતો અને એ નિયમ સ્વીકારવામાં કોંગ્રેસને મૃત્યુઘંટ દેખાયો હતો એટલે એ આખી વાત અભરાઈ પર ચડાવવામાં આવી, જો કોંગ્રેસી શાસકો ખરેખર શુદ્ધ ભાવના રાખતા હોય તો શા માટે પોતાના પક્ષને જીવતો રાખવા ખાતર કાળાબજારના નાણા મેળવે છે ? શા માટે કેન્દ્રનો એક પ્રધાન કોઈને ત્યાં ચા પીવા જાય અને પાંચસો રૂપિયા ફાળામાં ભરાવવાનું નજરાણું લ્યે છે ! આજની ધાર્મિક સંસ્થાઓ ગમે તેવી હોય, તે જનતાની છે. એ સંસ્થાઓ સામે જનતાએ કશો વિરોધ ઉભો કર્યો નથી, જનતાએ અસંતોષ વ્યકત કર્યો નથી અને એનો વહિવટ પણ એની પોતાની રીતે ચાલે છે. કદાચ કોઈ સંસ્થા ગેરવહિવટ ચલાવતી હોય તો એનો અર્થ એવો નથી કે રાષ્ટ્રની બધી ધાર્મિક સંસ્થાઓમાં ગેરવહિવટ પ્રવર્તે છે. એક કોંગ્રેસી દારૂડીયો હોય એટલે સમગ્ર કોંગ્રેસ શરાબી છે એમ કેમ માની શકાય ? આ દષ્ટિએ જનતાના પોતાના આ વહિવટમાં કોઈ પ્રકારનો હસ્તક્ષેપ ન થવો જોઇએ.

અને આ ધારા પાછળ બીજો પણ એક ભયંકર ગુપ્ત હેતુ હોવાનો લોકોને સંશય જાય તે સ્વાભાવિક છે. કારણ કે કોંગ્રેસપક્ષે આજ પર્યંત જનતાના નામે અનેક પ્રકારની મેલી રમતો ખેલ્યા કરી છે.

લોકશાહી, શાસન, જનતા, પ્રજાકલ્યાણ વગેરેના અંચળા પાછળ કોંગ્રેસી શાસકોએ વિકાસ

સમિતિઓ, ગ્રામ પંચાયતો, બીજી અનેક પ્રકારની સમિતિઓમાં પોતાના જ ખાંધીઆઓને અથવા તો પોતાની જમાતનાઓને જ મોટે ભાગે લીધા છે અને આ રીતે સામાજિક ક્ષેત્રના મોરચાઓ પર પોતાનો કાબુ રાખી ચુંટણીમાં એનો જ ઉપયોગ કરાતો હોય છે! પોતાનાં અસ્તિત્વને ટકાવી રાખવા ખાતરની આ એક ભેદનીતિ છે. એવીજ ચાલ આ રીતના ધાર્મિક ટ્રસ્ટના નિયમન ધારા પાછળ છૂપાઈ હોય તેમ લાગે છે! આ ધારા અન્વયે જેને અમાપ સત્તા આપવામાં આવશે તે કમિશનરોનાં લશ્કરો મોટે ભાગે કોંગ્રેસીઓની હાજી હા કરનારાઓનાં હશે! એવી ભવિષ્યવાણી ભાખનાર કદી ખોટો નહિં પડે! ધાર્મિક સંસ્થાઓ પર આ રીતે કાબુ રાખી એના દ્વારા કોંગ્રેસને જીવતી રાખવાનું સ્વપ્ન આ ધારા પાછળ પડયું હોય તો કોંગ્રેસી રજવાડાની, આજ સુધીની રીત રસમ જોતાં એ કંઈ આશ્ચર્યકારક નહિં ગણાય!

ભારતીય સંસ્કૃતિ અને તેની પ્રાચીન પરંપરાયુક્ત વ્યવસ્થાના વિનાશનો આ ધજાગરો જો ખોડાઇ જશે તો ભારતની કોટિ કોટિ હિન્દુ જનતાની રહીસહી શકિત હંમેશ માટે પાતાળમાં ચંપાઈ જશે. અને આવતીકાલે આજનું ભંગાર કોંગ્રેસી તંત્ર જનતા પર કયા પ્રકારની રૂપાળી જુલ્મ જહાંગીરી બિછાવશે તે કલ્પવું જરાયે કઠિન નથી.


# શ્રમણ સંઘ તથા લાયબ્રેરીને ખાસ લાભ

## ફાગણ શુ. ૧૫ સુધીમાં મંગાવનારને ૨૫ ટકા કમીશનથી નીચેના પુસ્તકો મળશે.

**૧ અષ્ટાનિકા વ્યાખ્યાનઃ-** [ગુજરાતી] પર્યુષણપર્વના પ્રથમ ત્રણ દિવસના વ્યાખ્યાનો પ્રતાકારે કિંમત. રૂ. ૨-૮-૦

**શાંતિ સ્નાત્રાદિ વિધિ સમુચ્ચયઃ—** શાન્તિ સ્નાત્ર, અસ્ટોતરી સ્નાત્ર અને સિદ્ધચક્ર યંગોદ્ધાર મહાપૂજનની વીધીઓનો સંગ્રહ પ્રતાકારે કિંમત. રૂ. ૫-૦-૦

**સપ્તસંધાન મહાકાવ્યમ્** કર્તા મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણી. સરણી ટીકા સહિત. એક એક શ્લોકમાંથી સાત સાત અર્થ દર્શાવનારો આ ગ્રંથ સંસ્કૃત સાહિત્યમાં સર્વશ્રેષ્ઠ છે. પૃષ્ટ. ૪૭૫ કિં. રૂ. ૪-૦-૦

**શ્રી સિદ્ધ હેમચન્દ્ર શબ્દાનુશાસન** ભા. ૧-લો હેમ વ્યાકરણના પ્રત્યેક સૂત્રો ઉપર એકે એક શ્લોકવાળો અભ્યાસ ઉપયોગી આ ગ્રંથ તદ્દન નવોજ સુંદર કાગળ અને છપાઇવાળો પ્રગટ થયો છે. પૃષ્ઠ ૨૩૨ કિ. રૂ. ૫-૦-૦

**ઇન્દુ-દૂતમ્.** (કાવ્ય ગ્રંથ) કર્તા શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી ગણી રચીત ટીકા સાથેઃ મેઘદૂતની સરખામણીમાં મુકી શકાય તેવો અભ્યાસ ઉપયોગી રસમય આ ગ્રંથ શરૂઆતમાં ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત ભાવાર્થ સાથે. પૃષ્ઠ ૨૧૦ કિંમત રૂા. ૨-૦-૦

**સ્યાદ્વાદ કાલ્પલતાવતારીકા**-શ્રી હરીભદ્રસૂરિ વિરચિત શાસ્ત્ર વાર્તા સમુચ્ચય ઉપર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત સ્યાદ્વાદ કાલ્પલતા ટીકાને સમજાવનારો ગ્રંથ વિદ્વતાથી ભરેલો છે. પૃષ્ઠ ૩૨૦, કિંમત રૂા. ૫-૦-૦.

**સાહિત્ય શિક્ષા મંજરી**-નવા શ્લોકો બનાવવાની પદ્ધતિ શીખવનારો, છંદોના લક્ષણો, નવરસ, વિગેરે સાહિત્યના અભ્યાસને ઉપયોગી વિષયોથી ભરપુર. પૃષ્ઠ ૧૨૪, કિંમત રૂા. ૧-૮-૦.

**શ્રી જંબુસ્વામી ચરિત્ર**-પ્રાકૃત-પ્રતાકારે સરળ પ્રાકૃત ભાષામાં જંબુસ્વામીના જીવન ચરિત્રનો વ્યાખ્યાન, ઉપયોગી પ્રાચીન ગ્રંથ. પૃષ્ઠ ૬૪, કિંમત રૂા. ૧-૪-૦.

મળવાનુ ઠેકાણું

**માસ્તર ચંદુલાલ ઉમેચંદ**

**પાંજરાપોળ : અમદાવાદ**

# ભગવાન જેને વહાલા હોય તેને

શ્રી મફતલાલ સંઘવી

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભક્તિ પણ વહાલી હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભક્તિ કરનારા આત્માઓ પણ વહાલા હોય.

ભગવાન જેને વહાલા હોય તેને ભગવાનની ભક્તિ કરવાના જેટલા મળે તેટલા ધન્ય અવસર ઓછા જ લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભકિત કરવાનું ક્ષેત્ર, પોતાના દેહથી પણ અધિક વહાલું લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભક્તિમાં કિંમતીમાં કિંમતી દ્રવ્યો ખર્ચવાનો ઉમળકો આવ્યા સિવાય રહે નહિ.

ભગવાન જેને વહાલા હોય, તેના જીવન ઉપર સઘળી હકુમત ભગવાનની આજ્ઞાનીજ ચાલે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાને સ્વમુખે પ્રકાશેલું કરવાની જ તાલાવેલી લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની યાદ દેવડાવનારા સાધુ ભગવંતો પ્રત્યે પરમ-પૂજ્ય ભાવ હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની અમૃતોપમ દેશનાને સંગ્રહનારા આગમો પ્રત્યે પણ પરમપૂજ્ય ભાવ હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભકિતમાં જોડનારાં અનુષ્ઠાનો પણ વહાલાં લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભક્તિમાં ખપ લાગતાં ઉપકરણો પણ વહાલાં લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાને પ્રવર્તાવેલા શાસનમાં રહેતા સર્વ જીવો વહાલા હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભકિતથી દૂર રહેતા આત્માઓ પ્રત્યે તુચ્છ ભાવ નહિ, પણ કરુણાભાવ હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને પોતાનાં મનાતાં વહાલા જનોને ભગવાનની ભકિતમાં જોડયા સિવાય ચેન ન પડે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની પરમ કરુણાને પાત્ર માર્ગાનુસારી અને અમાર્ગાનુસારી સર્વ આત્માઓ પ્રત્યે સરખું વહાલ હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને ત્રણુ લોકના સર્વ જીવોના જીવનમાં ભગવાનની ભકિતનો પ્રકાશ ફેલાવવા સિવાય બીજી કોઇ તમન્ના ન હોય,

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભકિતના અંશરૂપ ગુણનું જ્યાં જ્યાં દર્શન થાય, ત્યાં ત્યાં પ્રણામ કરવાનો નમ્રભાવ આવ્યા સિવાય રહે નહી.

ભગવાન જેને વહાલા હોય, તેને પોતાનું કશું હોય નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને પરાયું કોઇ લાગે નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને અપૂર્ણતા વહાલી લાગે નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને અપૂર્ણતાને ઉછેરનારા ભવમાં પ્રીતિ હોય નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભકિતની સર્વોત્તમ યોગ્યતાઓવાળા સાધુજીવનના અનુપમ કોડ હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને અહિંસા વહાલી હોય, સત્ય વહાલું હોય, સંયમ વહાલો હોય, અચૌર્ય વહાલું હોય, અપરિગ્રહ વહાલો હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની

ભક્તિમાં ઉત્તરોત્તર ઘનિષ્ઠતા આણનારા નીતિ, સદાચાર અને અધ્યાત્મના ભગવાને ભાખેલા સર્વ નિયમો વહાલા હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને અનીતિ અળખામણી લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેને અનીતિનું દ્રવ્ય હાથમાં લેતી વખતે સાપના બચ્ચાને હાથમાં લેતાં જે ભય થાય, તેનાથી અધિક ભય લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેના મનમાં ભગવાનની આજ્ઞાવિરુદ્ધનો કોઇ વિચાર ન હોય.

ભગવાન જેને વહાલા હોય, તેની વાણીમાં દંભ ન હોય, કઠોરતા ન હોય, છીછરાપણું ન હોય.

ભગવાન જેને વહાલા હોય, તેનું વર્તન પણ વહાલભર્યું હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને પક્ષાપક્ષી કડવી ઝેર જેવી લાગે.

ભગવાન જેને વહાલા હોય, તે પરનિંદાના પાતાળમાં ઉતરે નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને આત્મ-સ્તુતિનો મહામોહ હોય નહીં.

ભગવાન જેને વહાલા હોય, તે પોતાના આંગણે સત્કાર્યની પરબ માંડે.

ભગવાન જેને વહાલા હોય, તે દાનની સરિતા વહાવે.

ભગવાન જેને વહાલા હોય, તેના હાડ-માંસ અને ત્વચામાં પણ શીલની સુવાસ હોય.

ભગવાન જેને વહાલા હોય, તેનું સુંદર અને સ્વાદિષ્ટ ભોજન તપ હોય.

ભગવાન જેને વહાલા હોય, તેની ભાવના પણ ભગવાન બનવાની હોય.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભક્તિમાં અપૂર્વ વેગ આણનારા નિયમોના પાલનની ખાસ ચીવટ હોય.

ભગવાન જેને વહાલા હોય, તે જ્યાં જાય ત્યાં આગળ ભગવાનની આજ્ઞાને રાખે; પાછળ પોતે રહે.

ભગવાન જેને વહાલા હોય, તેને જયણા જીવ જેવી વહાલી લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેનો કોઈ રોમ; પ્રમાદને ભાડે મળે નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને સામાયિક સિવાય ચાલે જ નહીં.

ભગવાન જેને વહાલા હોય, તે ક્રોધ, માન માયા અને લોભની આજ્ઞા તળે રહે નહીં.

ભગવાન જેને વહાલા હોય, તે સંસારના ફટકીઆ રંગમાં રંગાય નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની સાથે ને સાથે રાખનારા શ્રી નવકારના સાથ સિવાય શ્વાસ લેતાં પણ દુઃખ થાય.

ભગવાન જેને વહાલા હોય, તેની નાની કે મોટી કોઈ પ્રવૃત્તિ ભગવાનની આજ્ઞાને કલંક ચોંટે તેવી હોય નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભક્તિ સિવાય નાની વાતોમાં રસ હોય નહીં.

ભગવાન જેને વહાલા હોય, તેને રાત-દિવસના ચોવીસ કલાકમાંથી જેટલા કલાક ભગવાનની ભક્તિ વગરના જાય, તેનું અપાર દુઃખ થાય.

ભગવાન જેને વહાલા હોય, તે ખાતાં-પીતાં ઉઠતાં-બેસતાં, નોકરી-ધંધો કરતાં, મુસાફરીમાં અને મહેફીલમાં, સર્વ જીવોને તારવાની ભગવાનની મહાસત્વવંતી ભાવનાને આંચ ન આવે તેવી રીતે વર્તે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાનની ભક્તિના ભોગે મળતું ઇન્દ્રાસન શૂળી સરખું ભયંકર લાગે.

ભગવાન જેને વહાલા હોય, તેને ભગવાન

# મનન અને ચિંતન

સં. ડૉકટર શ્રી
વલ્લભદાસ નેણશીભાઈ મોરબી

## મનને સ્થિર કરવાના ઉપાય

સંસારમાં રહીને નાના પ્રકારના વ્યવહારમાં ગુંથાયાથી શરૂઆતમાં મનને સ્થિર કરતાં બહુ મુશ્કેલી પડે છે. નાના છોડવાની આસપાસ વાડ ન કરીયે તો બકરી ચરી જાય, માટે શરૂઆતમાં વાડ કરવી જોઈએ. ઝાડ મોટું થયા પછી તેને વાડની જરૂર રહેતી નથી. પછી તેની સાથે હાથીને બાંધીયે તોપણ તેને કાંઈ ઇજા થતી નથી.

સંસારાસક્ત જીવને એક પ્રકારનો મહારોગ છે. તે પ્રભુને વિસરી ગયો છે. કનક, કામિનીની મોહજાળમાં બંધાયો છે. તાવ બીમારીવાળા રોગીને ઓરડામાં પાણીનો ઘડો, અને અથાણું રાખ્યું હોય તો કાંઈ બાકી રહે! અથાણું ખાવાની પ્રબળ ઇચ્છાને વશ થઇ તે જરૂર અથાણું ખાય છે અને પછી તરસ લાગવાથી પાણી પીએ છે, હવે એને કદી આરામ થાય ખરો? જો એને સાજો કરવો હોય તો તેને બીજા ઓરડામાં સુવાડવો જોઇએ. સંસારબદ્ધ જીવની એવીજ અવસ્થા છે. વિષય એ પાણીનો ઘડો છે અને તૃષ્ણા એ તરસ છે. જેમ અથાણું સાંભળતાં મોંમાંથી પાણી છુટે છે તેમ સ્ત્રી આદિ વસ્તુઓ ઉપર નજર જતાં મોહવશ જીવના મનમાં વિકાર ઉત્પન્ન થાય છે માટે તેને એકાંતરૂપી અનુપાનની બહુ જરૂર છે.

વિવેક અને વૈરાગ્યની પ્રાપ્તિ કરીને પછી સંસારમાં તેને હરકત નથી. સંસારસમુદ્રમાં કામ, ક્રોધ વિગેરે મગર રહે છે પણ શરીરે હળદર ચોળીને જળમાં પ્રવેશ કરવાથી મગરનો ભય રહેતો નથી. વિવેક, વૈરાગ્ય એ હળદર છે. સત્યાસત્ય વિચારનું નામ વિવેક છે.

મન જ મુક્ત થાય છે અને મન જ બંધાયલું છે. મન જે રંગમાં રંગાય તે રંગમાં તમે રંગાયા કહેવાઓ. ધોબીયે-ધોયેલા ધોળા કપડા જેવું મન છે. લાલ રંગમાં બોળો એટલે લાલ થશે. ભુરા રંગમાં બોળશો તો ભુરૂં દેખાશે. જે રંગે રંગશો તેવું દેખાશે.

મનને લીધે જ બધું છે. એક બાજુએ સ્ત્રી અને એક તરફ છોકરાં છે. મન એક છે, તોપણ સ્ત્રી તરફ આપણો એક પ્રકારનો ભાવ રહે છે, અને છોકરાંઓ તરફ બીજા જ પ્રકારનો ભાવ રહે છે. મનથી જ બંધન અને મનથીજ મુક્તિ છે.

પ્રભુનું નામસ્મરણ કરવાથી મનુષ્યના દેહ અને મન શુદ્ધ થાય છે.

ફણસ કાપવું હોય તો પ્રથમ હાથ તેલવાળા કરીને કાપવું. નહીંતો તેનો ચીકણો રસ હાથને ચોંટી જાય છે. તેવી જ રીતે પ્રભુપ્રેમરૂપી તેલ હાથે ચોપડ્યા પછી જ સંસારના કાર્યમાં હાથ નાંખવો. એ પ્રેમ અને ભક્તિ મેળવવા માટે એકાંતવાસની જરૂર છે.

માખણ બનાવવું હોય તો પ્રથમ દૂધનું દહીં કરવા સારૂ તેને એકાંતમાં સ્થિર મુકી રાખવું જોઇએ. હલાવ હલાવ કરીયે તો દહીં કે માખણ કશું પણ ના બને, દહીં થયા પછી જ તેને એકાંતમાં ખૂબ વલોવવું જોઇએ. તો જ માખણ થાય. તેવી જ રીતે મન વડે એકાંતમાં ઇશ્વરનું કે તેના પ્રરૂપેલા તત્ત્વનું ચિંતન કર્યાથી જ્ઞાન, વૈરાગ્ય અને ભકિત મળે છે પણ એ મનને સંસારમાં રાખી મુકવાથી તે નીચ અને મલિન બની જાય છે. સંસારમાં તો માત્ર જેટલી જ ભગવાનની આજ્ઞા વહાલી હોય.

ભગવાન આપણને કેટલા વહાલા છે? તેનો તારીજો, ભગવાનની આજ્ઞાથી અવિરુદ્ધ પ્રકારનાં ઉપરનાં વાકયોમાં આજે આપણે કેટલા અંશે બંધબેસતા થઇ રહ્યા છીએ, તેનો પાકો હિસાબ કાઢવાથી ચોક્કસ આવી જશે.

કામિની અને કાંચનનું જ ચિંતન થાય છે. સંસાર એ જળ બરાબર છે, અને મન એ દૂધ બરાબર છે. જો દૂધને જળમાં ભેળવી દઈએ તો દૂધ અને જળ સેળભેળ થઇ એકરૂપ બની જશે પછી તે પાણીમાંથી છુટું પડી શકશે નહીં. પણ દૂધનું દહીં બનાવી તેમાંથી માખણ કાઢી તેને જળમાં રાખવું હોય તો તેને કશી હરકત થશે નહી. તેવી જ રીતે પ્રથમ એકાંતમાં સાધના, પ્રાર્થના અને જાપક રીને જ્ઞાન–ભકિત-રૂપી માખણ મેળવવું જોઇએ. પછી તે માખણને સંસારરૂપી જળમાં રાખીશું તોપણ તે જળ સાથે મળી ન જતાં ઉપર જ તર્યાં કરશે.

લક્ષમાં રાખો કે, આ મનના વિવિધ પ્રકારના તૃષ્ણાજન્ય મનોરથોની પૂર્તિ હજારો કે લાખો વર્ષમાં પણ થઇ શકતી નથી. મનોરથોથી કેવળ જીવનનો ક્ષય થાય છે, અને અંતઃકરણ દુષિત થાય છે, તે મનોરથોમાંથી કદાચ સૌભાગ્યવશાત્ એકાદની પ્રાપ્તિ થઇ ગઇ તો તેની જગ્યાએ બીજા અનેક મનોરથોની ઉત્પત્તિ થઈ જાય છે. જેના મનમાં મનોરથોની આસક્તિ છે તે કદિ પણ આત્મતત્ત્વના અખંડ ચિંતનમાં લાગી શકતો નથી. તેથી પરમાર્થથી ભ્રષ્ટ કરનાર મનોરથોનો ત્યાગ કરી આત્મચિંતન કરનાર જ બુદ્ધિમાન મનુષ્ય છે.

પોતાના દોષોને ઓળખો, તેઓના તરફ તિરસ્કાર અને ધૃણાની નજરથી જુઓ, તેને દૂર કરવા પ્રબળ પુરુષાર્થ કરો. લોકોની સામે બાહ્ય આડંબરથી સારો દેખાવ કરી અંદરથી ખરાબ ન બની રહો, પોતાના દોષો સંતાડીને બીજાના દોષોને તિરસ્કારભાવથી ન જુઓ; જોઈ ને પણ સહન કરો, એકદમ પ્રગટ ન કરો. બીજાના ઉપર ધૃણા, દ્વષ અગર ક્રોધ ન કરો. બીજાનું બૂરૂં પણ ન ઇચ્છો. જેના દોષો જુઓ છો તેની કાંઈ હાનિ થતી નથી પણ આપણું જ વિશેષ હાનિ થાય છે. કારણ કે આપણું ચિત્ત બીજાના દોષોનું અનુસંધાન કરે છે. સંભવ છે કે આપણું મન પણ તેવું જ થઈ જાય 'જેવો સંગ તેવો રંગ' એ પ્રસિદ્ધ છે. માટે દુર્ગુણી અને દુર્ગુણોની સદા ઉપેક્ષા કરો. દુર્ગન્ધી તરફ જોવાથી દુર્ગન્ધીની લપટ આવે છે. બની શકે તો બીજાના ગુણોને જુઓ, ગુણોની સાથેનો ચિત્તનો સંબંધ હિતકારક થાય છે. પોતાના દોષોની નિવૃતિ થાય છે. સુગંધ તરફ જોવાથી સુગંધી જ પ્રાપ્ત થાય છે, જેથી ચિત્ત પ્રસન્ન અને નિર્મળ થાય છે.

**તૃષ્ણા**:–જીવનમાં બે સ્થિતિ દુઃખદાયક છે. પ્રથમ તો નવી નવી ઇચ્છાઓનું ઉત્પન્ન થવું, અને બીજું એ ઇચ્છાઓ પૂર્ણ ન થાય તે મનુષ્યો પ્રાયે એવી એવી વસ્તુઓની કામના કરે છે કે જે પૂર્ણ થઇ શકતી નથી. પરિણામે તેઓ દુઃખી થાય છે.

તૃષ્ણાને છોડવાથીજ સ્થાયી આનંદ મળી શકે છે. તૃષ્ણા એક પ્રકારનો રોગ છે. હું આ મેળવી લઉં, ઉંચી પદવી મળે, મારી મહત્તા વધે, લોકો મારી આજ્ઞાનું પાલન કરે, દુનિયામાં મારી પ્રશંસા થતી રહે, ધન, મોટાઈ, ઐશ્વર્યની વસ્તુઓ, ભોગ–વિલાસની સામગ્રી, મહેલ–મકાન આદિ પ્રાપ્ત કરવાની આદિ અસંખ્ય તૃષ્ણાઓ મનમાં ભરી પડી હોય છે. આ બધી તૃષ્ણાઓ મનુષ્ય માત્રને અશાંત અને અતૃપ્ત રાખે છે. તૃષ્ણા મનુષ્યની આખર અવસ્થા સુધી માનવીને પરેશાન કરી મૂકે છે. છતાં તે અપૂર્ણજ રહે છે. તેમાં ક્ષણિક સુખનો ભાસ થાય છે. ખરી રીતે તો સંતોષમાં જ સર્વોત્તમ સુખ રહેલું છે. સુખ અને સંતોષ બહારની નાની નાની વસ્તુઓમાં નથી. પણ આત્માના દિવ્ય ગુણોને વિકસિત કરવાથીજ મળી શકે છે.

**મદઃ**–ક્રોડપતિઓ જ્યારે દીવાળું કાઢવાની સ્થિતિમાં મુકાઇ જાય છે, રૂપવંતી સ્ત્રીઓને જ્યારે અંગે અંગમાં કુષ્ટ રોગ ઉત્પન્ન થાય છે, અધિકારીઓને જ્યારે નોકરીમાંથી રૂખસદ મળે છે, પહેલવાન જ્યારે ચારપાઈ પકડે છે, વિદ્વાનને જયારે ભીખ માગવાનો વખત આવે છે,

ઇન્દ્રિયો જ્યારે બેકાબુ બની જાય છે, ઐશ્વર્ય જ્યારે ક્ષીણુ થઇ જાય છે, ઉંચો હોદ્દો જ્યારે છીનવાઇ જાય છે. ત્યારે લોકોનો મદ કંઇક અંશે નરમ પડે છે, છતાં તે પોતાની કાંઈક ને કાંઇક ગંધ તો રાખીજ જાય છે.

**પ્રેમ**–પોતાનાથી હલકા તરફના પ્રેમનું નામ દયા. પોતાનાથી સરખા સાથેના પ્રેમનું નામ સ્નેહ. પોતાના કરતા શ્રેષ્ઠ ઉપરના પ્રેમનું નામ ભકિત કહેવાય છે.

હૃદયનો સ્વભાવ આ રીતે પ્રીતિ, સ્નેહ, દયા અને ભકિત વગેરે ભાવનાઓ ખીલવવાનો છે. મગજનો સ્વભાવ જ્ઞાનથી અને હૃદયનો સ્વભાવ લાગણીઓથી જગત સાથે સંબંધ બાંધવાનો છે.

સત્યાજ્ઞનની પ્રાપ્તિ અને લાગણીઓની યોગ્ય ખીલવણી એ મનુષ્યોનો જ અધિકાર છે. જેણે પ્રેમ કરી જાણ્યો છે તેજ સ્વર્ગ મેળવી શકે છે.

### સ્વર્ગ, નરકાદિકનો આ લોકમાં તાત્વિક અર્થઃ-

સત્વગુણનો ઉદય થવો એટલે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર બુધ્ધિ થવી તેજ સ્વર્ગ. તમોગુણની વૃદ્ધિ થવી એજ નરક.

સદ્‌ગુરુ કે જે મારૂં એટલે આત્માનું જ સ્વરૂપ છે તેને જ સાચો બંધુ સમજવો.

ઘર એ ઘર નહીં પણ આત્મા એજ ઘર છે એમ સમજવું.

પૈસાવાળો ધનવાન નહીં, પણ ગુણવાનને જ સાચો ધનવાન સમજવો.

નિર્ધન હોય તે દરિદ્રી નહીં, પણ અસંતોષીને જ દારિદ્રી સમજવો.

જે રાંક હોય તે કંગાલ નહીં પણ અજિતેંદ્રિય હોય તે જ કંગાલ.

રાજાદિક સ્વતંત્ર નહીં, પણ જેની બુદ્ધિ વિષયોમાં આસકત ન હોય તેજ સ્વતંત્ર છે.

### શમ-દમ આદિના તાત્વિક અર્થ.

કેવળ બહારથી શાંતિ રાખવી એ શમ નહીં પણ બુદ્ધિની હંમેશને માટે આત્મામાં નિષ્ઠા રહે એજ ખરો શમ.

ઇંદ્રિયોની બલવત્તા અને વૃત્તિઓનું ઉત્થાન થતાં તેજ તત્કાળ આત્મામાં દાબી દેવું તે દમ.

પૂર્વોપાર્જિત અશુભોદયથી પ્રાપ્ત થયેલા દુઃખને આનંદ વડે સહન કરવું એ તિતિક્ષા.

જિહ્વા તથા કર્મેંદ્રિયના વેગને રોકવો તે સાચી ધૃતિ–યાને ધીરજ.

સર્વ પ્રાણીમાત્રનો દ્રોહ છોડી દેવો તે દાન.

ભોગોમાં ઉપેક્ષાવૃત્તિ તેજ તપ.

વાસનાઓને રોકવી તેજ ખરૂં શૌર્ય.

### સૂક્ષ્મ શરીર અને સ્થુલ શરીર

વીજળીના બત્તીમાં જેમ તેના અંદર રહેલા તાર વીજળીના પ્રકાશને ગ્રહણુ કરે છે અને બહારના ગોળાને પ્રકાશિત કરે છે તે મુજબ મન આત્માના પ્રકાશને ગ્રહણુ કરી સ્વયં પોતે જ પ્રકાશમાન બની પ્રાણુ અને ઇંદ્રિયો દ્વારા સ્થૂલ શરીરને પ્રકાશમાન કરે છે. કોઇ કારણુથી એ તાર ખરાબ થઇ જાય તો વિજળીનો પ્રકાશ બહારના ગોળામાં આવી શકતો નથી. કારણુ કે તેનામાં વીજળીના પ્રકાશને ગ્રહણુ કરવાનું સામર્થ્ય નથી. એ પ્રમાણે સૂક્ષ્મ શરીર જ્યારે સ્થૂલ શરીરને છોડીને ચાલી જાય છે, ત્યારે તેમાં આત્માનો પ્રકાશ દેખાતો નથી, કારણુ કે સ્થૂલ શરીરમાં પ્રકાશને ગ્રહણુ કરવાની શકિત નથી.

**સત્કર્મ** : બને તેટલાં સત્કર્મ કરો. દુષ્કર્મોથી બચો. આપણાં કર્તવ્યનું સાચી નીતિથી પાલન કરો. જે પરિસ્થિતિ હોય તેમાં રહી સત્કર્મમાં મનને પરોવવું. સત્કર્મ એજ શ્રેષ્ઠ પૂજા છે. પરમાર્થ, સેવા, બીજાને માટે ત્યાગ વૃતિ અને નિઃસ્વાર્થ પ્રેમવ્યવહાર એને જ

# માનવજીવનનું ઘડતર

પ્રવચનકાર : પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
અવતરણકાર : શ્રી જયંતિલાલ એ. શાહ : અમદાવાદ

અમદાવાદ ખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ. પાદ આચાર્યદેવશ્રીનાં જાહેર પ્રવચનો પ્રેમાભાઈ હૉલમાં દર રવિવારે ચાલુ રહેતાં. જેનો જૈન-જૈનેતર વર્ગ સારી સંખ્યામાં લાભ લેતો હતો, તે પ્રવચનશ્રેણીનું તા. ૧૦-૭-૬૦ રવિવારનું પ્રવચન અવતરણકાર શ્રી જયંતિલાલ શાહે 'કલ્યાણ' માટે ખાસ અવતરણ કરીને અમારા પર મોકલેલ છે. હજારો જૈન-જૈનેતરોનું ધ્યાન જે પ્રવચનો તરફ આકર્ષાયેલ છે, તે પ્રવચનોનું અવતરણ 'કલ્યાણ'માં યથાશક્ય પ્રસિદ્ધ થતું રહેશે. પ્રસિદ્ધ થતા અવતરણમાં પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ જે કાંઇ પ્રગટ થયેલ હોય તે માટે અવતરણકાર ક્ષમા યાચે છે.

⊙

અનંત ઉપકારી મહાપુરુષો ફરમાવે છે તેમ, આ માનવજીવનના ઘડતરનું લક્ષ તેજ આત્માને જાગે કે જે આ માનવજીવનના હેતુને, પોતાના અંતઃકરણમાં નિશ્ચિત કરે. જે હેતુએ માનવ જન્મને અનંત જ્ઞાનીએ કીંમતી માન્યો તે હેતુ આપણા અંતઃકરણમાં ન બેસે તો ઘણાનાં વર્તમાન જીવનની માફક આપણું પણ જીવન વેડફાઇ જાય.

સમય-સામગ્રીના અભાવે માનવજીવનનું કાર્ય પુરું ન કરી શકીએ, પણ જો બરોબર ધ્યાનપૂર્વક ઘડીને સુંદર બનાવીએ, તો આ માનવજન્મ જે અનંતજ્ઞાનીએ દુર્લભ કહ્યો છે, તે સુલભ બની જાય! જો આ જીવનને ઉત્તમ કિંમતી માનતા હોઇએ, તો દુન્યવી નાશવંત, તુચ્છ વસ્તુ માટે આ કિંમતી જીવન વેડફી નાંખવું એ વ્યાજબી ગણાય?

આત્મવાદી ધર્મશાસનો ત્યાગના આદર્શોને મહત્ત્વ આપે છે.

આજ-કાલ શું જોઇએ તેનો આપણો નિર્ણય હોતો નથી. સંયોગ પ્રમાણે જરૂરીઆતો વધે છે, તે મેળવવા શું શું કરીએ છીએ તેનો કાંઈ નિયમ ખરો?

જેને આ માનવજીવનનું કાર્ય ઉત્તમ લાગ્યું છે, તે દુન્યવી ચીજનો સંગ રાખવા

---

આપણું દ્રષ્ટિકોણ બનાવી લેવું. તેનાથી જીવન સુખ-શાંતિમય બને છે. વિશ્વપ્રેમ એજ સાચો પ્રેમ છે.

**જડ સંયોગ :** દુનિયામાં દેખાય છે કે પત્ની કે પુત્ર, જો કહ્યામાં નહી, કબજામાં નહીં, કાયમી નહીં, ઈચ્છીએ એવા નહીં, બલ્કે ઈચ્છવા કરતાં ઘણાં અધુરાં તો પણ એ કેટલો તાપ આપે છે? ચિત્તને સંતાપ્યા કરે છે? બસ એવો આ જડ સંયોગ છે. આધિ, વ્યાધિ, ઉપાધિ એ જડ વિષયોના માર્ગે વહેરનારા છે એટલે એ પણ શાંતિ-સ્વચ્છતા કે ઠંડક ક્યાંથી આપે?

જ્યારે સમ્યગ્દર્શન વગેરે આત્માના માર્ગે વહેનારા છે ને જડની ફસામણમાંથી આત્માને છોડાવતા આવે છે એટલે સહજ રીતે એ જડગામી આધિ-વ્યાધિ અને ઉપાધિના ત્રાસ-તાપમાંથી મુક્ત કરી શકે છે.

ઇચ્છતો નથી. આવા પ્રસંગો આત્મવાદી ધર્મ-શાસનમાં સ્થાને સ્થાને પડયા છે.

ઋષિ, મહર્ષિ, યોગી, ત્યાગી, જેને જેને કહેવામાં આવ્યા તેઓ સંગના જાળાથી છૂટા પડેલા હોય છે, અગર સંગના જાળામાંથી છૂટવાની ઇચ્છાવાળા હોય છે, તેઓને સંગ ભયંકર લાગ્યા વિના રહેતો નથી. આમાં જીવની યોગ્યતા જોઇએ.

યાજ્ઞવલ્ક એ સંગવાળો આદમી હતો, તેને સંગ છોડવાની ઇચ્છા હતી, તેને બે સ્ત્રીઓ હતી.

જે કોઇ વિચારશીલ બને તેને સંગ ભૂંડો લાગ્યા વિના ન રહે. અને તેનામાં ત્યાગની ભાવના હોય, અને સમર્થ હોય તો સંગને સર્વથા છોડયા વિના રહે?

યાજ્ઞવલ્કે પોતાની પાસેની ચીજો બંન્ને સ્ત્રીઓને વ્હેંચી આપવાની વાત કરી અને વેંચી દેવા માંડયું. બે સ્ત્રીમાંથી એક સ્ત્રી ખુશી થઇ.

સંગનો અર્થી જે હોય, તેને જે જે વસ્તુનો સંગ કરવાની ઇચ્છા હોય, અને તે તે વસ્તુ સહજ રીતે મલી જાય તો આનંદ આવી જાય અને માને કે 'કુદરતની, ભગવાનની મારા ઉપર મહેરબાની છે.'

જે સ્ત્રી ખુશી થઇ હતી. તે સંગની ઇચ્છાવાળી હતી-તેથી તે સંગનો સ્વીકાર કરે છે.

યાજ્ઞવલ્ક બીજીને ચીજો આપવા ગયા ત્યારે, બીજી સ્ત્રીને આત્મભાવ જાગૃત થયો હોવાથી તે યાજ્ઞવલ્કને કહે છે કે "આ સંગથી હું શું કરૂં? જે દ્વારા મારે કદી ન મરવું પડે તેવું કરવું છે, તે ન થાય તેવાં આ સંગથી મારે શું કરવું છે? મારે તેની જરૂર નથી."

આર્યો આત્મવાદી છે. આર્યોને નવા ખોખા-જન્મો કરવા પડે તે તેને પાલવે નહિ.

યાજ્ઞવલ્ક કહે કે, 'સારૂં!'

આમ તેઓ બંન્ને સંગથી અલગા બની ચાલ્યા ગયા.

સંગને મેળવ્યા પછી શું સિદ્ધ થઈ જવાનું છે?

એક દિવસ મુકીને જવાનું!

બરાબર, પણ શરીરનો ઉન્માદ સંગ દ્વારા કર્યો હોય તેનું શું? તેના ફળો-દુઃખો પરભવમાં ભોગવવાંજ પડે છે. આંખ સામે ઉત્તમ આદર્શ હોય તો માનવજીવન સારી રીતે સધાય.

જીવન સુધારવા જીવનને કંટ્રોલમાં લાવવું પડશે, જો સંગથી છુટાય તો તો સારૂં, પણ સંગથી છૂટાય તેમ ન હોય તો, સંગ છોડવાની ભાવના હોવી જોઈએ.

દુનિયાના સંગો માટે તમે દોડધામ કરો છો, પુણ્ય છે નહિ, અને તમારે સારા બનવું છે-તે બનાશે? રહેલું કામ છે? સારા થવાનો અભ્યાસ ચાલુ છે ને?

દુનિયાના સંગો તમને આકર્ષિત કરે છે તે વાત સાચી છે ને? તમને દુનિયાની ચીજ આકર્ષિત કરે તે વખતે તમે તમારી દૃષ્ટિ પાછી ખેંચો છો? ના! પણ તમારી દૃષ્ટિ સ્થિર થાય છે, મેળવવાનું મન થાય છે. મેળવવા મથામણ થાય છે, પુણ્ય પુરૂં હોય નહિ અને તમારે મેળવવું છે, અને સારા રહેવું છે. આ કેવી રીતે બને?

ના મળે તો બળતરા થાય છે.

તો સારા રહેવાની ઇચ્છા નથી ને? સારા રહેવાનું મન તેને જ થાય કે "જે કોઇ ઉત્તમ પ્રકારના જીવો હોય તેના પ્રત્યે હૈયામાં સારૂં બેઠું હોય."

જીવનને ઘડવા માટે પ્રથમ કાર્ય, જીવનમાં ન્યાય જોઇએ. કારણ કે જગતમાં કોઈ ન્યાયથી ઉલ્ટો જાય તે તમને પસંદ નથી.

તમારા પરિચયમાં આવનાર માટે તમે શું ઇચ્છો છો? તે તમારી સામે અન્યાય કરે ત્યારે

તે તમોને ભૂંડો લાગે છે, પણ તે બીજા સામે અન્યાય કરે તો તેની તમને પડી નથી એટલે નક્કી થયું કે ન્યાય તમોને પાલવતો નથી.

જે માણસ મિત્ર પાસે, ઘરમાં, સ્નેહીઓ પ્રત્યે વફાદાર નથી. અને તેની ઓળખ ચોરની હોય, તો તેના પરિચયમાં આવવાનું મન થાય?

તમને માલુમ પડે કે જે માણસ સાથે કામ પાડવું છે, તે માણસ તેના માલિક સાથે કે જે તેનો માલિક તેના પ્રત્યે વિશ્વાસ મૂકે તો તેની સામે પોતાનું અન્યાયી વર્તન કરવા હોશીયાર, કળાવાન છે, ચોરી કરવામાં, અસત્ય બોલ- તમે આવા માણસના પરિચયમાં રહો ?

સ. પોતાને લાભ થાય તો સોબત કરે.

કામ કરો તોય સાચવીને સંભાળીને કરોને? તેના કરતાં સારો માણસ મળે અને કામ થાય તો. પેલા સાથે કામ કરો ?

પ્ર. ના.

સાપ સાથે પણ કામ કરવું પડે પણ સાવચેતી કેટલી હોય ?

માનવ જીવનને સુંદર બનાવવા, ન્યાયના ગુણ વિના ચાલે તેમ નથી, તેમ દરેકનાં હૈયામાં ઠસી જવું જોઇએ.

મહાપુરુષોએ જાનવરને અણસમજુ, અને માનવને સમજદાર કહ્યા છે. તમે સમજુ છો કે અણસમજુ ?

આપણે બીજાની જાત માટે વિચાર કરીએ છીએ, પણ તેવો વિચાર આપણી જાત માટે કરવાનો છે. સંગ છોડવાની વાત તમોને ભારે પડી, કઠીન લાગી, કારણ કે આ વાત તમારાં અંતરમાં, તમારા ઘરમાં, તમારા શિક્ષણમાં નથી.

આત્મવાદી દેશમાં, આત્માનું સ્વતંત્રપણું માનનાર દેશમાં, સંગ છોડવાની ભાવના નથી ને ભૂંડું થઈ રહ્યું છે, ક્ષણિક ફાયદામાં તો અજ્ઞાની જ લલચાય !

આપણામાં સમજ તો જરૂર છે, પણ આપણે સંગના જાળામાં હોવાથી તે સમજનો ઉપયોગ કરતાં નથી.

આ દેશમાં આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, સાચવીને ચાલવું, કરીશું તેવું પામીશું, આવી વાતો હરરોજ ચાલતી, પરંતુ આજે તેને બદલે ઉલ્ટી હવા ચાલી રહી છે. હવા બગડી ગઇ છે, અહીં આવનારા સુધરી જાય, તો ઘણું કામ થઈ જાય.

સારૂં લાગે તે વાત આપણે આપણા સગા-સ્નેહી, મિત્રમંડળને કહ્યા વિના રહીએ ? આ વાતો આપણને ગમી જાય તો કામ થઈ જાયને ?

તમને જે ચીજ ગમી જાય તે ચીજ માટે તમે લોહીનું પાણી કરો તેમ છો, તમે સુખે ખાતા-પીતા નથી કાંઇ પણ પરિશ્રમથી થાકતા નથી, આવા તમારા ગુણો છે તે હું જાણું છું! તમને સંગત્યાગનો ગુણ સારો લાગી જાય તો તેના કાર્યમાં તમે જરૂર પડી શકો.

માનવજાતમાં અનીતિ, અન્યાય ન હોવા જોઈએ અનીતિ, અન્યાય કોને કહેવાય તે યાદ છેને ?

જે સર્વત્યાગને માર્ગે ન જાય, તેને જીવવા માટે ધન જોઈએ.

આ તમારા તરફનું બોલું છું, પણ ધન ન્યાયથી આવે તે કે અન્યાયથી આવે તે પણ ?

ધન જો અન્યાયથી લેવાતું હોય તો તમે ચોર, ડાકુથી કેમ ગભરાવ છો ? સાવચેતી કેમ રાખો છો ? જો ગમે તે રીતે ધન મેળવવું વ્યાજબી હોય, તો બીજા લઇ ન જાય તે માટે સાવચેતી કેમ રાખો છો ? લેવા આવનારને કહો છો કે લે, તાળું તોડ, અંદરથી લઇ જા તેમ કદિ કહ્યું ?

તમારે ધન જોઈએ તે વાત માની લઉં, જોઈએ તેમાં શંકા નથી. પણ ન્યાયથી જોઈએ કે અન્યાયથી? આ વાત તમારા જેવા બધા સમજદાર છો તેની સાથે થાય છે, બોલો! કોઈ કહી શકે કે અન્યાયથી મેળવાય?

જેનામાં ન્યાયથી ધન લેવાની અને અન્યાયથી ધન ન લેવાની ઈચ્છા થાય, તે સમજદાર આદમી છે.

મહાપુરુષો લખતાં જણાવે છે કે 'જગતમાં અનીતિ અસંભવિત છે.' આમ કેમ લખ્યું? તેઓ માનવજાતને સમજદાર માનતા હતા.

પ્ર. તે વાત સત્યયુગ માટેને?

ના દરેક યુગ માટે.

પ્ર. જગતને જોઈને લખેલું?

હા, જગતના માણસને સમજદાર જોઈને લખેલું.

જો તમે માનવ થઈને છતી સમજને વેચીને જાનવર જેવું વર્તન કરો, તો જાનવર-જાનવર જેવું વર્તન કરે તેમાં કાંઈ આશ્ચર્ય નહિ તેમ માનજો.

મહાપુરુષોની પૂજા આજના ઘોંઘાટવાળા યુગમાં ગઈ નથી, અને જ્યાં સુધી સમજદાર પુરુષ હશે ત્યાં સુધી પૂજા જવાની નથી.

આપણો આદર્શ ધનાદિના ત્યાગનો છે, ત્યાગી મહાપુરુષોના આદર્શના બળે તમે સુખેથી રહી શકો છો. તમને તે આદર્શ પાછળ જવાની ઇચ્છા છે, અને તમને એમ છે કે અમે અમારા કુટુંબ, આશ્રિતો, સગા સ્નેહી, સબંધોની જીંદગી બગાડીએ છીએ 'પણ' અહીં બેઠા છીએ માટે ધન વગર ચાલે નહિ અને ધન વગર ચાલતું હોય તો ચલાવી લઈએ' આવી તમારા હૈયાની મનોદશા છેને?

હવે તમારે ન ચાલે માટે જ ધન જોઈએને?

પ્ર. હા. બરોબર!

જેટલા વગર ના ચાલે તેટલું જ જોઈએને? જેટલું જરૂરી હોય તેટલું જ! અધિક નહિ, અધિક મલી જાય તો જુદી વાત, કબુલ છે?

પ્ર. જરૂર જેટલું મલી જાય તો પછી બેસી રહેવું?

જરૂર જેટલું મલી જાય તો કામ હું તમને આપીશ, મારી પાસે ઘણું કામ છે. કહો કોધન જોઈએ છે પણ અન્યાય, અનીતિથી નહિ. મહાપુરુષોએ અનીતિને અસંભવિત કહી તેની સફળતા અહિં થઇ જાય!

તમારા કપડા, ચ્હેરા જોઇને તમને કોઈ અન્યાયી, કે નીતિ વગરના કહે? તમે આવા સમજુ માણસો અન્યાય કરો તેમ હું તો ન માનું! તમે કહેતા હો કે 'ના સાહેબ, તમે તેવું માનતા નહિ, અમે તેવા નથી' તો જુદી વાત!

તમે સમજદાર માણસો અન્યાય કરો ખરા? તમે બધા સમજદાર અન્યાયી છો તેમ મારાથી બોલાય?

પરમ જ્ઞાનીઓએ માનવને ત્રણ પ્રકારમાં વહેંચ્યા છે. (૧) ઉત્તમ, (૨) મધ્યમ, (૩) અધમ. આ ત્રણેય જાતના માણસો અન્યાય ન કરે. અધમાધમ નામના ચોથી જાતના માણસને મહાપુરુષો પણ કાંઇ કહેતા નથી, તેવા માણસો અંગે બોલવાથી, શીખામણ દેવાથી, તેઓને લાભ થતો નથી, પરંતુ આવા અધમાધમ માણસો મહાપુરુષો પ્રત્યે પણ શત્રુતા રાખે છે.

(૧) **ઉત્તમ** : ઉત્તમ માનવ, સ્વભાવથી જ ઉત્તમ હોય છે. ચંદનને સુંઘો, ઘસો, બાળો, તો ય સુગંધ જ આપે છે, તેમ ઉત્તમ માણસો માલિક, મિત્ર, સ્વજન, વિશ્વાસ મૂકનાર પ્રત્યે અન્યાય ન કરે, ચોરી, બેવચની ન કરે, બોલવું જુદું અને સમજાવવું જુદું, બતાવે કંઈ અને આપે કંઈ તેવું તે ન કરે.

માલિક, ઘરના, વિશ્વાસ મૂકનાર કે દુશ્મન પ્રત્યે, સંબંધી, સ્નેહી પ્રત્યે અન્યાય ન કરે.

ચોરી, અસત્ય, હૈયું જુદું અને બતાવવું જુદું તેવું ઉત્તમ પુરુષો કરતા નથી.

દુર્જન સજ્જનને ગમે તેટલો ખરાબ કહે તો પણ સજ્જન દુર્જન પ્રત્યે તો સજ્જનતા જ રાખે. તે સમજે છે કે 'બીજા કોઈ આપણું ભૂંડું ન કરી શકે, આપણું ભૂંડું આપણે જ કરીએ છીએ.'

સજ્જનો કોઈને દુશ્મન માનતા નથી, અને દુર્જનો ગમે તેવા સજ્જન પ્રત્યે ગમે તેમ કર્યા વિના રહેતો નથી.

આવા ઉત્તમ પુરૂષોમાં તમારો સમાવેશ છે કે નહિ? જો હોય, તો પછી આગળ એ કોટિના માનવની વાત કરવાની રહે જ નહિ! તમારો સ્વભાવ નથી કે તમો તમારા સ્વામી પ્રત્યે બેવફા નીવડો. એમ જ છે ને?

(૨) **મધ્યમ:** બીજા નંબરમાં મધ્યમ માનવ ગણાય છે કે જે અન્યાય ન કરે, મધ્યમ માણસ કોઈ પણ કામ કરતા તેના પરિણામનો વિચાર કરે છે. અને તેના પરિણામથી પરલોકનો વિચાર કરે છે.

તે વિચારે છે કે 'અન્યાયથી ધન, માલ-મીલ્કત, સત્તા, મલી જાય પણ તે પછી શું?' અને તે માને કે 'સારૂં કરીએ તો સારૂં થાય અને ખરાબ કરીએ તો ખરાબ થાય, અને તેના સારા કે ખરાબ ફળ આ લોકમાં ન આવે તો પરલોકમાં આવ્યા વિના ન રહે.'

મધ્યમ માનવ પરલોકનો સમજદાર હોય, જ્યારે ખોટું કામ કરવાનો પ્રસંગ આવે, ત્યારે તેને પરલોક યાદ આવે, અને તેના ફળ જોઈ તે અટકી જાય. તેને અન્યાય કરવાનો પ્રસંગ આવે, અન્યાય કરવા જાય, પણ તે અન્યાય કરતાં પહેલા તે પાછો વળી જ જાય.

આપણે કદાચ ઉત્તમમાં ન હોઈએ તો મધ્યમમાં તો છીએ, છીએ અને છીએ જ, એમજ છે ને?

તમે બધા મધ્યમ વર્ગમાં ખરા? મારા કાન ફૂટે તેવો 'હા' નો અવાજ આવવો જોઇએ, તમે બધા મૌન કેમ છો?

તમારે કોઇને આપી દેવાનું, દાન કરવાની, આ વાત નથી, પણ તમારે તમારું રાખવાની વાત છે. પછી શું વાંધો છે?

તમે અન્યાય કરો ત્યારે ડંખ લાગે ને?

**સભામાંથી** ડંખ લાગે છે, પણ ડંખ લાગીને જતો રહે છે, અને હતા તેવા થઈ જઇએ છીએ.

શા માટે ડંખ જવો જોઇએ? જગત કેવી રીતે ચાલી રહ્યું છે? ખરેખર આ જગતમાં રહેવા જેવું નથી, પણ તમે જાવ કયાં? માટે મધ્યમ માર્ગમાં રહેવા જેવું છે ને?

જ્યારે જ્યારે જેના તરફથી આપત્તિ આવે, અને પ્રતિકાર ન કરી શકો તો કહો છો ને કે 'આજે તમારા દહાડા છે, પણ અમને રીબાવો છો તેના કરતાં કંઈ ગુણ તમે રીબાવાના છે?' આટલું બોલ્યા વિના તમે શાંતિમાં રહી શકો તેમ નથી, આવી તમારી જાત છે ને?

(૩) **અધમ:** અધમ માનવની આંખ પરલોક સુધી પહોંચતી નથી, તેની આંખ આલોક સુધી છે. તમારી આંખ સામે પરલોક છે? ખાતા, પીતા, હરતા, ફરતા, આંખ સામે પરલોક છે? કોઈ પણ કામ કરતાં પરલોક યાદ ખરો? આ લોકમાં પણ તમે કઈ રીતે જીવવા માંગો છો? અધમ વર્ગના માનવીને કોઇ જુઠો, ચોટ્ટો, મિત્રદ્રોહી, સ્વામીદ્રોહી, સ્વજનદ્રોહી માને તે રીતે, તે હરવા ફરવા તૈયાર નથી હોતો.

તેને પરલોકનો ભય નથી પણ આ લોકનો ભય છે.

તમારી સામે કોઈ ચોકી રાખે, તમારી સામે ટીકી ટીકીને જોઈ રહે તે તમને ગમે? બોલો તમે ત્રીજા વર્ગમાં છો ?

ત્રીજા વર્ગની આવી કલ્પના રાખી મહાપુરૂષે અનીતિ અસંભવિત કહી છે.

આ ત્રણ વર્ગમાં તમારો સમાવેશ છે? તે તમે કહો. આથી ચોથો વર્ગ માનવ જેવી સમજદાર જાતમાં હોઈ શકે?

માનવ જાત માટે ચોથો વર્ગ કલ્પાય! જ્ઞાનીએ ના કલ્પ્યો. અને ન જ કલ્પાય.

જગતમાં ખરેખર ચોથો વર્ગ હોય અને તેમાં તમે ના હોવ ને? જગતમાં કદાચ ચોથો વર્ગ હોય તો તમારે કેવા થવું છે ?

મે તો તમને ત્રણ વર્ગમાંથી ગમે તે વર્ગમાં ઘાલી દીધા. પણ તમે કયા વર્ગના છો તે કહી શકશો?

ગુજરાતના મહારાજા શ્રી કુમારપાળ અઢાર દેશના માલિક હતા, એકવાર તેમને તેમના બનેવી સામે યુદ્ધમાં ઉતરવું પડયું બનેવી વિચારે છે કે 'કુમારપાળને બળથી ન જીતાય, કારણ કે તેનું તથા તેના સૈન્યનું બળ ઘણું છે.' મારાથી જીતાય તેમ નથી.

બનેવીએ વિચાર્યું કે, 'શું કરીએ તો જીતી શકાય?' તેને વિચાર આવ્યો કે પૈસા આપી કુમારપાળનાં સૈન્યને ફોડી નાંખવું જેથી તેની સેના લડે નહિ, અને પોતાની સેના લડે.'

બનેવીએ પૈસાની લાલચ બતાવીને કુમારપાળનાં સૈન્યને ફોડ નાંખ્યુ પણ કુમારપાળ આ હકીકતને જાણતા નહોતા.

માણસાઈ મૂકી અન્યાય માર્ગે જાય તે શું ન કરે? બનેવીએ કુમારપાળના મંત્રીમંડળ સુદ્ધાંને ફોડી નાંખ્યા.

આગળના કાળમાં યુદ્ધ સૈનિકો સૈનિકોનેજ થાય, પ્રજાને કાંઈ યુદ્ધ ચાલે તેમાં વેઠવાનું ન થાય, યુદ્ધ પણ ન્યાયથી થતાં, અને કોઈ આવા અનાડી હોય તો અન્યાયથી પણ થતા.

અહિં પહેલા દિવસે યુદ્ધમાં સવારે બન્નેના લશ્કરો સામસામા તૈયાર થયા. હુકમો છૂટયા પણ બનેવીના લશ્કરના હથીયારો ઉંચા થયા અને કુમારપાળના લશ્કરના હથીયારો ઉંચા ન થયા.

કુમારપાળને આશ્ચર્ય થયું કે, 'આમ કેમ?' કુમારપાળે હાથીના મહાવતને પુછયુ કે, 'આમ કેમ?'

માવત કહે કે, 'આપણું કોઇ નથી, બધા શત્રુના પક્ષના છે.'

આ વખતે કુમારપાળને શું થાય?

આંચકો આવે!

આંચકો લાવીને શું કરે?

કુમારપાળે મહાવતને પૂછયું કે તું કોનો છે?

મહાવત—હું તમારો છું.

મહાવત કહે કે 'સારૂં થયું કે આપ પટ્ટહસ્તિ ઉપર ન બેઠા કારણ કે પટ્ટહસ્તિ તથા માવત બન્ને ફુટેલા છે.

પ્ર૦ પટ્ટ હાથી કેમ અન્યાયી બન્યો?

મહાવત કહે તેમ ચાલવાનું માટે! શેઠ બેવફા હોય તો નોકર બેવફા હોય ને?

બનેવી વિચારે છે કે 'સામી સેના હથીયાર નહિ ઉઠાવે એટલે કુમારપાળ સત્વહીન બનશે, અને હું છાપો મારીને ફાવી જઇશ.'

કુમારપાળે હિંમત લાવી બનેવીના લશ્કર સામે હાથી ચલાવ્યો, આ જોઈ બનેવીને થયું કે મેં પૈસા ખવડાવ્યા છતાં લશ્કર ફરી ગયું કે શું?

જ્યારથી અન્યાયનું ધન આવ્યું ત્યારથી તમારો આહાર બગડયો. બુદ્ધિ બગડી છે, અને તમારા ઉપર વિશ્વાસ રાખવા ૧૦૦ ગરણા ગળવા

ઈએ, સારા કામ માટે પણ અમને તમારા પ્રત્યે શંકા થાય તેવું તમારૂં વર્તન છે.

કુમારપાળનો હાથી આવતો જોઈ, બનેવીએ સિંહનાદ કર્યો, તેથી કુમારપાળનો હાથી પાછો ફરવા લાગ્યો. કુમારપાળે મહાવતને કહ્યું કે, 'આમ કેમ?'

મહાવત કહે, 'સામેથી સિંહનાદ થાય છે.'

કુમારપાળ કહે, આ ખેસ લે અને બે ટુકડા કરી હાથીના કાનમાં નાંખી દે.'

સિંહનાદ સામે રક્ષણ મેળવી કુમારપાળે હાથી દોડાવી બનેવીની સેનામાં હાહાકાર મચાવી દીધો. અને બનેવીને પકડી નીચે પછાડયો બનેવી હારી ગયો.

કુમારપાળની જીત બન્ને વર્ગે સ્વીકારી.

કુમારપાળની સેનામાં ફફડાટ થઇ ગયો કે 'કુમારપાળ બધાને મારી નાંખશે.' પણ કુમારપાળ સમજતા હતા કે જગતમાં ચોથો વર્ગ હોય છે. કુમારપાળ બની ગયેલ વાતને યાદ જ કરતાં નથી, બધા લશ્કરને થયું કે 'સ્વામી મલો તો આવા જ મલજો.'

ત્રણ વર્ગથી, ચોથો વર્ગ જીવે છે, તમે ચોર નથી પણ તમારી ચીજ કોઈ ચોરી જાય તો તમે શું કરો ?

તમને એમજ થાય ને કે 'બિચારાને ઘેર લઈ જઉં, મહેમાનગીરી કરૂં, તેનું દુઃખ નીવારું, અને ત્રણ વર્ગમાંથી એક વર્ગમાં ઘાલી દઉં.' તેવું ન બને તો છોડી દઉં.' આવી મનોદશા છે? આવું બનશે ? આ માટે કેટલી ક્ષમા, વિચારશીલતા, દિગ્દર્શિતા અને કેટલી શાંતિ જોઈએ?

કહો કે 'ધન જોઈએ પણ ન્યાયથી, ઓછા સાધનથી ચલાવીશું, ન્યાયના ધનથી સુકું શરીર સારૂં.'

તમારે સાધુ થવું છે કે સેતાન ? આપણી બાજી ન બગડે તે માટે બહુ જ ગુણો જોઈશે. આલોકમાં, પરલોકમાં કોઇને ખરાબ કરવાનું મારે ન કરવું જોઈએ. તેવું નક્કી કરીને આપણામાં ગુણો જોઈશે તેવું નકકી કરીને હવે આવશોને ? [ચાલુ]


## શ્રી જિનપ્રતિમાના લેપ માટે

**વિખ્યાત કલાકાર**

'પ્રતિમાજીના ખંડિત થએલ અંગ મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષ પત્રો મળેલા છે, જૈનશાસનસમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ** તથા

„ **ઝવેરભાઇ ગોવીંદ**

ઠે૦ જગુમીસ્ત્રીની શેરી—**પાલીતાણા**

## જીર્ણોદ્ધારમાં સહાય કરો!

**કારવણ** (મીંયાગામ) દેરાસરનાં જીર્ણોધ્ધારનું કામ લગભગ પાંત્રીસથી ચાલીશ હજારનું છે. જે કામ હાલ ઝડપથી ચાલી રહ્યું છે. તો આ કાર્યમાં શ્રી સંઘો, દેરાસરજીના ટ્રસ્ટીઓ તેમજ સદ્‌ગૃહસ્થોએ સારી રકમ આપી લાભ લેવા વિનંતી છે. પૂ. શ્રમણ સમુદાયને આ જીર્ણોદ્ધારના કાર્યમાં યોગ્ય ઉપદેશ આપવા વિનંતિ છે.

**રૂા. ૨૫૧) આપનાર દાતાનું નામ તખ્તી ઉપર લખવામાં આવશે.**

મદદ મોકલવાનું સ્થળ :—

**શેઠ કલ્યાણચંદ ધરમચંદની પેઢી**

વાયા-મીંયાગામ મું : **કારવણ**

# સંસાર ચાલ્યો જાય છે!

**વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી**

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

**વહી ગયેલી વાર્તા** ; યોગિની સુલસાએ રથમર્દનનગરીમાં એક પછી એક રાજપ્રહરીઓની ક્રૂરપણે હત્યા કરવા માંડી છે, ને પોતાની મંત્રશક્તિથી ઋષિદત્તાની શય્યામાં માંસનો ટુકડો ફેંકીને તેમજ ઋષિદત્તાના મોઢાંને લોહીથી ખરડેલું કરીને તે અદ્રશ્ય થાય છે. ઋષિદત્તા માટે રાજા પાસે જઈને સુલસા વ્હેમ મૂકે છે. ને એક રાત્રે તે રાજભવનમાં માલીની હત્યા કરી, પોતાની મંત્રશક્તિથી ઋષિદત્તાની શય્યામાં માંસનો ટુકડો મૂકીને ચાલી જાય છે. રાજા તથા મંત્રી ઋષિદત્તાના આવાસમાં જઇ તેનાં મુખ પરના લોહીના ડાઘ તથા શય્યા પરનો માંસનો ટુકડો જોઇ નક્કી કરે છે કે, 'જરૂર આ કાર્ય યુવરાજ્ઞી ઋષિદત્તાનું જ છે.' યુવરાજ તેને અંગે રાજા સાથે પ્રતિવાદ કરે છે, છતાં રાજા હેમરથ પોતાના નિર્ણયમાં મક્કમ છે. યુવરાજ પોતાના ભવનમાં ઋષિદત્તાને ચિંતાતુર વદને મળે છે. ઋષિદત્તા પોતાનો પાપોદય માની સમતાભાવ રાખે છે, ને પોતાના સ્વામીને સમતા રાખવા સમજાવે છે. આ બાજુ રાજા હેમરથ બીજે દિવસે મધ્યાહ્ને રાજસભા ભરવાનો આદેશ કરે છે, ને આઠ–આટલી હત્યાઓ કરનાર યુવરાજ્ઞીને ન્યાયાલય દ્વારા નિષ્પક્ષભાવે શિક્ષા કરવાનો નિશ્ચય કરે છે.

**હવે વાંચો આગળ**

⊙

## પ્રકરણ ૨૦ મું
## વિષાદ ભરી વિદાય !

રાજસભા એકત્ર થઇ.

મંત્રીઓ, સામંતો, પંડિતો, ન્યાયાચાર્યો, શ્રેષ્ઠીઓ વગેરે સહુ રાજસભામાં આવી ગયા.

યુવરાજ કનકરથ પણ આવ્યો અને પોતાના સ્થાને બેસી ગયો.

મહારાજાના નિમંત્રણથી સુલસા પણ પોતાની દાસી કુબ્જા સાથે રાજસભામાં સ્ત્રીવર્ગ માટે નક્કી થયેલા સ્થાને આવીને બેસી ગઇ.

યથાસમયે મહારાજા કંઇક ગંભીર વદને સભા–ખંડમાં દાખલ થયા. સર્વ સભાજનોએ ઉભા થઇ જયઘોષ ગજાવ્યો.

અને રાજસિંહાસન પર બેઠક લીધા પછી મહારાજા હેમરથે પોતાના એકના એક પુત્ર સામે જોઇને મંત્રીશ્વરને કંઇક ઇશારો કર્યો.

મંત્રીશ્વરે ઊભા થઇ રાજસભા સમક્ષ આજ સુધી થયેલી હત્યાઓની વાત કરી અને ત્યારપછી તેણે જણાવ્યું; 'છેવટે આવી ક્રૂર હત્યાઓ કરનાર કોણ છે એ હકિકત મહારાજા પોતે નજરોનજર જોઇ શક્યા છે અને અત્યારે એ રીતે હત્યાઓ કરનારને કેવા પ્રકારનો દંડ આપવો તેનો નિર્ણય લેવાનો છે.'

સભામાંથી તરત એક નગરજને કહ્યું: 'હત્યારો કોણ છે? એને જો પકડવામાં આવ્યો હોય તો રાજસભામાં હાજર કરવો જોઇએ.'

મહામંત્રીએ કહ્યું: 'આપ સહુ શાંત રહો. હત્યારો ગમે તે હોય, મહારાજા અન્યાય કરશે જ નહિં અત્રે સવાલ તો એકજ કરવાનો છે કે આ રીતે ક્રૂરતા પૂર્વક હત્યા કરનારને કયા પ્રકારની સજા આપવી જોઇએ.'

એક સાથે સેંકડો અવાજો આવ્યા. 'મોતની. શૂળીની. શિરચ્છેદની. જીવતા સળગાવી નાંખવાની.'

થોડી પળો પછી સહુ શાંત થયા એટલે મહારાજાએ ગંભીર સ્વરે યુવરાજ સામે જોઇને કહ્યું: 'વત્સ, હત્યારાના બચાવ અંગે તારે જે કંઇ કહેવું હોય તે તું ખુલ્લી રીતે કહી શકે છે. હત્યારાને મેં સત્ય એકરાર કરવાની તક આપી હતી. હત્યારાએ શું જણાવ્યું છે?'

'મહારાજ, પાયાની વાત તો એ છે કે આપ

જેના પર હત્યા કરવાનો આરોપ મૂકો છો તે આપની યુવરાજ્ઞી સંપૂર્ણપણે નિર્દોષ છે. આ એનો એકરાર છે.'

યુવરાજ્ઞીનું નામ પડતાં જ આખી સભાને જાણે ધરતીકંપના આંચકાનો અનુભવ થયો.

મહારાજાએ કહ્યું: 'તારા જ ભવનમાં હત્યા થાય છે એ વાતનો પણ ઇન્કાર છે?'

'એ સત્ય છે. મહારાજ!'

'રાજનો જ કોઇપણ એક વૃદ્ધ સેવક હત્યારાનો શિકાર થાય છે, એ સાચું છે?'

'હા. મહારાજ!'

'જે માનવીની હત્યા થાય છે તે માનવીના સાથળમાંથી કાપવામાં આવેલો માંસનો ટૂકડો યુવરાજ્ઞીની શય્યામાં ઓસિકા તળેથી નીકળે છે એ વાત સાચી છે?'

'સત્ય છે.'

'યુવરાજ્ઞીનું મોઢું રોજ સવારે રક્તથી ખરડાયેલું હોય છે એમાં શું કહેવાનું છે?'

'કશું નહિં મહારાજ. એ હકિકત સત્ય છે.'

'છતાં યુવરાજ્ઞી નિર્દોષ છે?'

'હા કૃપાવતાર! એના ઓશીકા તળે માંસનો ટૂકડો કોણ મૂકી જાય છે અને એના મોઢા પર રક્ત કોણ લગાવી જાય છે એ એક અણઉકેલ કોયડો છે!' યુવરાજે કહ્યું.

તરત મહારાજાએ સિંહાસન પર ઉભા થઇને કહ્યું: 'કનકરથ!' ભવનમાં આ અંગે પુરતી તપાસ કરવામાં આવી છે. આવો કોઇ શત્રુ હોય કે બહારના કોઇપણ માણસનો પદરવ થયો હોય તે કોઇ માણસ કહી શકેલ નથી.'

યુવરાજે તરત સહજ સ્વરે કહ્યું: 'કારણ ગમે તે હોય પરંતુ સમસ્ત ભવનમાં રહેતા બધા માણસો નિદ્રાધીન બની જતા હોય છે. મુખ્ય દ્વાર પરના જાગૃત ચોકિયાતો પણ એકાએક નિદ્રાધીન બની જતા હોય છે. અને આ રીતે કોઇ પણ માંત્રિક નિદ્રાનો પ્રયોગ કરીને આ ભયંકર કૃત્ય કરી જતું હોય છે.'

મહારાજાએ હસતાં હસતાં કહ્યું: 'યુવરાજ! પત્ની સર્વને પ્રિય હોય છે. પરંતુ એ અનુરાગ અંતરનો હોવો ઘટે. આંધળો ન હોવો ઘટે. યુવરાજ્ઞી વનમાં વસેલી છે. મંત્રતંત્રની જાણકાર છે અને તે જ આ રીતે નિદ્રા નહિં બિછાવતી હોય એમ કેમ ન બને? બહારના કોઇપણ માંત્રિકને આ રીતે યુવરાજ્ઞી પર વૈર રાખવાનું કોઇ કારણ દેખાતું નથી. માનવ-રક્તની પિપાસા તૃપ્ત કરવા ખાતર જ વનવાસિની નારી આ રીતે પ્રયોગ કરી રહી છે અને નિર્દોષ માનવીના પ્રાણ હરી રહી છે. કોઈપણ સંયોગોમાં આવાં ઘોર કૃત્યની ક્ષમા ન હોઇ શકે. છતાં યુવરાજ્ઞીએ પોતાના દોષનો એકરાર કર્યો હોત તો આ રાજસભા તેના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવા અવશ્ય તૈયાર થાત. પણ યુવરાજ્ઞીનો એકરાર માની શકાય. એવો નથી. એ કશું જાણે નહિં એમ કહેવાથી ન્યાયને સંતોષ મળી શકે નહિં.'

'કૃપાવતાર, યુવરાજ્ઞી પોતે આ હત્યાઓ માટે જવાબદાર છે એ એક પણ સ્પષ્ટ પુરાવો મળ્યો નથી. તો ન્યાય એને કયા આધારે ગુનેગાર ગણી શકે?' યુવરાજે નિર્ભયતા પૂર્વક કહ્યું.

'એના મોઢા પર રક્ત હોય છે અને એના ઓશીકા તળે મૃત વ્યક્તિના જ માંસનો ટૂકડો હોય છે. આ શું સબળ પુરાવો નથી?' મહારાજાએ સામો પ્રશ્ન કર્યો.

'એને સબળ પુરાવો કયા આધારે કહી શકાય? નિદ્રાકરી વિદ્યાનો પ્રયોગ કોણ કરી જાય છે અને કોણ આ રીતે માંસનો ટૂકડો મૂકી જાય છે તે પ્રશ્ન જ્યાં સુધી હલ ન થાય ત્યાં સુધી યુવરાજ્ઞીને દોષિત કેમ માની શકાય?'

'મેં પહેલાંજ કહ્યું હતું કે યુવરાજ્ઞી પ્રત્યે વૈર-ભાવ રાખવાનું કોઇને કારણ નથી. એટલે આ જે કંઇ બન્યું છે તે માટે યુવરાજ્ઞી પોતે જ જવાબદાર છે.' મહારાજાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું.

યુવરાજ તરત પોતાના આસન પર બેસી ગયો. કશું બોલ્યો નહિ. એના વદન પર એક પ્રકારની નિરાશાની છાયા આવી પડી હતી.

મહારાજાએ રાજના ન્યાયાચાર્યો તરફ જોઇને કહ્યું: 'મારા માનનીય પંડિતો! રાજપરિવારની એક વ્યક્તિ આ કાર્યમાં સંડોવાયેલ છે એમ સમજીને ન્યાયદેવતાનું જરાય અપમાન થાય એવું ન કરશો. આ સમગ્ર હકિકત આપે બરાબર સાંભળી છે. યુવરાજ્ઞીનો એકરાર માત્ર એટલો જ છે કે પોતે કશું જાણતી નથી. અને હકિકત એને દોષિત સાબિત કરે છે. આપ સહુ આ પ્રશ્નનો ઉકેલ સત્વર લાવો એમ રાજસભા ઇચ્છે છે! કહી મહારાજા સિંહાસન પર બેસી ગયા.

થોડી પળો ગંભીર મૌન વચ્ચે પસાર થઇ. ત્યારપછી ન્યાયના પંડિતોએ અંદરોઅંદર કંઇક મસલત કરી અને એક પંડિતે ઉભા થઇ કહ્યું: 'મહારાજાધિરાજનો જય થાઓ. આવી નૃશંસ હત્યા કરનારને પ્રાણદંડ સિવાયની અન્ય કોઇ હળવી શિક્ષા ન હોય એ ન્યાયનો નિર્ણય છે. અહીં જે હકિકત રજુ થઇ છે તે પરથી યુવરાજ્ઞીશ્રી નિર્દોષ હોવાનો કોઇ પુરાવો મળતો નથી. એ નિર્દોષ હોય એવા સંશયનું એક જ નાનું કારણ મળે છે અને તે યુવરાજ્ઞી પોતે આ બાબતથી અજાણ છે એમ દૃઢતાપૂર્વક જણાવે છે, પરંતુ ઘણીવાર એમ પણ બને છે કે ગુનેગાર વધારે ચાલાક અને કુશળ હોય તો પોતાના ગુનાને આબાદ રીતે છૂપાવી શકે છે....નિર્દોષ લોકોની ક્રૂરતા પૂર્વક હત્યા થઇ છે એ વિગત ક્ષમ્ય કરી શકાય નહિં અને હત્યા પાછળનો હેતુમાત્ર માનવરક્તની પિપાસા સિવાય બીજો કોઇ સંભવતો નથી, તેમ આ રીતે યુવરાજ્ઞીને સંડોવવાનું કોઇ પણ વ્યક્તિને કારણ હોય એવું માની શકાતું નથી...એટલે આ ભયંકર કૃત્યની જવાબદારીથી યુવરાજ્ઞીશ્રી મુક્ત હોય એમ માની શકાતું નથી, અપરાધ અને અપરાધી બંને તરફ નજર કરતાં અમને લાગે છે કે મહારાજાધિરાજે આ અંગેનો પોતાનો અંતિમ નિર્ણય આપવો જોઇએ. રાજાને પ્રાપ્ત થયેલા વિશિષ્ટ અધિકારોની દૃષ્ટિએ રાજા કોઇ પણ ગુનેગારને મુક્તિ વડે ક્ષમા પણ આપી શકે છે અને ભયંકર મૃત્યુદંડ પણ કરી શકે છે.'

યુવરાજનો ચહેરો વધારે શ્યામ બની ગયો.

સમગ્ર રાજસભાની નજર મહારાજા તરફ ગઇ.

મહારાજાએ થોડી પળો મૌનમાં વિતાવીને ઉભા થતાં કહ્યું: 'ન્યાય, નીતિ અને ધર્મની રક્ષા એ રાજ્યનો આદર્શ છે અને રાજાએ એ આદર્શનું પાલન કરવા જતાં પોતાને ગમે તેવો આઘાત લાગે તો પણ સહી લેવો જોઇએ. ન્યાયની પવિત્રતા જળવાઇ રહે એટલા ખાતર અને ગુનેગારને બરાબર દંડ મળે એ દૃષ્ટિએ હું આજ્ઞા કરૂં છું કે વનવાસિની દેવી ઋષિદત્તાને ઘોર વનમાં લઇ જવી અને ત્યાં તેનો વધ કરવો.'

રાજસભાએ હર્ષ ભર્યા સ્વરે મહારાજાનો જયનાદ બોલાવ્યો.

અને રાજના મહાબલાધિકૃત સામે જોઇને મહારાજા હેમરથે આજ્ઞા કરી: 'આપ સત્વર યુવરાજના ભવનમાં જાઓ અને યુવરાજ્ઞીને આજ રાત્રિના પ્રથમ પ્રહર પહેલાં જ ઘોર વનમાં લઇ જવાનો પ્રબંધ કરો. એમની સાથે બે નિર્દય અને કર્તવ્યનિષ્ઠ મારાઓને મોકલજો અને એ મારાઓને જણાવજો કે રાજા હેમરથના એકના એક પુત્રની આ પ્રિય પત્ની છે માટે સહ્ય ન બને.'

મહાબલાધિકૃતે મસ્તક નમાવી રાજાજ્ઞાને સ્વીકારી.

રાજસભા પુરી થઇ.

યુવરાજ રડતા હૃદયે તરત પોતાના ભવન તરફ જવા વિદાય થયો.

અને સ્ત્રી સમુદાયમાં બેસીને પરમ આનંદ અનુભવતી અને ભયંકર પાપકાર્યમાં સદાયે મગ્ન રહેતી યોગિની સુલસા પોતાની દાસી સાથે ઉઠીને અતિથિગૃહ તરફ ગઇ.

અતિથિગૃહમાં પહોંચ્યા પછી તેણે મહારાજાને આશીર્વાદ મોકલાવ્યા અને વિદાય માગી.

મહારાજાએ એક થાળમાં સુવર્ણમુદ્રાઓ ભરીને ભેટ મોકલાવી અને સુલસાનો પુનઃ આભાર માન્યો.

આ તરફ ઘોર નિરાશાથી ભાંગી ગયેલો યુવરાજ પોતાની પ્રિય પત્ની પાસે આવી પહોંચ્યો. ઋષિદત્તાએ યુવરાજનો નિરાશ ચહેરો જોઇને પ્રશ્ન કર્યો: 'કેમ સ્વામી, આટલા નિસ્તેજ કેમ દેખાઓ છો?'

'પ્રિય, આજ મારા જીવનનું તેજ હણાઇ ગયું છે! ન્યાયના નામે ભયંકર અન્યાયને પોષણ મળી ગયું છે...' યુવરાજે ભાવભર્યા સ્વરે કહ્યું.

'પ્રાણેશ, ન્યાય અન્યાય એ બધું કર્માધીન છે. આપ મનમાં કોઇને દોષ દેશો નહિં. રાજસભાએ શું નિર્ણય કર્યો?'

'એ નિર્ણય હું તો કઇ જીભે કહું?'

'ગમે તે નિર્ણય હશે હું તેને મારા મસ્તકે ધારણ કરીશ. કોઇ પણ સત્તા કે કોઇ પણ અધિકાર મોતથી વધારે શિક્ષા શી ફરમાવી શકે છે? આપ વિહ્વળ ન બનો. મારા પુણ્યનો ઉદયકાળ સમાપ્ત થયો હશે. પૂર્વ કર્મના કોઇ પાપનો ઉદયકાળ આવ્યો હશે? પરમકૃપાળુ મહારાજા કે રાજસભા તો માત્ર નિમિત્તરૂપ છે. પરંતુ...' કહેતાં કહેતાં ઋષિદત્તા અટકી ગઇ.

યુવરાજે કહ્યું: 'કેમ પ્રિયે? શું તને મારી પરિસ્થિતિ કેવી થશે એની કોઇ કલ્પના નથી આવતી?'

'આવે છે. પણ જેનો અર્થ નથી એની કલ્પના શું કામની? છતાં હું આપને એ અંગે એક પ્રાર્થના કરવા ઇચ્છું છું.'

'પ્રાર્થના...?'

'હા સ્વામી, કર્મનું ફળ તો સર્વને ભોગવવાનું જ હોય છે...હું પણ નિડરતા પૂર્વક ભોગવી લઇશ. પરંતુ આપ.'

'શું?'

'નિરાશાના અંધકારનો આશ્રય લેશો નહિં. અને ભૂલી જજો અને કોઇ પણ કુળવાન સ્ત્રીને સાથી બનાવી ધર્મનું સદાયે રક્ષણ કરતા રહેજો.' ઋષિદત્તાનો સ્વર સહેજ ગળગળો થઇ ગયો હતો.

યુવરાજ કનકરથે પત્નીના બંને હાથ પકડી લેતાં કહ્યું: 'પ્રિયે, મારા હૈયામાં શું થાય છે? તે તું સમજી શકતી નથી.'

'પ્રાણનાથ, બધું સમજું છું. આપે મારામાં જે વિશ્વાસ, પ્રેમ અને શ્રદ્ધા મૂકેલ છે તે હું કેમ ભૂલી શકું? જન્માન્તરે પણ ન ભૂલી શકું. પરંતુ નિરાશા એક પ્રકારનું મૃત્યુ છે. નિરાશામાં માનવીની બધી ભાવનાઓ નષ્ટ થાય છે. આપના ઉદાર પ્રાણની સર્વોત્તમ ભાવનાઓ સદાયે અમ્મર રહે એટલા ખાતર હું આપને પ્રાર્થના કરૂં છું.'

યુવરાજે પ્રિયતમાને હૈયા સરસી લીધી.

અને એજ સમયે બહારથી એક દાસીએ કહ્યું: 'મહારાજ.'

'કેમ?'

'મહાબલાધિકૃત આવ્યા છે.'

એમને મંત્રણાગૃહમાં બેસાડ, હું આવું છું.'

'જી.' કહીને દાસી તરત ચાલી ગઇ.

ઋષિદત્તાને કહ્યું; 'મહાબલાધિકૃત તને લેવા આવ્યા છે.'

'ઓહ! વધસ્થંભે લઇ જવા?'

'ના. કોઇ ઘોર વનમાં તારો વધ કરવામાં આવશે.' કહેતા કહેતા યુવરાજ ગળગળો થઇ ગયો.

ઋષિદત્તાએ સ્વસ્થ સ્વરે કહ્યું: 'સ્વામી, મારા હૈયામાં એક અચળ શ્રદ્ધા પડી છે. હું સંપૂર્ણ નિર્દોષ છું. ભય દોષિતને હોય, નિર્દોષને કોઇ ભય ન હોય. આપ મને સ્વસ્થ ચિત્તે વિદાય આપો.'

'હું તને કેવી રીતે વિદાય આપું?' કહીને યુવરાજ એક નાના બાળક માફક રડી પડયો અને પ્રિયતમાને વળગી પડયો.

દીપમાલિકાઓના પ્રકાશ વચ્ચે સમગ્રખંડ જાણે ઝળહળી રહ્યો હતો. ઋષિદત્તાએ ધારણ કરેલા રત્ના-

ઝંકારો પ્રકાશ સાથે મસ્તી કરી રહ્યા હતા.

થોડી પળો પછી યુવરાજ કંઇક સ્વસ્થ થયો અને બોલ્યો: 'દેવી, હું પણ તારી સાથેજ આવું છુ.'

'સ્વામી !'

'મારા માટે એ એક જ રસ્તો છે. ન્યાયની વેદિ પર આ રીતે એક નિર્દોષ કુલવધૂનું બલિદાન દેવાય તે કોઇપણ દૃષ્ટિએ ઉચિત નથી.'

'નહિ સ્વામી, રાજાજ્ઞાની સામે થવામાં આપની શોભા નથી. સંસારમાં અનેક નિર્દોષ માણસોને કર્મના પ્રભાવ આગળ સહવું પડતું હોય છે. આપ સાથે આવીને પિતાશ્રીનો રોષ ન વહોરીલેશો.'

'નહિ. હું સાથે જ આવીશ અને તને કોણ મારી શકે છે? તે જોઇશ. તારા વગર હું એક પળ સુખની નિદ્રા નહિ લઇ શકું.' યુવરાજે તેજ ભર્યા છતાં ગભીર સ્વરે કહ્યું.

ઋષિદત્તા કંઇ ઉત્તર આપવા જાય તે પહેલાં જ એક પરિચારિકા દ્વાર પાસે આવી અને બોલી: 'મહારાજ ! મહાબલાધિકૃત રાજાજ્ઞાનો અમલ કરવા અહીં પધાર્યા છે.'

યુવરાજે અટકાવેલું દ્વાર ખોલી નાંખ્યું. પરિચારિકાની પાછળ જ મહાબલાધિકૃત દસ સૈનિકો સાથે ઉભો હતો. તેણે યુવરાજને નમસ્કાર કરતાં કહ્યું: 'મહારાજ, દાસત્વ ઘણું ભયંકર હોય છે. ! આપ કૃપા કરીને રાજભવનમાં પધારો,'

'રાજભવનમાં ? શામાટે ?'

'મહારાજાની આજ્ઞા છે. આપને લેવા માટે રથ પણ તૈયાર છે.'

'હું ન આવું તો ?'

'મેં આપને પ્રથમથી જ કહ્યું હતું કે દાસત્વ જેવી કોઇ બુરી વસ્તુ નથી. રાજાજ્ઞાનું પાલન કરવાની મને આજ્ઞા થયેલી છે.'

યુવરાજનો ચહેરો રોષથી લાલ થઇ ગયો હતો. તે કંઇ ઉત્તર આપવા જાય તે પહેલાં જ ઋષિદત્તાએ યુવરાજના ચરણુમાં મસ્તક નમાવતાં કહ્યું; 'સ્વામી આપને યાદ છે. લગ્ન પછી આપે મને એક વચન આપ્યું હતું.'

'હા પ્રિય.'

'આજ વિદાય વખતે એ વચન માગી લેવા ઇચ્છું છું.'

'કહે.'

'રોષનો ત્યાગ કરી આપ રાજાજ્ઞાનું પાલન કરો. એક ક્ષુદ્ર નારી ખાતર પિતા–પુત્ર વચ્ચે કોઇ પ્રકારનો કલહ શોભે નહિ. હું આ રાજ્યની કુલવધૂ છું. મારૂં ગૌરવ મહારાજાના ન્યાયને નમન કરવામાં છે.'

'પ્રિયે ! '

'સ્વામી, મારૂં મંગલ ચાહતા હો...મને આપેલું વચન પાળવા ઇચ્છતા હો અને મારા પ્રેમનુ પવિત્ર સ્મરણ હૈયામાં સંઘરી રાખવા માગતા હો તો મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો અને કોઇ પ્રકારનો રોષ રાખ્યા વગર દેવ જેવા પિતાની સેવામાં તત્પર બનો.

યુવરાજ પોતાની તેજસ્વી પત્ની સામે જોઇ રહ્યો.

ઋષિદત્તાએ કહ્યું; 'નાથ, આ સંસારની આવી વિચિત્ર ગતિ છે. જો આવી વિચિત્ર ગતિ ન હોત તો શાણા અને જ્ઞાની પુરુષો સંસારની દોડ સાથે જ દોડતા હોત. કોઇના પ્રાણુમાં સંસાર કડવો ન લાગત. આપ ન્યાય–અન્યાયના વિચારો દૂર કરીને કર્તવ્યને નજર સામે રાખો.' ત્યારપછી તેણે મહાબલાધિકૃત સામે જોઇને કહ્યું; હું તૈયાર છું. યુવરાજ અત્યારે જ રાજભવન તરફ જાય છે.'

દેવી, હું કશું સમજી શકતો નથી. આપના આ વિચારો સાંભળ્યા પછી.'

વચ્ચે જ યુવરાજ્ઞીએ કહ્યું; 'આપને સમજવાની કોઇ જરૂર નથી. આપ રાજાજ્ઞાનું પાલન કરો.

'જી.' કહીને તેણે એક વાર કરુણ નજરે યુવરાજ સામે જોયું અને કહ્યું; 'દેવી, માર્ગમાં પાથેય રૂપે આપને કંઇ લેવું હોય તો.'

વચ્ચે જ આછા હાસ્ય સહિત ઋષિદત્તાએ કહ્યું: 'ધર્મ એ જ સાચું અને કદી ન ખુટે એવું પાથેય છે. એ પાથેય મારા અંતરમાં ભર્યું છે.' ત્યાર પછી તેણે યુવરાજ સામે જોઇને કહ્યું; 'સ્વામી, ક્ષત્રિયો પ્રાણ કરતાં પણ વચનને વિશેષ ગણે છે.'

'પ્રિય...!'

'નહિ. આપ વચનનું પાલન કરો અને મારા જીવનની અંતિમ પળ ઉજ્જવળ બનવા દો.' ઋષિદત્તા વધુ બોલી શકી નહિ. અત્યાર સુધી બાંધેલો ધૈર્યનો બંધ ખળભળી ઉઠયો હતો. હમણાં જ રૂદન આવી પડશે એમ તેને લાગ્યું અને તેણે મહામહેનતે અંતરમાં ઉપસેલા લાગણીના ભાવને દબાવ્યો.

યુવરાજ ઘડીભર પત્નીના તેજસ્વી વદન સામે જોઇ રહ્યો. તેનામાં કંઇપણ બોલવાની હિંમત જાણે રહી જ નહોતી. એક અંતિમ આલિંગન આપીને તે વળતી જ પળે ખંડ બહાર નીકળી ગયો.

અને જ્યારે યુવરાજને લઇને રથ બહાર નીકળ્યો ત્યારે ઋષિદત્તા પણ મહાબલાધિકૃત સાથે નીચે ઉતરી.

ઋષિદત્તાને ઘોર વનમાં લઇ જવા માટે તેજસ્વી અશ્વોવાળો રથ તૈયાર હતો. રથનો સારથિ કદાવર અને નિર્મળ હોય તેમ તેને જોતાં લાગતું હતું.

રથની પાસે જ ચાર મારાઓ અશ્વ પર બેઠા હતા અને પ્રસ્થાનની રાહ જોઇ રહ્યા હતા.

ઋષિદત્તાએ રથમાં બેસતાં પહેલાં એકવાર ભવન સામે નજર કરી. ઉપવન તરફ જોયું. જડવત્ બનીને ઉભેલા દાસદાસીઓ સામે જોયું....

પ્રણય જીવનનાં કેટલાં મીઠાં સ્મરણો આ ભવનમાં ભર્યાં પડયા છે?

ના. આ વિચારો શોભે નહિ. ધર્મને ચૂકાય નહિ.

આમ વિચારી મનમાં નવકારમંત્રનું સ્મરણ કરતી કરતી યુવરાજ્ઞી રથમાં બેસી ગઇ.

મહાબલાધિકૃતનું હૈયું આ નારીની હિંમત જોઇને હલબલી ઉઠયું હતું. તેણે સારથિને આજ્ઞા કરી; 'મહારાજાની આજ્ઞા તને યાદ છે ને !'

'હા મહારાજ. !'

'દૂર દૂરના કોઇ ઘોર વનમાં જજે.'

'મને યાદ છે.'

'તો પ્રસ્થાન કરો.' આટલું કહીને તેણે નવકાર મંત્રમાં મગ્ન બનેલી યુવરાજ્ઞીને મસ્તક નમાવ્યું.

રથ ગતિમાન થયો.

અને એજ મધરાતે પાપિણી સુલસા પોતાની દાસી સાથે વૃક્ષારોહણ કરીને વિદાય થઇ. [ચાલુ]

**पवित्र सुगंधी अगरबत्ती, जैन बाइओना हाथे वणेली.**

मंदिरमां ने घेर वापरवा लायक तेमज घणा वरसोथी जाती देखरेख नीचे ऊत्तम चीजोथी बनावेली ज अगरबत्ती दक्षिण, महाराष्ट्र, सौराष्ट्र, गुजरात, मारवाड, मुंबई, कच्छ, खानदेश, कलकत्ता, मद्रास, मध्यप्रदेश, मध्यभारत वगेरेना मोटा शहेरोमां कायम अमारी अगरबत्ती, वासक्षेप अने धुप वपराय छे.

अढार अभिषेकनी पुडीओ, गंगाजल, शत्रुंजयनदीनुं, सुरजकुंडनुं जल तथा भगवान प्रवेशनो तथा शान्तिस्नात्रने लगतो सामान, केशर,-सुखड-बरास-वाळाकुंची-वरख-बादला (सोनेरी-रुपेरी) वगेरे मले छे:

जयेन्द्रकुमार रमणिकलाल जैन सुगंधी भंडार ६८/७१ गुरुवार पेठ पुना २.

# દુઃખથી મુક્તિ કેવી રીતે ?

પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ

માનવ-જીવનને પ્રાપ્ત કર્યા પછી વિવેકી આત્માએ અનંત જન્મ-મરણની પરંપરાને ટાળવા રૂપ દુઃખમુક્તિ માટે પુરુષાર્થ કરવો જરૂરી છે. તે હકીકતને અનુલક્ષીને લેખક મહારાજશ્રી અહિં મનનીય વિચારધારા રજૂ કરે છે.

⊙

विन्दन्ति तत्त्वं न यथास्थितं वै
संकल्प-चिन्ताविषयाकुला ये ।
संसारदुःखैश्च कदर्थितानां
स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम्॥

આ વિરાટ જગતના સજ્ઞાન અવસ્થા કે અજ્ઞાન અવસ્થાને પ્રાપ્ત થયેલ પ્રાણીઓ, અનાદિ અજ્ઞાન-મૂઢતાના પ્રતાપે વસ્તુના ગુણ-ધર્મોના જ્ઞાનથી વેગળા રહેવાથી વિવિધ સંકલ્પો ચિંતાઓ અને વિષયાસક્તિની ચુંગાલમાં સપડાયેલ હોવાથી, વાસ્તવ તત્ત્વની પ્રાપ્તિ તેમનાથી અત્યંત દૂર રહેવાથી, દુષ્કૃતના સેવન દ્વારા વિવિધ ભયંકર દુઃખોથી હેરાન-પરેશાન થાય છે. તેથીજ સ્વપ્ને પણ સમાધિસુખનો સાક્ષાત્કાર તેઓ પામી શકતા નથી.

જીવમાત્ર દુઃખના દ્વેષી છે અને સુખના રાગી છે. આમ છતાં અનાદિની તેમની મોહ-મૂઢતા એવા પ્રકારની છે કે જે રસ્તે સુખ નથી તેવા અવળા રસ્તે તેઓએ સુખ માન્યું છે અને તેવા ઉંધા રસ્તે સૌ સુખની શોધ ચલાવી રહ્યા છે.

સુખની શોધમાં તેઓ સૌ નીકળ્યા છે પણ જ્ઞાનીએ બતાવેલા રસ્તે નીકળ્યા નથી, પણ સ્વબુદ્ધિએ કલ્પેલા રસ્તે નીકળ્યા છે. તો આ રીતે તો જુગના જુગ સુધી સુખની શોધ ચલાવ્યા કરશે તો પણ સુખ કયાંય મળવાનું નથી ને દુઃખ ટળવાનું નથી.

महता पुण्यपण्येन, क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं, तर यावन्न भिद्यते ॥

માનવદેહ પુણ્યથી મલ્યો છે. સામાન્ય પુણ્યથી નહિ, પણ અત્યંત મોટા પુણ્યના જથ્થાથી, ઉત્તરોત્તર અનંત અનંત પુણ્યરાશિથી બેઈંદ્રિયાદિપણું મળે છે. જેથી અનંતાનંત પુણ્યરાશિથી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે; ને તેનાથી અનંત અનંતગુણી પુણ્યરાશિ વધે ત્યારે મનુષ્યપણું, આર્યદેશ, આર્યકુલ, જૈનકુલ વગેરે પ્રાપ્ત થાય છે. આ માનવદેહરૂપ નૌકા ખરેખર દુઃખના સમુદ્રને તરી જવા માટે સાધન છે. જ્યાં સુધી તે નાશ ન પામે તે દરમિયાન તેનાથી સુકૃત-પવિત્ર જીવનદ્વારા દુઃખસમુદ્ર તરી નિર્ભય-નિરુપદ્રવ સ્થાને પહોંચી જવું જોઇએ.

આ આવી કિંમતી મુડી લુંટાઇ જાય તો મારું શું થશે એમ આત્માએ વિચારવું જોઇએ.

પૂ. પા. શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી મ૦ શ્રી આવશ્યકસૂત્રમાં માનવજન્મ પામેલા જીવોને પ્રતિબોધે છે કે "તમે મનુષ્યજીવન પામ્યા છો એટલે ઘણા ઘણા ઉંચે આવ્યા છો. નીચેથી સપાટી ઉપર આવ્યા છો. કિનારો દેખાય છે. અલ્પ સમયમાં તરી જવાશે. પણ સાવધાની રાખજો. અન્યથા પ્રમાદમાં પડી ઘણું જ જ્ઞાન ધરાવનારા પણ ચરણકરણથી વેગળા રહી ડૂબી જઇ દુર્ગતિ પામ્યા છે. અનંતો સંસાર ભમે છે.'

અત્યંત મોટા પુણ્યના જથ્થા ખર્ચી મળેલ

માલનો (મનુષ્યભવાદિનો) સદુપયોગ ન થાય તો પુણ્ય અને માલ બન્નેને ખરેખર ગુમાવવા જેવું થાય. મોટી અટવીમાં લૂંટાવા જેવું થાય.

આવો ઉત્તમ, દુર્લભ અને કિંમતી મનુષ્યભવ આત્માએ અનંતીવાર મેળવ્યો છે. તે મળે છે બે રીતે-(૧) લોટરી લગાવીને (અકામનિર્જરાથી), (૨) નાણા આપીને હકકપૂર્વક, પરસેવો ઉતારીને (સકામનિર્જરાથી). પૂર્વની દુર્ગતિમાં સહન કરી ઘણા કર્મ ખપે ને આત્મા ઉંચો ચઢે તે લોટરીથી મનુષ્યપણું. જ્યારે સ્વભાવે કરી અલ્પ કષાય, દાનરુચિ ને મધ્યમગુણ વગેરે હોય ને મનુષ્યપણું પામે તે નાણા આપીને, અધિકારથી (હકકથી) મનુષ્યપણું કહેવાય.

સારું સારું મળવા ઉપર મનુષ્યપણાની કિંમત હોય તો કૂતરાની અને ઘોડાની કિંમત પણ સારી ગણાય. વિલાયતમાં કુતરાને ફરવા માટે મોટર, પહેરવા કપડાં દાગીના, સારૂ ખાવાનું અને રીસ્ટ વોચ (Wrist watch) ટાઈમ જોવા મળે છે. ઘોડાને પણ કોઈ સ્થળે લાખ રૂપીઆની કિંમતનો સાજ પહેરવા મળે છે અને કામ કંઇ કરવું પડતું નથી.

પશુના કાર્ય મનુષ્યપણામાં થતા હોય તો મનુષ્યપણાની કિંમત શી ? તેની કિંમત તો તોજ હોય કે મનુષ્યપણાનું (આત્મિકવિકાસનું) કાર્ય થતું હોય.

લંકા જઈ સોનું લાવવાને બદલે ચોખા લાવે તો ત્યાં ગયાની સફલતા શી ? ભણીને પરીક્ષા પાસ કરવા પરદેશ ગએલ વિદ્યાર્થી ભણવાનું છોડી વિલાસમાં પડે તો તે વિદ્યાર્થીની કિંમત શી ? તેમ ધન કમાવા પરદેશ ગએલ વેપારી વેપાર છોડી મોજશોખમાં પડી ધનની પાયમાલી કરે તેની કિંમત શી ?

એકેન્દ્રિયપણામાંથી મહામુશીબતે મનુષ્યપણામાં આવી મનોરંજન કરે તો દુર્ગતિ પામે. ભવિષ્યમાં હેરાનપરેશાન થાય.

સામાન્ય રીતે આ જીવને જગતમાં અનાદિની ગ્રહણરુચિ હોય છે. પરાક્રમ કરે તો દાનરુચિ આવે. ખાવા કરતાં ખવરાવવું ગમે. જંગલમાં પણ નયસારને ખાવાનું ગમતું નથી. અતિથિને આપીને ખાવાનું ચિંતવે છે, ને તેમ કરે છે.

પેટભરુ બનવામાં પુણ્યની ભરતી થાય નહિ પણ હોય તે ખાલી થાય ને પાપની ભરતી થાય. પુણ્યના ઉદયથી મળેલું જીવન છે, તે જેટલું ભોગવાય છે તેટલું પુણ્ય ખૂટે છે. પુણ્ય અકબંધ રાખવું હોય, વધારવું હોય તો ભોગવવાનું રાખે નહિ પણ ત્યાગ કરે. એક પેડ અપ (Paid up) થવા સાથે નાણા મળે તેમ પુણ્ય ખતમ થવા સાથે ભોગ મળે.

આલોક પરલોક સમજનારને તો ભોગવતાં ને નવું ન પેદા કરતાં કાળજું કોતરાય. પૈસા પુણ્યની ખુવારીથી મળે એમ સમજે તો ઝટ સારા માર્ગે વાપરે કે જેથી ભવિષ્યમાં મળે અન્યથા ભવિષ્યમાં ભિખારી બને. જે રીતે મનુષ્યપણું મેળવ્યું હોય તેની છાયા અહિં દેખાય. રોઇ રોઈને અકામનિર્જરાથી મેળવ્યું હોય તો રોતો રહે. રોતડ જિંદગી ગાળે.

સકામ નિર્જરાથી-અધિકારથી મેળવ્યું હોય તો જાતે એકલું ખાવું ગમે નહિ. કોઈની તુચ્છતાની વાત પચાવી દે. જાહેર ન કરે. વસ્તુપાલ, પેથડશાહ, ઝાંઝણશાહે કેવી ભક્તિ કરી છે ?

અઢળક સંપત્તિ મમ્મણને અપાવનાર કોણ ? માલ નહિ પણ ભાવ. ભાવથી લાડુના દાનથી મેળવેલ પુણ્યને રોઈ રોઇ સળગાવી દીધું. તેથી મલ્યું ખરૂં પણ ભોગવી શકતો નથી. રોઈ રોઈ શોક કરી જીંદગી પસાર કરી નરકે ગયો. કાયાને માલથી મહેલાવી તો સીરપાવ એવો કે અસંખ્યાત વર્ષ સુધી કાયાને પરમાધામી કચરે છતાં ઈનામ મીંડુ. જ્યારે

# મનન માધુરી

શ્રી વિમર્શ

## મંત્રની શક્તિ

એક બાજુ સ્ટીલ અને બીજી બાજુ પાણી–એમાંથી શક્તિ વધારે કોની ? સ્થુલ દૃષ્ટિવાળો કહેશે કે સ્ટીલની, પણ સ્ટીલને પાણીના કુંડમાં નાંખો. ચાર મહીના પછી જુઓ, કોની હાર થાય છે, પોલાદની કે પાણીની ? આગળ વધીને તપાસો–એ પાણીની શક્તિ વધારે કે વરાળની–સ્ટીમની–બાષ્પની ? એ બાષ્પ નીકળે છે પાણીમાંથી, પણ એ વડે મોટી ટ્રેનોની ટ્રેનો ચાલે છે. કારખાનાઓ અને યંત્રો એના બળથી ચાલે છે. વરાળ (Steam) કરતાં પણ હાઇડ્રોજન (Hydrogen) ની શક્તિ વધારે. એ સૌના કરતાં પણ મનની–બુદ્ધિની શક્તિ સૌથી વધારે. પણ પ્રશ્ન એ છે કે એ શક્તિશાળી મનને વશ શી રીતે કરવું ? વર્તમાનકાળે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞાઓમાં મન બંધાઇ ગયું છે. બકરાના ટોળામાં રહેલ કેસરીની દશા જેવી દશા મનુષ્યના મનની થઇ. મન સાધે તેને મંત્ર કહેવાય છે. આમ તો એ માત્ર પરમેષ્ઠિઓને નમસ્કાર છે, એને નમસ્કાર મંત્ર કહ્યો છે. એનાથી મનને વશ કરવામાં આવે તો સર્વ શ્રુતના પારને, રહસ્યને સમજી શકાય છે. એના આરાધનથી મન એવું બની જાય છે કે જે ઉત્સર્ગ, અપવાદ, દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય, દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવને યથાર્થપણે આપોઆપ જાણી શકે છે. નમસ્કારથી શુદ્ધ થયેલું મન મોહને પણ ઓળખી શકે છે, અને ધર્મને પણ જાણી શકે છે.

## મંત્ર વડે સૂક્ષ્મતા અને શુદ્ધિતા

જ્યાં સુધી સ્થૂલ દૃષ્ટિ નહિ જાય, સૂક્ષ્મ દૃષ્ટિ નહિ જાગે ત્યાં સુધી આ સંસારના ધોખાને, સંસારની માયાને મનુષ્ય નહિ સમજી શકે. માણસ જાણે છે કે દિવસ જાય છે. દિવસ જાણે છે કે માણસ જાય છે. મુસોલીની, હીટલર કયાં ગયા ? સ્ટેલીન, કૈસર, કાયદેઆઝમ, ઝાર, સીકંદર, નેપોલીયન ધરણીને ધ્રુજાવનાર બધા કયાં ગયા ? જેની નોબતોના ડંકાઓના અવાજથી આકાશ ગાજી ઉઠતું. તે બાદશાહો આજે કબરોમાં સુમ–સામ પડયા છે. કયાં ગયા એ ? મનમાં સૂક્ષ્મતા આવે તો મોહની આ રમત સમજાઇ જાય. તીર્થંકર દેવો આ જાણતા હતા તેથી મનને વશ કરવાનો, મનને સૂક્ષ્મ અને શુદ્ધ બનાવવાનો ઉપાય બતાવી ગયા છે. નવકારમંત્રથી મનમાં

---

ભગવાને ફરમાવેલ તપ, ત્યાગ વડે કાયા કચરવાથી ઈનામ મોટું મોક્ષનું. જે કાયાની દયા ન ખાય તેને સ્વર્ગના વિમાનમાં ને મોક્ષમાં લઈ જાય.

સંસારમાં દુઃખ છે તે દુષ્કૃતથી ઉત્પન્ન થયેલું છે. તે દુઃખનો નાશ દુષ્કૃતના નાશથી જ શકય છે, તે દુષ્કૃતનો નાશ સુકૃતથી જ થાય છે તો સુકૃતમાં કોણ પ્રાણી સુદૃઢ ન હોય ?

અખંડ, અનંત, અને સ્વાધીન તેજ સાચું સુખ છે. તેના સાધન તરીકે લાડી–વાડી–ગાડી–દેહ–સંપત્તિ કે સ્નેહી નથી પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. આ રત્નત્રયીજ અભીષ્ટ સાચા સુખ માટે ખરેખર એકાંત અને આત્યંતિક સાધનરૂપ છે. તેની જ વિચક્ષણને આરાધના કરવાની ઘટે.

સૂક્ષ્મતા, શુદ્ધતા આવે છે, પછી એ મન આપો-આપ વિવેક કરતું થઇ જાય છે.

## મન વશ કરવાનો ઉપાય

પ્રશ્ન—મનને વશ શી રીતે કરવું એ બતાવો?

ઉત્તર—જરા ધીરજ રાખો—ટ્રેન અને સ્ટીમરના માર્ગમાં કેટલી મુશ્કેલીઓ હોય છે. પર્વતમાં કોરેલા ઘાટ, તેમાં અંધકાર, હિંસક અને ઝેરી પશુપક્ષીઓ, નદીઓ, ખાણો, સાગરમાં મગરમત્સ્યો, ખડકો, વમળો હોય છે છતાં ટીકીટ લઇ નીરાંતે ઉંઘી જાઓ છો, કારણ? રેલ્વે કંપની પર વિશ્વાસ છે. તેની કાર્યવાહી, વ્યવસ્થા—શક્તિ, નીતિમત્તા અને પ્રામાણિકતા ઉપર પૂર્ણ ભરોસો છે, તીર્થંકરદેવો ઉપર તેથી વધુ વિશ્વાસ કેળવો. કાયર ન બનો. ભીરુતા અને અશ્રદ્ધાનો ત્યાગ કરો. પ્રયોગ કરી જુઓ. સૌથી પહેલી શરત શરણાગતિની છે. શરણાગતિ એ પ્રથમ first શરત condition અકાટ્યકાનુન unviolable law છે. રાગીઓનાં, રૂશ્વત લેનારાઓનાં વચનો ઉપર વિશ્વાસ કરો છો, તો વીતરાગના વચનો ઉપર વિશ્વાસ મૂકતાં આંચકો કેમ? સંકોચ કેમ? ભય અને કૃપણતા શા માટે?

## વિશ્વાસની અગત્ય

નવકાર પાસેથી પહેલાં માગવા કરતાં પહેલાં તેને ગણવો એ ડહાપણ છે, ગણ્યા પહેલાં એ શુ આપે? કેવી રીતે આપે? દુકાન માંડો, નફો કયારે હાથમાં આવે? વર્ષના અંતે સરવૈયું કાઢયા બાદ, ત્યાં સુધી મહેનત કર્યે જ જાઓ છો. તેમ નવકાર માટે છ મહીના તો સર્વીસમાં—સેવામાં આપો પછી એનાથી શું લાભ છે? એ પૂછજો. કહેવું નહિ પડે. અનુભવ થઇ જશે, પરંતુ અટકે છે કયાં? વિશ્વાસ જોઇએ.

'જિસકે મનમેં ખટક, વોહી બડી અટક'

વિશ્વાસ પુરો જોઇશે. રેલ્વે કંપની કરતાં, સ્ટીમર કંપની કરતાં ઇન્સ્યુરન્સ કંપની કરતાં વધુ વિશ્વાસ વીતરાગ વચન અને તીર્થંકરોના તીર્થ પર જોઇશે.

તીર્થંકરોના તીર્થની સેવા કરો તો મોક્ષ મળશે ગવર્નમેન્ટની સર્વીસ કરે તેને પેન્શન મળે છે. મોક્ષ એ નિવૃત્તિ સ્થાન છે. પેન્શન મેળવવા માટે પહેલાં સેવા (service) કરવી જોઇએ. મોક્ષ મેળવવા માટે પહેલાં તીર્થની તીર્થંકરોના વચનની સેવા કરવી જોઇએ.

નવકારથી આજ જન્મમાં ત્રણે પ્રકારના સુખના અનુભવો થાય છે. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એ ત્રણે સુખની પરંપરાએ મોક્ષ પણ મળે છે.

## નવકાર એ શું છે?

'नमो अरिहंताणं' એ વાસ્તવમાં શું છે? મોહના કટ્ટર વૈરી અરિહંતોનો જયનાદ છે. મોહરૂપી જગતના દુશ્મન સામે, તેની સત્તા સામે જબ્બર પડકાર છે. અંગ્રેજો પોતાની સામે પડકાર કરનારને કેદમાં પુરી દેતા હતા પરંતુ એ. બી. સી. ડી. (A. B. C. D.) એમ જેલમાં ચાર વર્ગ રાખવા પડતા હતા. બળવાન પડકાર કરનારાઓને સી. (C) કે ડી. (D) કલાસમાં રાખતા ગભરાટ થતો હતો તેથી એ (A) કે બી (B) વર્ગ (Class)માં રાખતા હતા. તેમ મોહની સામે સંગઠિત થઇને એવો પડકાર કરીએ કે તે જેલમાં રાખે તો પણ A કે B વર્ગ (Class) માં જ તેને મૂકવા પડે. સી (C) કે ડી (D)માં મૂકતાં ગભરાય. દેવ અને મનુષ્યગતિ એ એ (A) અને બા (B) વર્ગ (Class) છે, જ્યારે નરક તીર્યંચ સી. (C) અને ડી (D) વર્ગ છે.

અરિહંતનો નમસ્કાર એ મોહને પડકાર છે. અરિહંતના નામથી મોહની સેના ધ્રુજી ઉઠે છે, કેમ કે તે નામ સ્નેહના શસ્ત્ર વડે મોહના મૂળને ઉખેડનાર વિશ્વના મિત્ર શ્રી અરિહંત ભગવંતની વિશ્વવત્સલ ભાવનાનું સ્મરણ કરાવનાર છે. જેના અંતરમાં વિશ્વ પ્રત્યે બંધુભાવ જાગ્યો, તેના અંતરમાં રાગદ્વેષાત્મક મોહનું સૈન્ય ટકી શકતું નથી. સર્વ જીવોની ઉત્કૃષ્ટ હિત ચિંતાના ભાવરૂપ મિત્રતા વડે 'અરિતા'—શત્રુતાનો ઉચ્છેદ કરનાર અરિહંત પરમાત્માઓ છે. તેથી તે ગુણના કારણે તેમને ભાવથી નમસ્કાર કરનાર જીવ પણ જીવો પ્રત્યે શત્રુતાનો ત્યાગ કરનાર થઇને અરિહંત સ્વરૂપ બની જાય છે.

॥ श्री शामळीया पार्श्वनाथाय नमः ॥

# સંમેતશિખર મહાતીર્થ-પ્રતિષ્ઠા

આ સંમેતશિખરં તીર્થ ભારતભરમાં પ્રસિદ્ધ અને પરમપવિત્ર તીર્થ છે. તે તીર્થ જીર્ણ-શીર્ણ દશામાં હતું, તેનો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૧૨માં શરૂ કરવામાં આવ્યો હતો તે આજે પૂર્ણ થયો છે.

આ પરમ પાવન તીર્થાધિરાજની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૧૭ મહા વદી ૭ બુધવાર તા. ૮-૨-૬૧ના રોજ નિર્ધારેલ છે, તે નિમિત્તે પ્રતિષ્ઠાનો મહામહોત્સવ તથા નવીન તૈયાર થયેલ ભવ્ય જિનપ્રાસાદમાં મૂળનાયક સહિત નવ જિનેશ્વર ભગવંતોનાં બિમ્બો પ્રતિષ્ઠિત કરવાનાં છે.

પરમપાવન મહાચમત્કારી અતિપ્રાચીન ભવ્ય મૂળનાયક ભગવંતની પ્રતિષ્ઠા ઉછામણી બોલી આપવાનો નિર્ણય કર્યો છે. તેમાં રૂા. ૧,૧૧,૧,૧૧ એક લાખ અગીઆર હજાર એકસો અગીઆર. એક મહાભાગ્યશાળી ભાઇએ જાહેર કર્યા છે. તેનો છેલ્લો આદેશ કલકત્તામાં ૯૬ કેનીંગ સ્ટ્રીટ જૈન ઉપાશ્રયમાં વિ. સં. ૨૦૧૭ કારતક વદ ૧ શુક્રવાર તા. ૪-૧૧-૬૦ના રોજ આપવામાં આવશે. આ પહેલાં મુંબઇ, અમદાવાદ, કલકત્તા, બેંગલોર, મદ્રાસ, પૂના, સાદડી વિગેરે સ્થળે વ્યાખ્યાનોમાં અવસરે જે આંકડો વધશે તે જાહેર કરવામાં આવશે અને છેલ્લે કલકત્તામાં નિર્ધારિત કરેલ દિવસે છેલ્લો આદેશ આપવામાં આવશે.

આ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે અંજનશલાકા મહોત્સવ વિગેરેની પણ ઘણી બોલી બોલાવવાની છે તે કયે સ્થળે બોલાવવી તેનો નિર્ણય હવે પછી નક્કી કરી જાહેર કરવામાં આવશે.

પ્રતિષ્ઠા અંગે નીચેના જિનેશ્વર ભગવંતોનાં જિનબિમ્બોને પ્રતિષ્ઠિત કરવા માટે આ પ્રમાણે નિર્ધાર કર્યો છે, તેમાં જે ભાગ્યશાળીઓ લાભ લેવા માગતા હોય તેમણે પોતાનું પુનિત નામ જીર્ણોદ્ધાર કમિટીને જણાવી લાભ લેવો.

૧. શ્રી પાર્શ્વનાથ ભગવંત શ્યામ ૪૫ ઇંચ ઉછામણી બોલવાની મુખ્ય મૂળનાયક

૨. શ્રી આદીશ્વર ભગવંત શ્વેત ૨૯ા ઇંચ નકરો રૂ. ૨૧૦૦૧ મુખ્ય મૂળનાયકની જમણી બાજુ

૩. શ્રી અભિનંદન સ્વામી શ્વેત ૩૧ ઇંચ નકરો રૂ. ૨૧૦૦૧ મુખ્ય મૂળનાયકની ડાબી બાજુ

૪. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ શ્વેત ૪૧ ઇંચ નકરો રૂ. ૨૫૦૦૧ મુખ્ય મૂળનાયકની જ. બા. મૂ. ના.

૫. શ્રી પાર્શ્વનાથ ભગવંત શ્યામ ૧૩ ઇંચ નકરો રૂ. ૧૧૦૦૧ જમણી બા. મૂ. ના જમણી બાજુ

૬. શ્રી પાર્શ્વનાથ ભગવંત શ્યામ ૧૫ ઈંચ નકરો રૂ. ૧૧૦૦૧ જમણી બા. મૂ ની ડાબી બાજુ

૭. શ્રી પદ્મપ્રભુ સ્વામી શ્વેત ૩૧ ઇંચ નકરો રૂ. ૨૫૦૦૧ મુખ્ય મૂળનાયકની ડાબી બાજુના મૂ. ના

૮. શ્રી પાર્શ્વનાથ ભગવંત શ્યામ ૧૯ાા ,, નકરો રૂ. ૧૧૦૦૧ ડાબી બાજુના મૂ. ની જમણી બાજુ

૯ શ્રી સંભવનાથ ભગવંત શ્યામ ૧૭ ,, નકરો રૂ. ૧૧૦૦૧ ડાબી બાજુની મૂ. ની ડાબી બાજું

## અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે નવકારશી તથા ભાતા આદિનો નીચે પ્રમાણેની રકમનો નકરો નિર્ધારિત કરેલ છે.

| | |
|---|---|
| વિ. સં. ૨૦૧૭ના મહા સુદ ૧૦ ગુરૂવાર તા. ૨૬–૧–૬૧થી મહા વદ ૨ ગુરૂવાર તા. ૨–૨–૬૧ સુધી | દરરોજના સવારના ભાતા માટે રૂ. ૩૦૦૧ ત્રણહજાર એક |
| મહા વદી ૩ શુક્રવાર તા. ૩–૨–૬૧થી મહા વદી ૬ મંગળવાર તા. ૭–૨–૬૧ સુધી | દરરોજના સવારના ભાતા માટે રૂ. ૫૦૦૧ પાંચહજાર એક |
| મહા વદી ૭ તા. ૮–૨–૬૧ બુધવારના રોજ | પ્રતિષ્ઠાદિને સવારના ભાતા માટે રૂ. ૭૦૦૧, સાત હજારએક |
| મહા વદી ૮ તા. ૯–૨–૬૧ ગુરૂવારના રોજ | સવારના ભાતા માટે રૂ. ૩૦૦૧ ત્રણહજાર એક |

## 卐 નવકારશીઓ માટે 卐

| | |
|---|---|
| મહા સુદ ૧૦ ગુરૂવાર તા. ૨૬–૧–૬૧ મહા વદ ૨ ગુરૂવાર તા. ૨–૨–૬૧ સુધીના | પ્રતિદિનની નોકારશી માટે ,, રૂ. ૧૦૦૦૧ દસહજાર એક |
| મહા વદી ૩ શુક્રવાર તા. ૩–૨–૬૧થી મહા વદ ૬ મંગળવાર તા. ૭–૨–૬૧ સુધી | પ્રતિદિનની નોકારશી માટે ,, રૂ. ૧૫૦૦૧ પંદરહજાર એક |
| મહા વદી ૭ બુધવાર તા. ૮–૨–૬૧ | નોકારશી માટે ,, રૂ. ૨૧૦૦૧ એકવીસહજાર એક |
| મહા વદી ૮ ગુરુવાર તા. ૯–૨–૬૧ | નોકારશી માટે ,, રૂ. ૧૦૦૦૧ દસહજાર એક |

આ પ્રમાણે ઉપરની વસ્તુઓની નકરાની રકમ નિધારિત કરેલ છે.

સંમેતશિખર એ જૈનોનું મહાતીર્થ છે. આવા મહાતીર્થની પ્રતિષ્ઠાનો પ્રસંગ સેંકડો વર્ષ બાદ કોઈકજવાર આવે છે તો પુણ્યવાનો પોતાની લક્ષ્મીને આવા પવિત્ર કાર્યમાં ખર્ચી સફળતા ઉપાર્જન કરે.

લિઃ

**શ્રી સંમેતશિખર તીર્થોદ્ધાર કમીટી**

રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાલા

ઠે. ગોપીપુરા આગમ મંદિર—સુરત.

# ચમત્કારી સરોવર: ( લોભનો દારૂણ અંજામ

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

ચાર કષાયોમાં સર્વથી વધુ અનર્થપ્રદ કોઇ હોય તો લોભ છે. સર્વ પાપોનું મૂલ ખરેખર લોભ છે. લોભને વશ થયેલાઓ સંતોષ, સમતા, ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા કે ધૈર્ય ઇત્યાદિ સઘળુ ગૂમાવી દે છે. એટલું જ નહિ વિચાર કે દીર્ઘદૃષ્ટિ પણ તેઓમાં હોતી નથી એ હકીકતનું સમર્થન કરવા સાથે લોભના પરિણામે જેને જીવનપર્યંત પશ્ચાત્તાપથી પ્રજ્વલિત બનવું પડ્યું છે, તે વાનરનું દૃષ્ટાંત અહિં પૂ. આચાર્ય મહારાજશ્રી આલેખે છે.

⊙

માનવીઓને સુખની લાલસા સીમા વગરની હોય છે. સુખ જોઇએ છે કેટલું ? તેનું માપ કોઈએ કાઢયું નથી. સાગરના સામા કિનારાની વાત સંભળાય છે, લવણસમુદ્ર જેવાનું ય બે લાખ યોજનનું માપ શાસ્ત્રોમાં કહ્યું છે. છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. તેનું અસંખ્યાતા યોજન પ્રમાણ મપાયું છે. પણ લાલસા, માનવના સુખની કામનાની સીમાનું માપ કયાંય દેખાતું નથી. એટલે એમ કહેવાય છે કે, લોભ-લાલસા અંતવગરના છે અને દુઃખ પણ અંત વગરનું છે.

અનંત-કાલના સંસાર પરિભ્રમણ કાલે જીવાત્માએ અનંત દુઃખો-વેદનાઓ સહી છે. હાં, લોભ-લાલસાનો અંત લાવવાનું ઔષધ એકજ અમોઘ-રામબાણ જેવું સંતોષ છે. જે મળે, જેવી પરિસ્થિતિમાં ઉભા હોઈએ, જેવા સંયોગોનું વાતાવરણ હોય તે પરિસ્થિતિને -સંયોગોને અનુકૂલ બનીને 'બસ આટલું ઘણું છે' એવી કલ્પના થઇ જાય તો પછી સુખ આવ્યું, લાલસા ગઇ, લોભ લોપ થઈ ગયો.

સંસારના અનેક માનવીઓના આચારવિચારો એક નજરે જોતાં દેખાય છે કે, સાત સાંધે છે અને તેર ત્રુટી જાય છે. મતલબ કે એક આશા તનતોડ મહેનતથી પરિપૂર્ણ થાય અને બીજી અનેક આશાઓના ઝંઝાવાતોમાં સપડાયેલો જ હોય છે. અજ્ઞાનતાથી જીવ કુવિકલ્પોની કાતીલ અણીયારી છુરીથી પલે પલે હણાતો જ જાય છે, ઘવાતો જાય છે. પણ એકેય વિકલ્પ પૂરો થતો નથી અને કદી કદી કોઈ વિકલ્પ સફલ થાય તોય તેની પાછળ લાખો વિકલ્પોને જન્મ આપે છે. જે પાયા વગરના કદીય સફલ ન થાય એવા બોજ રૂપ હોય છે. અલ્પ પણ વિકલ્પ માનવોને આકુલ-વ્યાકુલ, હાવરો-બાવરો કરી મુકે છે.

જો માનવી પોતે ભાગ્યથી મળેલી વસ્તુને સંતોષથી પૂર્ણ રૂપ માને તો કદી દુઃખ તેને સ્પર્શે જ નહીં, દુઃખાકુળ બને જ નહી. પણ સંસારનું સ્વરૂપ જ બિહામણું અને ભયંકર છે. ઘડીકભર મીઠાશ-સુવાસ ભાસે છે. પણ એજ સંયોગો-પદાર્થો પલટાતાં એમાંથી દુઃખની ચીસ ઉદ્ભવે છે. એ કારમી અને સાંભળનારને કમકમાટી છોડાવે એવી જબ્બર હોય છે.

અહીં એક વાનર-પ્રાણીની કથા કહેવાય છે. જે પ્રલોભન કેવુ દુઃખ આપે છે? પ્રલોભન માનવને કેવો પલટો આપે છે? જીંદગી સુધી સંતપ્ત રાખે છે. એનો આથી આબેહુબ-ચકિત

કરનારો ચિતાર ઉભો થઈ જાય છે. એક સાધના-માર્ગનું સાધકને ગ્રાહ્ય-ચિત્ર ખડું થઈ જાય છે.

(૧)

શહેર અને નગર, ગામ અને ખેટકથી ઘણે જ દૂર એક ભયંકર અટવી હતી. જે અટવી અનેક જંગલી શ્વાપદોના ભિષણ-ગર્જનોથી દારૂણ બની રહી હતી. જેમાં કોઈપણ વીરનેય પસાર થતાં ધૂજારો છુટી જતો હતો. ચારે બાજુથી ભય અને ભયનું જ મોજું ફરી વળેલું દેખાતું હતું. જેનો સ્પર્શ થતાં કોઇ પણ વ્યકિતને મૂર્છા આવી જાય એમાં નવાઈ નહોતી.

આ અટવીના મધ્યભાગમાં, માનવીના મધ્ય ભાગની નાભિના જેવું એક નિર્મલ જલથી લહેરાતું વિશાલ સરોવર હતું. જેના કિનારે અનેક વૃક્ષોની ઘટા વાનરાદિ પ્રાણીઓને નાચવા મનોરમ સ્થળરૂપ બની હતી, એ સરોવરને લોકો કામુક તીર્થના નામથી ઓળખતા, અને તે જગ-પ્રસિદ્ધ થયેલું હતું.

એ સુંદર સરોવરના તીર પર વંજુલ નામનું જુનું, મોટું, આકર્ષક અને વિશાળ છાયાને પાથરતું વૃક્ષ હતું. જેના પર ચઢીને કોઇ પ્રાણી એ સરોવરમાં પડતું મુકે તો સુંદર રૂપવાળો માનવ બની જાય અને માનવ કોઇ પડે તો દૈવીય રૂપધર બની જાય એવો અદ્દભૂત અને ચકિત કરનારો મહા-મહિમા હતો. 'मणिमंत्रौषधीनामचिंत्य-महिमा' મણિ, મંત્ર, ઔષધિઓનો અચિંત્ય, અકલ્પ્ય મહિમા શાસ્ત્રો ગાય છે. એ સહજ સિદ્ધ છે.

એ વંજુલ નામના મંજુલ વૃક્ષ પર નાચતો-કુદતો પોતાની પ્રિયતમા વાનરીની સાથે વાનર આવ્યો. આવા વૃક્ષો વાનરોને અતીવ પ્રિયતમ હોય છે. તે વાનર એ વૃક્ષ પર પોતાની વાનરીની સાથે ઘણું ઘણું કુદયો, નાચ્યો, ઝુલા ખાધા, હીંચોળ્યો અંતમાં ચપલ સ્વભાવી તે વાનરે વાનરીની સાથે કંઈક ઇશારો કર્યો અને બન્નેય તે સરોવરમાં કુદી પડયા, ઝંપાપાત કર્યો અને તુર્તજ બન્નેય વાનર-વાનરી સુંદર રૂપધર નર અને નારી બની ગયા અને આમોદ-પ્રમોદથી અત્યંત આનંદિત થઈને તેઓ વિચારવા લાગ્યાં; 'અહો! આ સરોવરના જલનો, કામુક-તીર્થનો કેવો અદ્દભુત અને અલભ્ય ફલપ્રાપક મંગલ-મહિમા છે! જેથી તિર્યંચ ગતિનાં અસહાય દુઃખો નષ્ટ થયાં અને આપણે માનવ દેહધારી રૂપાળાં બની ગયાં' 'लोभात्सर्वं विनश्यति' આ ઉકિત યથાર્થતા ભજવે છે. આ બિચારા ભલે માનવ-દેહધારી અકસ્માત બની ગયાં પણ બુદ્ધિ તો મૂલ પશુ સ્વભાવની જ ને! એટલે માનવદેહ મલ્યો પણ સંતોષ ન થયો પણ અધિક રૂપવાન્ બનવાની ઈચ્છાથી અથવા માનવ ફીટી દેવ થવાની કામના જાગી.

અનંત-કાલથી જડવિષયોથી અતૃપ્ત આત્મા થોડું મલતાં બહોળાનો પ્રલોભી બને છે. કોઈને રસ્તામાં સૂવું પડતું હોય તેને ઝુંપડું મલતાં આનંદ થાય છે. પણ ઝુંપડું મલતાં એની આશા પાકા ગૃહ તરફ વળે છે. કદાચ કર્મ યોગે સુંદર ઘર મલી જાય પછી એને બંગલાની પ્રાપ્તિ કયારે થાય? એ ઝંખના હેરાન કરે છે. બંગલો મલતાં તેને ઉંચો બનાવવાની ઈચ્છા થાય છે. અને એના સાત કે ચૌદ માળ બની જાય પછી એ ઈચ્છે છે કે, આકાશમાં ઉડતું વિમાન મલે તો સારૂં. વિમાન મલી જાય. પછી રત્ન-જડિત ઘુઘરીયોથી રૂમ-ઝુમતું ઈન્દ્રના જેવું વિમાન મલે તો સારૂં આવી અનેક આતુરતા પેદા થાય છે. મન-માન્યું સઘળુંય મલી જતાંય આત્માને સંતોષ, ધીરતા, વિશ્વાસ, પરિતૃપ્તિ થતી જ નથી. વધારે આકુલ-વ્યાકુલ બનીને આ મળ્યું છે એ ટકશે કે કેમ? અથવા હું ટકીશ કે કેમ? આ ચિંતા એને ઘેરી લેતાં તે અનહદ દુઃખી દુઃખીજ બની જાય છે. ન તો શાન્તિથી આત્મા તરફ નજર ફેંકે છે. ન

તો કોઇ સજ્જનનો સંગ કરે છે. ન તો કોઈ એકાન્ત સ્થળમાં બેસીને આત્મસાધના કરે છે. દુઃખનું મૂલ જ અસંતોષ છે, અવિશ્વાસ છે, અપૂર્ણતાની અલ્પ-મતિ છે.

બિચારો વાંદરો અને વાંદરી જાતિ-પલ્ટો લેઈને માનવ સ્વરૂપ બન્યાં અને માનવ પણ અલૌકિક અને અદ્‌ભુત સૌન્દર્યથી નીતરતાં દેવ-સદૃશ માનવ બન્યાં એક બીજાને જોઇને અત્યંત પ્રસન્ન થાય છે, એક બીજાને ભેટે છે. અહો, આપણે કેવું અકલ્પ્ય ભાગ્ય લઇને આવેલા કે જેના પ્રતાપથી આ તિર્યંચ-ગતિમાંથી વિવશ દશા-મુકત બનીને સ્વેચ્છાચારી માનવ બન્યાં! સ્વજાતનો, રૂપનો ગર્વ કરતાં વાનર-ભાઈને વિચાર થયો કે, 'આ કામુક-તીર્થ અપૂર્વ પ્રભાવ-સંપન્ન છે. જો પશુમાંથી માનવ થયા તો ફરીથી એકવાર સાહસ ખેડીને ઝંપાપાત કરીયે તો દેવ કેમ નહિ બનીયે,' ભાવિની સ્વપ્ન-સૃષ્ટિમાં સુખ કે આશા-સાફલ્ય દેખાતું હોય તો માનવી ઘેલો બનીને અસહ્ય દુઃખોને વધાવી લે છે, હસતે મોઢે વેઠી લે છે.

જે મહાત્માઓ આત્મસંપત્તિને મેળવવાની તીવ્રાતુરતાથી વર્તમાન દેહવ્યામોહ પણ છોડી દે છે. માત્ર આત્મ-ચિંતવનની એકાકારતા જ તેઓને ઘણી જ પસંદ પડે છે. કારણ કે એક દેહનો આત્મા અર્થે ભોગ આપતાં જો આત્મ-સ્વરૂપજ્ઞાતા આત્મા સ્વરૂપરમણતાવાળો બને તો તે સર્વ-સિદ્ધિ જ સમજે છે, માને છે.

વાનર-બન્ધુએ સ્વપ્રિયતમાને મધુર સ્વરે કહ્યું; 'પ્રિયદેવી! જો આપણે એક વખતના સાહસથી માનવ બન્યા. તો બીજીવાર પણ વંજુલવૃક્ષ ઉપર ચઢીને પાણીમાં ઝંપલાવીએ તો જરૂર દિવ્ય-વિભૂતિના ધણી દેવ બની જઇશું! જરા હિંમત રાખવી પડશે!' પણ વાનર-સ્ત્રી ચતુર હતી, અને કંઇક દીર્ઘ વિચારક હતી. એણે વિચાર્યું કે 'લોભ પાપનું મૂલ છે. આજે તિર્યંચ મટીને માનવ થયાં, વાચા ફૂટી અને બુદ્ધિ પણ સારાસારના હેતુઓના ફલોને વિચારવાવાળી મલી. જો કંઇક ભાગ્ય-નસીબ ઓછું હોય અને પાછા તિર્યંચ બની જઈએ તો આ મળેલું દુર્લભ માનવપણુંય સમૂલગું ખોઇ બેસીયે.

(૨)

આ તીર્થનો એવો દિવ્ય સિદ્ધ નિયમ હતો કે, 'એક જ વાર ઝંપાવાત થાય. બીજી વાર આપતાં જેવું મૂલ સ્વરૂપ હોય તેવું જ બની જાય. અને એક જ વ્યક્તિને બીજી વાર ત્યાંથી કંઈ લાભ ન મલે!'

જો કે, વાનરી-મહિલાને આ કંઈ સમજ નથી પણ સંતોષ પ્રકૃતિ સહજ હતી. તેથી તેણીએ વાનરને કહ્યું કે, 'વધારે લોભ ન કરતાં આ જ બસ છે, ચાલો નગરમાં જઈએ અને કંઈક ઉદ્યમ કરીએ. જેથી માનવ-જન્મનો લ્હાવો લૂંટાય.'

વાનરભાઈ ન જ સમજ્યા! 'અરે, તું તો મૂર્ખી છે, મૂઢ છે, ભોળી છે. દેવ બનીયે તો કંઈ જ ઉપાધિ ન રહે! આ તો માનવોને કમાવાની ઉપાધિ! ઘર બાંધવાં. રોજગારો કરવા અને કોની સાથે ગામમાં વસવું! આ શા માટે જોઈએ? દેવ બનશું તો ઈચ્છા માત્રથી સુખો મલી જાય છે.'

આજે આવા પણ ઘણા માનવીઓ ડગલે ને પગલે નજરે ચઢે છે ને! જેઓ કંઈ જ ધર્મ માટે કે અન્ય પણ કાંઈ જ શ્રમ કરવા ઈચ્છતા નથી. માત્ર સુખો, વિલાસો, આનંદો જ તેઓને જોઈએ છે. નસીબ પુટેલું હોવાથી આવાઓની અકકલ અને હૈયું પણ પુટેલું બની જાય છે. અને ચમત્કારની ઘેલી કે વેવલી વાતો કરનાર ધૂર્ત-જન મલી જાય તો એની બીછાવેલી કાવત્રા ભરેલી વાતોના એ ભયંકર શિકાર બની જાય છે. પોતાની પાસે જે કંઇ રહ્યું સહ્યું હોય છે તે પણ ખોઇને રોતલ બની જાય છે. શેઠાઈ જોઇએ છે કોઇની નોકરી કરવી ગમતી નથી! અને પુણ્ય

કરવું નથી. ધર્મને અડકવું નથી. તો આ કામનાઓ કયાંથી સિદ્ધ થાય ? જે છે એ સઘળુંય ધર્મથી છે. સર્વનો સહારો ધર્મ છે દુઃખીયારાના દુઃખને ભાંગનાર માત્ર ધર્મ જ છે. પુણ્ય છે. પણ જ્યારે નસીબ પાતાલે પહોંચ્યું હોય ત્યારે આ સમજાય જ કયાંથી ?

વાનરી–સ્ત્રીએ વાનર–ભાઇને ઘણું સમજાવ્યો. ઘણું ફોસલાવ્યો. પણ તે તો સ્વહિતવાંછક સ્ત્રીનો તિરસ્કાર કરતો રહ્યો અને કહેવા લાગ્યો કે, 'પુરૂષાર્થ તો પુરૂષોમાં જ વર્તે છે. તું તો અબલા છે ને ? તારા જેવી કમજોર નમાલી સ્ત્રીઓ શું કરી શકવાની છે ? હું તો પલમાં દેવ બનીશ ! અને તું તો અદની સ્ત્રી રોતી જ રહીશ.'

આ આક્રોશથી વાનરી–સ્ત્રીને જરાય શૂરાતન ન ચઢયું. પણ વધારે ધીરજવાળી–સંતોષી બની. બીજાઓની વાતોની ગોળીઓ લાગતાં અસંતોષી અધીર માનવી જલ્દી ગરમ થઈ જાય છે. અને અવિચાર્યું–અઘટિત પગલું ભરી દે છે. અંતમાં પરિતાપની અગ્નિથી પ્રજ્વલિત થઇને, બળીને ખાખ થાય છે. વાનરી–સ્ત્રી તો શાન્ત–પ્રસન્ન થઈને મળેલી માનવતાને જ મહા–કિંમતી વસ્તુ માનીને ઉભી રહી ! જોતી રહી !

વાનર–બંધુ તો કુદ્યા અને એ વંજુલ–વૃક્ષ પર દેવ બનવાની હોંશથી ચઢી ગયા. અને છાતી ફુલાવી, મનને જરા ઠીકઠાક મજબૂત કરીને, દેવ બનવાની ઉત્કંઠાથી તે કામુક–તીર્થના સરોવરના ઉંડા પાણીમાં પડયા. પડતાં જ પાછા હતા તેવા તિર્યંચ–વાનર બની ગયા. માનવ–પણું ખોઈ બેઠા. રડવા લાગ્યા. ઘણો જ ખેદ કરવા લાગ્યા. પણ હવે શું થાય ? એક જ વાર પાણી કંઈક કરે એવું પ્રભાવિક હતું. હવે પચીસ વાર પાણીમાં પડે તો ય શું ? કંઈ માનવ બને ખરા ? કદીય નહી.

માનવોને ય આ વાનર–લીલાથી બોધ–પાઠ લેવાનો રહે છે કે, અતીવ પ્રલોભ કરવાથી છે એનો ય નાશ નોંતરાશે ! ઠીક છે. જરૂરીયાત જેટલો શ્રમ લેવો પડે ! પણ એમાં આંધળીયા કરીને આંધળી દોટ મૂકતાં પાછા હતા તેવા થવામાં ઘણી જ મુશ્કેલીઓ–આપત્તિઓ વેઠવી જ પડે છે. મનોરથો મોટા છે અને નસીબ સાંકડું છે. પછી એ મનોરથો આકાશ–કુસુમ જેવા વ્યર્થ જ જાય છે. મનોરથની સિદ્ધિની ચિંતાનો જ બોજો પલ્લામાં રહે છે !

વાનરી–સ્ત્રી આ ભયંકર અટવીમાં એકલી ઉભી છે; પણ ધીરજતાની અને સૌન્દર્યની મૂર્તિ સમી ડગી નહી. અને–ફલો ખાઇને ખૂબ જ મક્કમતાથી એ અટવીને જ ઘર માનીને વિચરતી મન–માની મોજ ઉડાવતી, આનંદ ગરકાવ રહેતી.

એક સમયે તે રૂપ–રાણી વાનરી–સ્ત્રી કામુક–તીર્થની આસપાસ એકલી ફરી રહી હતી અને કંઈક મનની સાથે વાતો કરતી હતી કે, 'વાનર તો માનવતા ગુમાવી બેઠો ! હું નારી રૂપવંતી રહી ! નગરોના શોભા જોવી જોઇએ ! માનવીઓને મળવું જોઇએ ! માનવીઓના સુખ–ચમનો પણ અનુભવવા જોઇએ ! આ વનમાં વન–દેવીની જેમ જીંદગી પુરી કરવી એ તો કેદ જ છે ને ! એકલવાયું ભયંકર વનમાં કેમ રહેવાય ?

શરીરની સાથે છાયા–ઓળા વળગેલા છે. તેમ પ્રત્યેક માનવોને શુભ–અશુભ કર્મો ય પણ સંયોજીત હોય છે. માનવ કર્મની સાંકળથી બંધાયેલો હોય છે. ગમે તે ગતિમાં જાય તોય તે કર્મસાંકળ જ એની યોજના ઘડી આપે છે. કદિ સુખી કદિ દુઃખી, કદિ સોગી કદી રોગી, કદિ ભોગી કદિ યોગી, કદિ આનંદ–મગ્ન કદિ ચિંતા–મગ્ન, કદિ ધર્મ પરાયણ કદી પાપ–પરાયણ, કદિ ગર્વીષ્ટ કદી નમ્ર: આ દશાઓ કર્માધીન છે.

વનમાં એકલી ફરતી એ વન-દેવી જેવી સૌન્દર્ય-પ્રતિમા સમી વાનર-સ્ત્રી આમ તેમ ફરીને દિવસો પૂરા કરે છે.

(૩)

એક દિવસે એક નજીક નગરનો નરપતિ એજ અટવીની સહેલ કરવા, માનો કે આ અબલાની પુણ્ય-ટેલનો પડઘો પાડવા આવી ચઢ્યો.

આવા ભયંકર સ્થળમાં, આવી નિર્જન-ભૂમિ પર એકલવાયી હરતી-ફરતી, પ્રસન્ન-મુખાકૃતિથી વૃક્ષો અને પક્ષીઓનેય પ્રફુલ્લિત કરતી એ દેવી-સ્વરૂપ અબલાને રાજાએ દેખી એ સ્ત્રીના પર નજર પડતાં જ રાજા ચકિત બન્યો આવા દારૂણ-સ્થળમાં આવી રૂપરૂપના ભંડાર જેવી આ સ્ત્રી કોણ હશે? શું કોઈ કિન્નરી કે વિદ્યાધરી હશે? કે કોઇ પાતાલ-કન્યા હશે? આવી અનેક કલ્પનાના હીંચોળે રાજા ઝુલ્યો પણ છેવટે નિર્ણય થયો કે આ તો માનવ-જાતિની જ કોઇ સ્ત્રી છે. બસ રાજા તો વિહ્વલ બન્યો, વિવશ થયો, એકમના થયો. એકજ ચિત્તની ચિંતાના ચમકતા અંગારાથી બળી ઝળી ઉઠયો અહો, આ સ્ત્રીને તો મારી પટરાણી બનાવવી જોઈએ. આવી રૂપ-રાણીઓ તો રાજાઓને ત્યાંજ શોભે! રાજાના અંતેઉરની આ તો મહા લક્ષ્મી જ બનવા જાણે બ્રહ્માએ સર્વ-રૂપાણુઓ શ્રમથી ભેગાં કરીને આને સર્જી-બનાવી હશે! રાજાનાં હૈયાને કામ-ચોરે હચમચાવી મૂકયું.

જ્યાં કામનો વાસ ત્યાં સત્યાનાશ! કામની કરામત એવી ગેબી-એવી વિલક્ષણ છે કે, કામ-વિવશને નથી હોતી લાજ, નથી હોતી ધર્મ-ભાવના કે નથી હોતી મૃત્યુની બીક. કામની જ્યાં છાયા પડે ત્યાં ધર્મ-દેવ-ગુરુ-પિતા-માતા ભાઈ-ભગિની કે કુલ-વંશ-કીર્તિ કંઇ જ રહેતું નથી. સર્વનાશનું નોતરૂં જ કામાસક્તિ છે.

રાજા રાજ્યને વિસર્યો સ્વજનોને ભૂલ્યો સ્વસૈન્યને કે મંત્રીઓની સલાહને પણ તરછોડવા તૈયાર થયો અને એ સ્ત્રીના રણકારા પ્રતિ ધીમે ધીમે ડગ ભરતો પણ મકકમતાથી ચાલ્યો. સ્ત્રી તો એમની એમજ નેત્રને અકલ-વકલ ફેરવતી ઉભી જ હતી. રાજાએ સ્ત્રીને બોલાવી. સ્ત્રી પણ કંઇક સ્થાન પ્રાપ્ત કરવા ઇચ્છતી જ હતી. સ્ત્રી જરા શરમાઈ! જરા પાછી હઠી-જરા હસી અને જરા પ્રેમ-નજર કરતી રાજાને હૈયાથી, નયનથી અને વચનથી ભેટી જ પડી! ઈંગિતાકાર પણ અનંક્ષર-શ્રુત છે ને! રાજા સમજી ગયો કે, આ સ્ત્રી સર્વાર્પણ કરીને મારી સાથે ચાલવા તૈયાર જ છે! રાજાએ મધુર-શબ્દોથી બોલાવી અને સર્વ તેનો વૃત્તાંત પૂછયો. સ્ત્રીએ પણ ભદ્રિક-પરિણામથી અથથી ઇતિ સુધીનું વર્ણન સંભળાવ્યું.

હર્ષિત થયેલો રાજવી રાજ-મહેલમાં તે સ્ત્રી-રત્નને સબહુમાન તેડી ગયો. રાજા માનતો કે, 'મને આજે અનાયાસે સૌન્દર્ય-મયી-દેવીનું મિલન થયું.' સ્ત્રી માનતી કે, વાંદરીમાંથી માનવસ્ત્રી બન્યા પછી કયાંય પણ ઠરી-ઠામ બેસવાનું તો જોઇતું જ હતું. આ તીર્થના પ્રભાવે જ રાજ-ભવન મલ્યું.' ઉભયને સ્વાર્થસિદ્ધ થવાથી અસીમ આનંદ-રોમાંચાનુભવ થયો.

એ સાચે જ સ્વસૌન્દર્યથી, સ્વવિનય, નમ્રતા, ભદ્રિકતાના ગુણથી પટરાણીના ઉચ્ચપદને પામી!

કયાં એક વાનરની સાથે વનમાં ભટકતી વાનરી અને કયાં એક મહારાજાની માનીતી મહારાણીના પદે બિરાજતી પટ્ટરાણી! કર્મની લીલા માનવીઓને અવનવાં ન કલ્પી શકાય તેવાં નાટકો ભજવાવે જ છે. કર્મ તારી ગજબ-લીલાએ તો કંઇ રાજાને રંક બનાવી દીધા અને રંકને રાજ્યાસને બેસાડી દીધાં છે. ભર્યા ભાણે જમનારને ટુકડા રોટલા માટે નિરાશ કર્યાં છે અને ટુકડા માગીને ખાનારને ખીર-પુરીનાં ભોજન જમાડી દીધા છે. હતપ્રહત પણ કર્મ કરે છે

અને અભ્યુદયના શિખરે પણ કર્મ જ ચઢાવે છે. રડાવે, હસાવે, રઝડાવે, નીચે પટકે, ઉપર ચડાવે, પલે પલે નવા રંગ પલ્ટાઓ કર્મના જ પ્રતાપે થાય છે. અરે ! આખા સંસારનું નિયમન કર્મ જ કરે છે. આત્મા અકર્મા બને તો જ કર્મ-ચુંગાલથી છટકી શકે છે. કર્મની નાગચૂડ ઉકલી જાય છે. મુક્તિમાં જ કર્મ–સત્તા બિચારી રાંક–કંગાળ બનીને બેસી જાય છે.

(૪)

વાનરી–મહિલા પટ્ટરાણી બનીને મન-માન્યા ઐહિક સુખમાં લપટાઈ ગઇ. સ્વજાતિને તો બિલ્કુલ ભૂલી જ ગઈ !

માનવોને કોઇ ચિન્હો, કોઇ ઇસારાઓ, કોઈ સંકેતો, જુની ભૂલાઈ ગયેલી, વિસારે પડેલી વાતો સ્મૃતિ–પટ પર આલેખી દે છે. ભલે માનવી ભાન-ભૂલા બનીને વીતેલી વિપત્તિની વિષમ–પલોને ભૂલી જાય પણ કાલ પસાર થતાં તે પલો આંખ સામે તે વિપત્તિનાં ચિત્રો ખડાં કરી દે છે.

એક મદારી ફરતો ફરતો તે અટવીની સહેલ કરતો કામુક-તીર્થ પાસે જઇ ચઢયો. પેલો ભૂતકાળમાં માનવ બનેલો વાનર તેની નજરે ચઢયો. મદારીને વિચાર થયો કે, આ વાનર ચપલ દેખાય છે, ખેલ કરવાના કામોમાં નિષ્ણાત થશે. મને રોટલો જડશે અને એક વિનોદનું સ્થાન બની જશે.' કલા–કૌશલ્યથી તે વાનરને મદારીએ કબજે કર્યો. માનવ-બુદ્ધિ પાસે બિચારા તિર્યંચનું શું ચાલે ? માનવમતિથી તો વિશાલ કાય હાથીઓ, પરાક્રમી સિંહો અને એવાં ચપલ અનેક જાનવરો જીંદગી સુધી બંધનોના ભોગ બની જાય છે.

વાનરભાઇ મદારીના દોરડાથી બંધાયા. મદારીની દોસ્તી વધતાં વાનરભાઇ તો અટવીને ભૂલ્યા ! વનનાં ઉંચાં ફલોથી લચી પડતાં વૃક્ષોને ભૂલ્યા ! જે છે તે હવે તો મદારી જ વાનરનું સર્વસ્વ બની ગયું. મુસ્તાક મદારી વાનરને નાચતાં શીખવે ! કૂદતાં શીખવે ! નવા નવા ખેલો કરાવે ! ખાવાનું પણ મન ભાવતું આપે. ચાળા–ચસ્કા કરતાંય એ વાનરએ આવડી ગયા. પોતે વાનર તો છે, વિકલ્પથી માનવ એટલે આ બધું શીખવામાં એને કંઈ જ વિલંબ ન થયો.

મદારી અનેક નગરોની મુસાફરી કરવા લાગ્યો. વાનરના ખેલોથી પોતાનું ગુજરાન સુખે ચાલ્યું અને વાનરને ય મઝા પડતી.

જે રાજાની પટરાણી પેલી વાનરી–સ્ત્રી બની હતી. તેજ રાજાના નગરમાં આ મદારી આવ્યો. આખાય નગરમાં ચકચાર થયો, લોકોના ટોળે ટોળાં એ વાનરના ખેલો જોતાં અને પ્રશંસા કરતાં. 'વાહ, વાંદરા વાહ ! તું તો ગજબનાક ખેલો કરે છે !' અખિલ નગરજનો હેરત નાક થઈ ગયા. મદારી તો મન માન્યું ધન મેલવતો, અન્ય સ્થળેથી અહીં વધારે રહ્યો. સ્વાર્થ–સિદ્ધિ સૌને પ્રિય હોય ને ?

અખિલ નગરના લોકો સાંજના ઠંડા સમયે આ મદારીના ખેલો જોવા કીડીયારાની જેમ ઉભરાતા. શું બાલ ? શું યુવક ? શું વૃદ્ધ ? શું વૃદ્ધા ? સઘળાયને ઘડિભર મદારીના ખેલો મંત્રમુગ્ધ બનાવી દેતા. આ સમાચાર વિજળીવેગે અને વાયુની ગતિથી રાજભવનની રાણીઓ સુધી પહોંચ્યા. રાણીગણ કુતુહલાવિષ્ટ બન્યો. રાજાને કહેણ મોકલાવ્યું કે, મદારીને રાજભવનમાં તેડાવો, અમોને પણ એના મોહક ખેલો જોવાની રઢ લાગી છે.' રાજાએ નોકરને મોકલીને રાણીઓને ખુશ કરવા મદારીને નોંતર્યો. મદારી સાજ સજીને, વાંદરાને શણગારીને રાજ–મેદાનમાં આવીને ખેલની ભૂમિકા રચવા, ડમ–ડમીયું વગાડતો, મીઠી મીઠી બંસીના મધુરા તાન છોડતો, અનેક અભિનયોના નખરાથી ભરેલું નૃત્ય કરતો સૌને આહ્વાન આપતો હોય તેવા જોરથી હાંકારો કરવા લાગ્યો.

આ તો રાજભવનનો ખાનગી ખેલ હતો. એટલે રાજા, રાજકુમારો અને રાણી-વાસ તેમજ કોમલાંગી કુમારીઓ જ ફક્ત હાજર હતી.

વાનર તો ખેલના તાનમાં આવ્યો. નાચ્યો નાચ્યો. ન કલ્પી શકાય એવાં કલા-પ્રદર્શનો વાનરે બતાવ્યાં, પણ વાનરની નજર ફક્ત પટરાણી પર જ ચોંટી અને રાણીએ પણ વાનરને જોયો, ઓળખ્યો અને વિમાસણમાં પડી ગઈ! વાનર મદારીને તરછોડી રાણી તરફ દોડતો. મદારીને ક્યાં દયા હતી? એ તો સ્વાર્થ-સાધક રમકડું લાગ્યો હતો. બિચારો વાનરને તે ફટકારવા લાગ્યો. રાણીએ અટકાવ્યો અને વાનરને સમજાવ્યું કે, 'જો તેં હિતકારી મારૂં વચન ન માન્યું અને પ્રલોભનમાં પડ્યો તેથી આવું અનર્થકારી ફલ તારે પલ્લે પડ્યું છે. જેવી પરિસ્થિતિ હોય તેવું વર્તવું પડે છે. કોઈનીય આનાકાની કે દાદાગીરી અહીં ચાલતી નથી. જો તું લોભ ન કરતે તો મારી જેમ માનવ-જન્મનાં ઐહિક સુખાસ્વાદો લહેજતથી લુંટી શકતે! હવે તો તું મને ચાહે તે અઘટિત છે, તું તારૂં કાર્ય કરે જા. પુનઃ એવી તક આ ભવમાં ક્યાંથી મલે કે તું માનવ બને?'

ભલે પોતે પશુજાતિના વેષને ભજવે છે, પણ સમજે છે કે, લોભ કરવા જતાં સર્વ-નાશનો ભોગ હું જ બન્યો છું. જે કર્મના ઉદયથી જે સમય-સંજોગ-પરિસ્થિતિ સાંપડે છે, તદનુકૂલ રહેવું એજ લાભ-પ્રદ છે. આઘા પાછા થતાં મદારીની સોટી જ માથે સહવી પડશે!

વાનર શાન્ત થયો. રાજાએ પણ રાણીના મુખથી આ વાતનું સ્પષ્ટીકરણ જાણ્યું. રાજાને પણ બોધ-પાઠ મલ્યો. લોભ ન કરવો. લોભથી વાનરની જેમ મૂલ સ્વરૂપ ખોઈ બેસાય છે.

સૌ જનો પ્રલોભનથી બચો! અને સંતોષ ગુટિકાને ઘસીને પ્રશાંત રસ પાન કરો! જેથી સદાય પ્રસન્નતા રહે!



# તપ, જપ, ધ્યાન આદિ અનુષ્ઠાનોની આરાધનામાં દક્ષિણાયન કાલની ઉપયોગિતા

**પૂ. મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ**

જૈન શાસ્ત્રોમાં અસાડ ચાતુર્માસને ધર્મની વિશિષ્ટ પ્રકારની આરાધનાનો કાલ જણાવ્યો છે. તપ, જપ, ધ્યાન આદિ અનુષ્ઠાનો માટે અસાડથી માગશર સુધીનો કાલ જે રીતે ઉપરોકત ધર્મારાધના માટે સવિશેષ સહાયક તથા ઉપકારક છે, તે હકીકત વૈજ્ઞાનિક તથા શાસ્ત્રીય દૃષ્ટિયે અન્વેષણપૂર્વક પૂ. મહારાજશ્રી સરળશૈલીમાં અહિં આપણને સમજાવે છે. ધર્મારાધના માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના જે આલંબનો શાસ્ત્રોમાં દર્શાવ્યાં છે. તે દૃષ્ટિયે પણ કાલ ધર્મની વિશિષ્ટ આરાધના માટે ઉપકારક છે. આથી જ ચાતુર્માસમાં, પર્યુષણાપર્વમાં તથા આસો મહિનામાં જે વિશિષ્ટ તપ, જપ, આદિ આરાધના થાય છે, તેનું રહસ્ય આપણને સમજાઇ જાય છે. સર્વ કોઇ આ લેખ અવશ્ય વાંચે અને વિચારે !

★

જગદુદ્ધારક શ્રી વીરપ્રભુના તીર્થમાં જે જે ધાર્મિક અનુષ્ઠાનોની વ્યવસ્થા છે તેનો જઘન્યમાં દ્રવ્યાદિ ચાર નિક્ષેપા (માર્ગ-પ્રકારો) થી પણ વિચાર થાય તો વિચારકને જરૂર લાગે કે આ વ્યવસ્થા સર્વજ્ઞ ભગવંતો વિના બીજાથી બની શકે નહીં.

આ ચાર નિક્ષેપમાંથી અહિં ફકત 'કાળ' નિક્ષેપનો જ યત્કિંચિત્ વિચાર કરવામાં આવશે.

દરેક વર્ષમાં બે અયનો ત્રણ કે છ ઋતુઓ અને બાર મહિનાની વ્યવસ્થા સર્વ દર્શનકારોને માન્ય છે. તેમાં દક્ષિણાયનથી શાસ્ત્રીય વર્ષનો પ્રારંભ થાય છે. દક્ષિણાયનમાં વર્ષા-શરદ અને હેમન્ત એ ત્રણ ઋતુમાં સૂર્ય-ચંદ્ર સમગ્ર પૃથ્વીને રસ-કસનાં દાન કરે છે જેને આયુર્વેદમાં 'વિસર્ગ' કાલ કહ્યો છે. તેમજ કહ્યું જ છે કે-

सौम्यत्वादन्नसोमो हि बलवान् हीयते रविः ।
मेघवृष्टयानिलैः शीतैः शान्ततापे महीतले ॥

દક્ષિણાયનનો પ્રભાવ (વાગ્ભટ્ટકૃત અષ્ટાંગ સૂત્ર સ્થાન તૃ. અ.)

ભાવાર્થ-દક્ષિણાયનમાં ચંદ્ર સૌમ્યતા-શીતળતામાં બળવાન અને સૂર્યનો તાપ ઘટતો જાય છે. વળી પૃથ્વી ઉપરની ગરમી પણ વાદળની વૃષ્ટિ અને શીતપવનથી ઘટી જાય છે.

સૂર્યની ગરમી જો કે ઘટતી લાગે છે પરંતુ સૂર્યમાં કિરણોની સંખ્યા તો દક્ષિણાયનમાં વધતી જ જાય છે.

શ્રી કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં જણાવ્યું છે કે 'દક્ષિણાયનમાં અષાડમાં સૂર્યનાં કિરણો ૧૫૦૦, શ્રાવણ-ભાદરવામાં ૧૫૦૦, આસોમાં ૧૬૦૦ ઉત્કૃષ્ટ હોય છે આસોમાં ચંદ્રની પણ ઉત્કૃષ્ટ જ્યોત્સ્ના શરદપૂર્ણિમાની રાત્રીએ હોય છે. દક્ષિણાયનના છ મહિનાના જૈનશાસ્ત્રાનુસારી નામો પણ સાન્વર્થ-ગુણનિષ્પન્ન નીચે મુજબ છે, શાસ્ત્રીય દૃષ્ટિએ શ્રાવણ વદી ૧ થી વર્ષ શરૂ થાય છે, તેમાં શ્રાવણને અભિનંદન, ભાદ્ર-

પદને સુપ્રતિષ્ઠ, આશ્વિન માસને વિજય, કારતક ને પ્રીતિવર્ધન, માર્ગશીર્ષને શ્રેયાન, અને પોષ માસને શિવ નામથી જણાવ્યાં છે.

પ્રાયઃ દરેક આસ્તિક દર્શનકારોએ ચોમાસાને જ ધર્મની મોસમ માની છે. તેમાં ય જૈનધર્મમાં તો સાધુ–સાધ્વીને પણ આ ચોમાસામાં એક જ સ્થળે રહીને તપ–જપ વિશેષપણે કરવાનું વિધાન છે. આ દિવસોમાં રૂક્ષ વૃત્તિથી આહાર વાપરવાનું કહ્યું છે. ઉત્સર્ગમાર્ગે દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને પકવાન્ન (કઢા-(વગઇ) નિષેધી છે. લીલાં શાક કે ફળ–મેવાદિનો પણ ત્યાગ કરવા જણાવ્યું છે.

દક્ષિણાયનમાં એક શાશ્વતી અઠ્ઠાઇ ઉપરાંત પર્યુષણાપર્વની અઠ્ઠાઈ, બેસતા અને ઉઠતા ચોમાસાની બે અઠ્ઠાઈ મળીને ચાર અઠ્ઠાઇઓનું પણ આરાધન કરવાનું કહ્યું છે, તે સિવાય વીર પ્રભુના શ્રી સંઘમાં ઉત્કૃષ્ટ છ મહિનાનો સળંગ તપ ફરમાવ્યો છે તે આજે જો કે શરીરાદિનાં બળ ઘટતાં જવાથી થતો દેખાતો નથી છતાં પૂ. પાદ આચાર્યદેવ જગદ્ગુરુશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજના સમયમાં દિલ્હીમાં ચંપા શ્રાવિકાએ કર્યો હતો. તેના પ્રભાવે તો અકબર જેવા મુસલમાન રાજ્યમાં પણ જૈન–ધર્મનો અહિંસાધર્મનો ડંકો વાગ્યો હતો.

આજે પણ આ દક્ષિણાયનમાં એક ઉપવાસના અંતરે એક ઉપવાસ એમ ચાર મહિના અઢી–દોઢ માસી વગેરે તપો થાય છે. પર્યુષણાપર્વ નમિત્તે પણ એક દોઢ–બે માસના સળંગ ઉપવાસ, આયંબિલ, એકાસનાદિ સુખપૂર્વક થાય છે તેમાં આ કાળ–ૠતુની પણ અપૂર્વ અદૃશ્ય સહાય મળતી હોય છે. કેમ કે બીજી ઋતુમાં આવી તપશ્ચર્યા સહેલાઇથી થઈ શકતી નથી.

પર્યુષણાપર્વમાં દક્ષિણાયનનો મધ્ય ઉત્કૃષ્ટ કાળ હોય છે. તેમાં સૂર્ય અને ચંદ્ર બન્ને સાથે સ્વગૃહી એટલે પોતાની મૂળ સિંહ અને કર્ક રાશિમાં આવે છે. આવતા પાંચ વર્ષનાં પંચાગો જોઇને પણ આ વાતની ખાત્રી કરી છે. હવે જ્યોતિષ્ક ચક્રના રાજા અને પ્રધાન સમાન સૂર્ય ચંદ્ર બન્ને પોતાના મૂળ સ્થાનમાં બેઠા હોય ત્યારે પછી બીજા સામાન્ય ગ્રહો કે નક્ષત્રો બીજાને પ્રાયઃ પીડી શકતા નથી. જેમ લોકમાં પણ જ્યારે રાજા અને પ્રધાન બન્ને પોતાના સ્થાનમાં રહીને દેખરેખ કરતા હોય ત્યાર હલકા તુચ્છ લોકોનું બળ ચાલતું નથી. આ પર્યુષણા પર્વમાં તપના અભ્યાસ વિનાના પણ બે–ત્રણ ચાર–આઠ યાવત્, દસ–બાર કે સોળ ઉપવાસ નિર્વિઘ્ને પૂર્ણ કરી શકે છે, તેમાં આ ઋતુના સૂર્ય–ચંદ્ર તરફથી પણ ઘણા પ્રમાણમાં ઓજસ રસ–કસ મળતાં હોય છે. તેજ વ્યકિતઓ તે પછીના દિવસોથી એકાશન કે ઉપવાસ પણ કરી શકતા નથી એવો પ્રાયઃ દરેકને ઘણીવાર અનુભવ થાય છે.

આસો માસની શાશ્વતી અઠ્ઠાઈના દિવસોમાં જે આયંબિલની ઓળીનું આરાધન થાય છે, નવપદજીના આરાધનનો પણ પ્રારંભ આ દિવસોમાં જ થાય છે, ઇતરોમાં પણ દુર્ગા–સરસ્વતી વગેરેનું પૂજન–નવરાત્રીનું પૂજન–શકિત કાલીનું પૂજન વગેરે પણ પ્રાયઃ આ દિવસોમાં જ થાય છે. તે દિવસોમાં સૂર્ય–ચંદ્રનો ઉત્કૃષ્ટ પ્રકાશ, નદી નાળાં પણ ભરેલાં, વનરાજી તથા ખેતરો પણ ખીલેલાં, એમ ચોમેર પ્રસન્ન વાતાવરણ હોવાથી તપ–જપ અને ધ્યાન વગેરે સહેલાઈથી થઈ શકે છે, શરદ્ ઋતુમાં પાણીને અમૃત જેવું આયુર્વેદમાં પણ ગણાવ્યું છે. આ ઋતુની હવામાં પણ ભેજ હોય છે. વળી ઋક્ષવૃત્તિથી આહાર લેવાય તો પાણીમાં અમૃત જેવો આસ્વાદ પ્રગટે છે. આ વાતનો અનુભવ પ્રાયઃ નવપદની બન્ને ઓળીમાં ઘણાં ખરા આરાધકોને થાય છે. વર્ધમાન તપની ઓળી કરનારને તો પ્રાયઃ પ્રતીતિ થાય છે કે પાણી આ તપમાં અમૃત જેવો આસ્વાદ આપે છે.

આયુર્વેદમાં વર્ષાઋતુમાં લવણ, શરદમાં જલ, હેમન્તમાં ગાયનું દૂધ, શિશિરમાં આમલક રસ, વસંતમાં ઘી અને ગ્રીષ્મમાં ઇક્ષુરસનાં પીણાંને અમૃત જેવાં કહ્યાં છે. તેનો શ્રી કલ્પસૂત્રની સુબોધિની ટીકામાં પણ શ્લોક છે કે,

वर्षासु लवणामृतं शरदि जलं गोपयश्च हेमन्ते ।
शिशिरे चामलकरसो घृतंवसन्ते गुडश्चान्ते ॥

તે શિવાય નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે,

वैद्यानां शारदीमाता पिता तु कुसुमाकरः ।
हेमन्तस्तु सखा प्रोक्तो हितभुग् मितभुग् रिपुः ॥

ભાવાર્થ—

શરદ્ઋતુમાં અમૃત જેવા જલને છોડીને જે રસકસવાળાં ગરિષ્ટ ભોજન કરે તો મોટે ભાગે મરડો, તાવ, અજીર્ણ શરદી વગેરે થવાથી વૈદ્ય ડોક્ટરોને ત્યાં નાણાની કોથળીઓ ખાલી કરવી પડે એથી વૈદ્ય-ડોકટરોને માતાની જેમ શરદ્ અને પીતાની જેમ વસંતઋતુ પોષે છે. હેમન્તમાં પણ જો પથ્ય આહાર-વિહારાદિનું પાલન ન થાય તો તેમાં પણ રોગો થાય છે પરંતુ જે પથ્ય અને પરિમિત આહાર પાણી લે છે તેને પ્રાયઃ વૈદ્ય-ડોકટરને ત્યાં જવું પડતું નથી.

શરદ અને વસંત ઋતુમાં બે શાશ્વતી અઠ્ઠાઈઓનું આરાધન આયંબિલથી કરવાનું જૈનધર્મમાં જે ફરમાન કર્યું છે તેનું જો યથાશક્ય પાલન થાય તો આ બન્ને સંક્રાન્તિની ઋતુમાં પ્રાયઃ દ્રવ્ય રોગો ન થાય એટલું જ નહીં પણ આ બન્ને ઋતુમાં પ્રાયઃ વિષય-વિલાસનું પણ સર્વત્ર સામ્રાજ્ય દેખાય છે તે પણ આ દિવસોમાં નવ પદનું કે આયંબિલ તપનું આરાધન કરનારમાં ધર્મરાજાનું સામ્રાજ્ય, જિનોકત તપ જપધ્યાન વગેરે સહેલાઇથી થઈ શકે છે એટલે દ્રવ્ય અને ભાવ આરોગ્યની પ્રાપ્તિ આ દિવસોમાં થાય છે.

સૂર્ય, ચંદ્રનાં ત્રિશલામાતા સાથે વીરપ્રભુને બાલ્યાવસ્થામાં દર્શન કરાવતાં ગૃહસ્થ ગુરુઓ જે મંત્રાક્ષરો તથા શ્લોકો બોલે છે તેમાં પણ પ્રભુને જિનપ્રતિમાગ્રે ત્રીજા દિવસે તામ્ર તથા રૂપાની સૂર્ય, ચંદ્રની જે મૂર્તિ સ્થાપોને પૂજન કરીને જણાવે છે કે-'ॐ अर्हं चन्द्रोऽसि, सूर्योंऽसि વગેરે જણાવીને કહે છે કે-

सर्व सुरासुरवन्द्यः कारयिताऽपूर्वसर्वकार्याणाम्
भूयात त्रिजगच्चक्षुः मङ्गलदस्ते सपुत्रायाः ॥

ભાવાર્થ—

સૂર્ય એ સર્વ પ્રકારના દેવ-દાનવને પણ વંદનીય છે. સૂર્યની હાજરીમાં જ સર્વ પ્રકારના ઉત્તમ કાર્યો જેવાં કે દાન, પૂજન, ભોજન, વંદનાદિ થઇ શકે છે. ત્રણ જગતનો વ્યવહાર સૂર્યના ઉદયથી શરૂ થાય છે, સમગ્ર લોકની અશુચિ અંધકારાદિને દૂર કરીને સર્વને પવિત્ર અને પ્રકાશિત કરે છે. આ સૂર્ય-ચંદ્રના પ્રકાશ વિના કોઈપણ જીવ (અજીવતત્ત્વપણ) જીવંત રહી શકતો નથી, પૃથ્વી, પાણી, વનસ્પતી વગેરે પણ શુદ્ધ રહેતાં નથી, ઉગી શકતાં નથી. સૂર્ય ચંદ્ર વિનાના દિવસ કે રાત્રીને દુર્દિન કે ગ્રહણાદિ કહીને તેમાં ઉત્તમ કાર્યો પણ નિષેધ્યાં છે. સૂર્ય-ચંદ્રની જ્યાં ગતિ છે તેવા મનુષ્ય લોકમાં-થીજ મનુષ્યો મોક્ષે જઇ શકે છે તે પણ વિચારણીય છે.

જે લોકો મોટેભાગે સૂર્ય-ચંદ્રના પ્રકાશમાં ખુલ્લે શરીરે કે અલ્પ વસ્ત્રે રહે છે તે પ્રાયઃ નિરોગી-સહિષ્ણુ તેજસ્વી ચામડીવાળા બને છે. ઉગતા સૂર્યના કિરણોથી ઘણા રોગો પણ આજે મટાડવામાં આવે છે. પરદેશમાં સૂર્યસ્નાન કરવાના ગૃહો પણ બંધાવે છે. ચંદ્રના દર્શન કરાવતાં જણાવે છે કે—

सर्वौषधिमिश्रमरीचिराजिः सर्वापदां संहरणप्रवीणः ।
करोतु वृद्धिं सकलेऽपिवंशे युष्माकमिन्दुः सततं प्रसन्नः ॥

ભાવાર્થ—

સૂર્યપ્રજ્ઞપ્તિમાં સૂર્ય-ચંદ્રના પ્રકાશને પણ ઓજસ્ કહે છે. ચંદ્રના કિરણો સર્વ પ્રકારની

ઔષધિ (અનાજ)ની શકિતથી સુશોભિત છે પ્રાણ તત્ત્વ તથા ઓજની વિશેષતા હોવાથી સર્વના સંકટો ચૂરવાની પણ તે કીરણોમાં શકિત માની છે જેમકે તેના દર્શન માત્રથી પણ આનંદ, ઉલ્લાસનો પ્રાયઃ સર્વને અનુભવ થાય છે. ચંદ્રની શીતળતા-જયોત્સ્નાનો ઉત્કૃષ્ટ પ્રભાવ દેખાતો હોય તો દરેક મહિનાની પૂર્ણિમાએ તો દેખાય છે, પણ તેમાં ય સર્વોત્કૃષ્ટ પ્રકાશ તો આસો સુદ ૧૫ની રાત્રીએ શરદ્ પૂર્ણિમાનો મહોત્સવ ઘણી જગ્યાએ ઉજવાય છે. હવે જો આ દિવસોમાં નવપદનું આરાધન કે આયંબિલનો તપ અને નવકારાદિ મંત્રોનો જપ નહિ થાય તો પછી અનાદિ કાલીન સંજ્ઞાની આધીનતાથી આ કાળ વિષય-વિલાસમાં જ જીવને ચકચૂર બનાવી દે છે.

બન્ને શાશ્વતી ઓળીના પ્રસંગે પ્રાયઃ દિવસ અને રાત્રી સમાન એટલે બાર-બાર કલાકના થાય તેને વિષુવૃત્ત કાળ એ જયોતિષશાસ્ત્રમાં ઘણો લક્ષણવંતો ગણાવ્યો છે. આ વિષયના નિષ્ણાતો પાસેથી આ સંબંધી હજુ ઘણું ઘણું જાણવાનું મળી શકે તેમ લાગે છે.

ઉત્તરાયણકાળના છ મહિનામાં સૂર્ય-ચંદ્ર સમગ્ર પૃથ્વી મંડળમાંથી રસ-કસ ગ્રહણ કરે છે, તેને આયુર્વેદમાં આદાનકાળ કહે છે વાગ્ભટ્ટમાં પણ કહ્યું છે કે,-

शिशिराद्यास्त्रिभिस्तैस्तु विद्यादयनमुत्तरम् ।
आदानं च तदादत्ते नृणां प्रतिदिनं बलम् ॥
(અષ્ટાંગ હૃદય સૂત્રસ્થાન તૃ. અ)

तस्मिन् ह्यत्यर्थ तीक्ष्णोष्णरूक्षामार्गस्वभावतः ।
आदित्यः पवनाः सौम्यान् क्षपयन्ति गुणान् भुवः ॥

ભાવાર્થ—

ઉત્તરાયણના સૂર્યના માર્ગના સ્વભાવથી જ સૂર્યના કિરણો તીક્ષ્ણ ઉષ્ણ અને રૂક્ષ હોવાથી તે સમયનો પવન પણ પૃથ્વીના સૌમ્ય ગુણોનો ક્ષય કરે છે. મનુષ્યોનાં બળ પણ પ્રતિદિન શિશિર-વસંત અને ગ્રીષ્મ એ ત્રણ ઋતુ હરી લે છે માટે તેને 'આદાન' કાળ કહેવાય છે. આ ઋતુમાં નદી-નાળાં તળાવાદિ પણ સૂકાઈ જાય છે. પૃથ્વી પણ શુષ્ક થઈ જાય છે. જીવોનાં શરીર-બળ, કાંતિ વગેરે પણ ક્ષીણ થતાં જાય છે; શરીરની ચામડી ધાતુઓ પણ સુકાઇ જાય છે માટે તે ઋતુમાં ઘી-ગોળ-વસાણા-કેળાં-કેરી તથા પોષક લીલો સુકો મેવો, ખજુર, મધુર ઠંડા પીણાં, દહી-છાશ વગેરે વાપરવામાં આવે છે છતાં પણ તે દિવસોમાં તપ જપ ધ્યાનાદિ સહેલાઇથી થઈ શકતાં નથી. શાસ્ત્રોમાં પણ ચોમાસાના ત્રણ, શિયાળાના બે, અને ગ્રીષ્મના એક ઉપવાસમાં પ્રાયઃ તુલ્ય કષ્ટ બતાવ્યું છે.

ઉત્તરાયણમાં વસંત ઋતુમાં એક શાશ્વતી ઓળીના આરાધન માટે પૂર્વે જણાવ્યું છે તે સિવાય ફકત ફાગણ ચોમાસીની અઠ્ઠાઈનું આરાધન કરવાનું કહ્યું છે પરંતુ જેવું આરાધન દક્ષિણાયનની ચાર અઠ્ઠાઇઓમાં સહેલાઈથી થતું આજે પણ દેખાય છે તેવું આમાં થતું દેખાતુ નથી તેમાં આ કાળ સિવાય બીજું કોઇ મુખ્ય કારણ દેખાતું નથી.

કાળે કરેલી ખેતી ફળે, કાળે ભણેલી વિદ્યા વધે એમ સર્વત્ર કાળની પણ મુખ્યતા હોય છે તે મુજબ ધર્મના આરાધનમાં પણ જો કાળનો વિચાર થાય તો વર્ષા અને શરદ ઋતુમાં જે કાંઈ આરાધન કરવું હોય તે સહેલાઇથી સારી રીતે થાય છે, થઈ શકે છે, તેવું તારણ આમાંથી નીકળી શકે છે.

મનુસ્મૃતિમાં પણ જ્ઞાન અને તપની જેમ સૂર્ય અને કાળને જીવોની શુદ્ધિ કરનારા કહ્યા છે

ज्ञानं तपोग्निराहारो मृन्मनो वार्युपाञ्जलम् ।
वायुः कर्माऽर्ककालो च शुध्येः कर्तृणि देहिनाम् ॥

જૈનેતરોમાં સૂર્યચંદ્રને અક્ષર પુરૂષ અર્થાત્ પ્રાણમાં પ્રાણભૂત પ્રાણ અને અપાન, આત્મા અને મન, બુદ્ધિ અને હૃદય, અગ્નિ અને સોમ,

ભીમ અને કાન્ત, રીકે ગણાવ્યા છે. સૂર્ય-ચંદ્રના પ્રકાશમાં અનેક વર્ણો હોવા છતાં શ્વેત વર્ણની જ મુખ્યતા છે તેથી સર્વને સુખને, શાંતિ અને આનંદપ્રદ બને છે. તેમાંય શરદ્-ઋતુના સૂર્ય ચંદ્રના પ્રકાશમાં ઘણી વિશેષતા સ્પષ્ટ દેખાય છે.

ઉત્તરાયણ સૂર્યના છ મહિનાનાં શાસ્ત્રીય નામો-માહને શિશિર, ફાગણને હિમવાન્, ચૈત્રને વસંત, વૈશાખને કુસુમસંભવ, જેઠને નિદાઘ અને અશાડ માસને વનવિરોહી કહ્યાં છે તે નામોનો શબ્દાર્થ પણ જોતાં લાગે છે કે દક્ષિણાયનના છ મહિનાની જેમ ઉત્તરાયણના મહિનાનાં નામોમાં ખાસ વિશેષતા નથી.

આવી અનેક રીતે વિચારતાં લાગે છે જે કોઇને યાવત્ સતત છ મહિના સુધી સંલગ્ન તપ-જપ કરવો હોય તે દક્ષિણાયનના શાસ્ત્રીય શ્રાવણથી પોસ અને ચાલુ ગુજરાતી અશાડથી માગશર મહિનામાં સહેલાઈથી સુખપૂર્વક કરી શકે છે. આ પ્રકારનો અનુભવ ઘણા ખરા સાધક કે આરાધકોને થાય છે પરંતુ તે કોના કોના પ્રભાવે થાય છે એ જો ઉંડાણથી વિચારવામાં આવે તો તેને જરૂર લાગશે કે આ દક્ષિણાયનના છ મહિનાના કાળનો પણ પ્રભાવ દેખાશે.

આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ચંદ્ર આપણા ગ્રહથી ઉત્કૃષ્ટ ૨૫૨૭૧૦ અને જઘન્યથી ૨૨૧૪૬૩ માઈલ દૂર રહે છે. તે જઘન્ય અંતર પણ ચાલુ વર્ષમાં ભાદ્રપદ નવમીથી આસો વદી સાતમ સુધીમાં છે તેમાંજ શરદ્ પૂર્ણિમાની રાત્રીએ ચંદ્રની પૂર્ણ જ્યોત્સ્ના કલા પ્રાપ્ત થાય છે.


જૈન ભાઈઓને ખુશખબર

# નાયલોન ચૂરો

તદ્દન નવો અધિક કરકસર યુક્ત-શુદ્ધ ચરખી વગરનો સર્વોપયોગી **નાયલોન ચૂરો** (ટીનોપોલ મિશ્રિત પ્લાસ્ટીકની થેલીમાં વાપરો!)

## આ ઉપરાંત

ગેરેન્ટીડ ચરબી રહિત શુદ્ધ તેલમાંથી બનાવેલી **પસારસ્પેશ્યલ-બાર સોપ તથા ટુકડા, ગોટા-ગોટી સ્પેશ્યલ ચીપ્સ નં. ૧** વાપરો!

**ન્યુ ઈરા સોપ વર્કસ**

હાથીબાગ, લવલેન, મુંબઇ—૧૦

ટેલીફોન નં. ૭૨૭૪૦

# કુલ દીપક

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

શ્રી 'સૂર્યશિશુ'

**પૂર્વ પરિચય :** રૂપસેનકુમારે રાજકુમારી કનકવતીને વાનરીરૂપે કરેલ છે, ને પોતે રાજભવનમાંથી નીકળીને યોગીશ્વરતું રૂપ ધરીને નગરના મધ્યભાગમાં ધ્યાન ધરે છે. રાજા કનકભ્રમે આવેશમાં આવીને પોતાની કુમારીને વાનરી કોણે બનાવી ? તે ન સમજમાં આવતાં માલણને ધૂતકારી કાઢી. તેની પાસેથી યોગીઓના વાનરતું સ્વરૂપ જાણી નગરનાં બધાં યોગીઓને બોલાવી, કુમારીને મૂલ રૂપે લાવવા આગ્રહ કર્યો, યોગીઓ નિરુપાય બને છે, એટલે તેમને રાજભવનમાં અટકમાં રાખ્યા છે. પણ રૂપસેન યોગી રાજાજ્ઞાનો અનાદર કરીને રાજભવનમાં નથી આવતા એટલે રાજા મંત્રીશ્વરને તે યોગીની માહિતી મેળવવા આદેશ કરે છે. **હવે વાંચો આગળ**

⊙

## પ્રકરણ ૨૨ :

## યોગીશ્વરનું રાજમહેલમાં આવાગમન

**ક**નકપુર નગરની મધ્યે ચારે તરફથી જનમેદની કીડીયારાની જેમ ઉભરાઇ રહી છે. સર્વ કોઇ સંન્યાસીની પ્રશંસાથી આકર્ષાઇને દર્શને દોડી રહ્યા છે. દર્શનથી માનવમન ગજાયબ પામે છે કે, 'શું સંન્યાસી ! કે પ્રતાપી ?' આટલી નાની વયના સંન્યાસમાં શું સિધ્ધિ મેળવી છે? કેવા દુઃસહ્ય યોગોનું સેવન કરે છે ? કોઇક સમય ભૂમિશયન તો કોઇક સમય ડાભશયન, કદાચિત્ પલંગ પર શયન કરે છે. કવચિત્ શાકાહાર, કવચિત્ ડાંગરના ભાત કે દિવસોના દિવસો સુધી પાણી ઉપર જ રહે. કોઇકવાર દિવ્યવસ્ત્ર તો કોઇક વાર કંથાધારણ વડે કલાકો સુધી સૂર્યાતાપના ! કોઇકવાર પર્યંકાસન, શિરાસન, દંડાસન, વગેરેથી યોગનું ધ્યાન ધરે છે.'

માનવગણને ઉપદેશ આપી દીનારોનું દાન કરી પરોપકારની મહત્તાને સ્પષ્ટપણે તે યોગી સમજાવે છે કે, "પોતાના હાથે જે અપાય છે તે તેને મળે છે એમાં સંશય નથી. પરંતુ અન્યના હસ્ત વડે અપાયેલ મળે કે ના મળે." કસ્તુરી-મૃગની કસ્તુરી, હાથીઓના દાંત, પશુઓની ચામડી, ગાયોનું દૂધ, મયૂરપીંછ, ઘેટાના રૂંવાટા, પૂચ્છ, સ્નાયુ, ચરબી, શૃંગ, નખ આદિ વસ્તુઓ જન્મતા સાથે અન્યને ઉપકારી નીવડે છે, પણ મનુષ્યની કોઈપણ વસ્તુ બીજા પ્રાણીઓના ઉપકારને માટે બનતી નથી.

પરંતુ એના મનુષ્યત્વમાં પુરુષાર્થ અને બુદ્ધિની રચના અન્ય રીતે ગોઠવાયેલી છે કે જેનાથી એ સર્વ પ્રાણીઓને ઉપકારી થઇ શકે છે. તો તેને બેખ્યાલ બનવું એ મહાપાપ છે. જો એ ચાહે તો તન, મન અને ધનથી દાન કરી સમાજસેવા સાથે આત્મકલ્યાણ પણ કરી શકે છે. ત્રિવેણી સંગમ-સુલક્ષ્મી, સુપાત્ર અને ભાવ આ ત્રણે પદાર્થ એકત્ર થાય તો તે દાન ઉત્તમફૂલવંત બને છે. હંમેશા દાતાર ઉર્ધ્વપણે જ રહે છે. હાથની શોભા અને શરીરની શોભા વ્રતધારણમાં છે, એથી જ સંપત્તિ વૃદ્ધિ પામે

છે. તેમજ કીર્તિ અને આશીર્વચનોનો લાભ થાય છે. માનવતાનાં લક્ષણ પૈકી આ એક ઉત્તમ લક્ષણ છે.'

યોગીનું પ્રવચન પૂરૂં થયું ત્યાં તો બુદ્ધિસાગર મહામંત્રી રાજઆદેશને માન્ય કરી થોડા સૈન્ય પરિવાર સાથ યોગીન્દ્રની બાતમી મેળવવાને સારૂ પ્રવચન સ્થાન પર પહોંચ્યા.

સસૈન્ય મંત્રીશ્વરને પોતાના તરફ આવતા જોઈ યોગીન્દ્રે પણ સન્મુખ જઈ રાજમંત્રીશ્વરના બહુમાનપૂર્વક સત્કારાદિ કર્યા અને વિશ્વાસ બેસાડયો.

મંત્રીએ કહ્યું; હે 'યોગીન્દ્ર ! આપ સર્વને પૂજ્ય છો તેથી મારા પર કૃપા કરી આપ-આપના સ્થાન પર બિરાજો.'

યોગીન્દ્રે (મુખ મલકાવતા) કહ્યું; મંત્રીશ ! તમે પણ રાજમાન્ય હોવાથી સર્વને પૂજ્ય છો. કહેવાય છે કે-'રાજમાન્ય, ધનાઢ્ય, વિદ્વાન, તપસ્વી, રણસંગ્રામમાં શૂરવીર અને દાતાર જો તે નાનો હોય તો પણ તે મહાન ગણાય છે.'

'યોગિરાજ ! આપ આમ બોલી મને કાં શરમાવો છો ? આપ જ પૂજ્ય છો. આપ જેવા પૂજ્યનાં દર્શનને રાજા પણ વાંચ્છે છે. આપ રાજસભામાં પધારી રાજાજીની ઈચ્છાને પૂર્ણ કરો.'

યોગીશ્વર: મંત્રીશ્વર ! અમે તો યોગી રહ્યા અમને રાજા શામાટે સંભારે ? અમે તો ભિક્ષા માગીને ખાઇએ છીએ. પૃથ્વીપટ પર સૂઈ જઈએ છીએ. જીર્ણ વસ્ત્રો પરિધાન કરીએ છીએ. એ પ્રમાણે યોગ નિર્વાહ કરીએ છીએ. તો પછી અમારૂં રાજાને શું કામ પડ્યું ?

મંત્રીશ્વર; 'આપનું સ્વરૂપ આપના વર્તનાનુસારે ગુપ્ત રહ્યા નથી. છાબડીથી કાંઈ સૂર્ય ઢંકયો રહે ખરો ? કળા એમ અદ્રશ્ય રહે નહિ. આપની કળાની લીલાને જોવા રાજા ઉત્સુક છે. તો આપ રાજમંદિરે પધારી સર્વને પાવન કરો.'

યોગીએ કહ્યું: 'જ્યાં ભાવના વિશુધ્ધપણે વહેતી હોય ત્યાં નિઃશંકપણે ઉત્સાહથી પગમાં ગતિ આવે છે. રાજામાં જો રાજલક્ષણ હોય તો વિના આમંત્રણે મન ગમન કરવા સ્ફૂરાયમાન થાય છે. રાજા તો તે જ કહેવાય છે જે રાજા કોઇના પણ ન્યાય-અન્યાયને જાણી તે પ્રમાણે ફળ બતાવે, તો તેને પુણ્ય થાય છે. કહ્યું છે કે પ્રજાનો ધર્મનો છઠ્ઠો ભાગ રક્ષણકાર રાજાને મળે છે અને રાજા જો પ્રજાને પીડતા હોય તો તેને અધર્મનો છઠ્ઠો ભાગ મળે છે, દુષ્ટને દંડ, સજ્જનોની પૂજા, ધનની વૃદ્ધિ કરવી અને દેશ-કાર્યાદિ વિષયોની રક્ષા, તેમ જ અપક્ષપાતપણે ન્યાય, આ પાંચ રાજધર્મ છે. પણ તે કરવા દુર્લભ છે. પાપકાર્ય આદરતાં પ્રાણીને જાણતાં હોવા છતાં સમર્થ સહવાસી જો નિષેધ ન કરે તો તે પાપનો ભાગીદાર થાય છે. રાજાએ કરેલું પાપ મંત્રીને લાગે છે. શિષ્યે કરેલું પાપ ગુરુને લાગે છે અને પત્નીએ કરેલ પાપ પતિને લાગે છે. જો પાપના કાર્યારંભને કરતાં રાજાને જો મંત્રી ન વારે તો તે મંત્રી પણ પાપનો ભાગીદાર બને છે.

મંત્રીએ વિસ્મય બની પૂછ્યું; 'રાજાએ શું પાપ કર્યું છે ? કે તમે આમ વ્યંગવાણીનો ઉપયોગ કરો છો ?

યોગીએ કહ્યું; 'મંત્રીશ્વર ! તમે સાંભળો ! જે એક દેશથી બીજા દેશમાં એમ દેશાંતર ભમતાં ભિક્ષા વડે પેટપૂર્તિ કરે છે, કોઇની પણ નિંદા-ગર્હા કરતા નથી. અને ઈશ્વરના ઐશ્વર્યમાં રકત બની આત્મધ્યાન ધરી રહ્યા છે એવા યોગીઓને રાજાએ ચોરની જેમ શા માટે રાખ્યા છે ? કાંઈ અપરાધ ગુન્હો ? આ પ્રકારનો રાજ અન્યાય કેમ સહન કરી શકાય ? દુષ્ટ રાજાનું શાસન પ્રજાના અભિશાપથી ક્ષણજીવી બને છે. તેથી તમે રાજા સમીપ જઇને યોગીઓને નજર-કેદમાંથી મુકત કરાવો !' યોગીની લાવણ્યતા અને ઓજસ્ ચમકતી વાણીએ મંત્રીશ્વરના હૈયામાં

સત્શ્રદ્ધાની હામ અને જ્યોત જગાવી. બુદ્ધિસાગર મંત્રીએ કનકભ્રમ રાજાને જઇને તે યોગીનું સ્વરૂપ વર્ણવ્યું અને કહ્યું; 'સ્વામી! આ યોગીશ્વર મહાવિદ્વાન, દાનેશ્વરી, કલાનિધાન અને સુજ્ઞ દેખાય છે તે માટે તેનું ઘણું માનપાન કરવું યોગ્ય છે. તેમ જ વાડામાં પૂરેલા સર્વ યોગીઓને છૂટાં કરવા યુક્ત છે. જો એઓને બંધનમુક્ત કરશો તો એ કલાનિધાન ગુણજ્ઞ યોગીનું આગમન આપના મંદિરે સુલભ થશે. નહીંતર એમના પાદસ્પર્શન દુર્લભ છે.'

કનકભ્રમ રાજાએ સર્વ યોગીઓની ક્ષમા યાચી કેદ મુક્ત કર્યાં. આનંદિત થયેલ સઘળા યોગીઓ રાજાને આશીર્વાદ આપીને સ્વસ્થાને ગયા.

રાજાએ લોકવિખ્યાત બનેલ યોગીન્દ્રના આદર સત્કાર અને નિમંત્રણ માટે પોતાના અંગરક્ષકોને મોકલ્યા.

અંગરક્ષકોને પોતાની નજદીક આવતા જોઇને યોગીએ પડકાર કર્યો; 'ખડે રહો રક્ષકો! જો તમે મારી પાસે આવશો તો હું તમને બાળીને ભસ્મ કરી નાંખીશ.

યોગીરાજની હાકલથી થરથરી સેવકોએ દૂર ઉભા રહીને જ યોગીને કહ્યું; 'અમોને રાજાજીએ તમને તેડી જવા માટે મોકલ્યા છે.'

યોગીન્દ્રે કહ્યું: 'જો રાજાને કામ હશે તો રાજા પોતે જ વાહન લઈને આવશે.' તે સર્વે પાછા વળીને યોગીના પ્રતાપનું વૃત્તાન્ત કહ્યું.

પ્રતાપી યોગીના તેજના પ્રભાવથી દર્શનાતુર રાજા પરિવાર સહિત વાહન યુક્ત યોગીનાં સ્થાને આવ્યો.

યોગીને પ્રથમ નજરે જોતાં જ એનું મન નિર્મળ બની ગયું અને એની તથા યોગીની સરખામણીમાં રમવા લાગ્યું એ વિચારે ચઢયો. 'એનું કરૂણા સભર વદન કયાં અને મારી નિષ્ઠુરતાની કાલિમાથી અલંકૃત રૂક્ષ કાયા કયાં? કે જે જોતાં મનને ક્ષોભ ઉપજાવે છે. પરંતુ જેનું મન આલંબન વિના પણ સ્થિર છે, દૃષ્ટિ ધ્યેયમાં સુદૃઢ છે, અને જેનું પ્રયત્ન વિના શરીર સ્થિર છે. તેજ યોગી સેવ્ય ગુરુ છે. આ યોગી ખરેખર ગુણશીલ જણાય છે. આજ મારા અહોભાગ્ય કે પવિત્ર યોગીના ચરણદ્વયને હું પામ્યો. એમ મનોમન આહ્‌લાદ લાવી યોગીન્દ્રની સમીપ આવી નમ્રવિનયી બની તેણે વંદન કર્યું.

યોગીન્દ્ર! આપ વિદ્વાન છો તો કૃપા કરી અમ રાજમંદિરે પધારી અમને પવિત્ર કરો. સર્વમાન્ય કૃપાનિધાન અમ રી વિનંતિ અવધારો.

યોગીએ રાજાની અરજી સ્વીકારી. કનકભ્રમ રાજાએ યોગીન્દ્રને અશ્વ ઉપર બેસાડી પોતાના મહેલમાં આડંબરપૂર્વક પધરામણી કરી.

આદર–સન્માન પૂર્વક યોગીરાજ યોગ્ય સ્થાને બિરાજ્યા. રાજાએ પ્રણામ કરી પૂછયું કે–હે યોગીરાજ! આપની પાસે કાંઈપણ કૌતુકકારી વિદ્યા, જટા કે મૂળીયાં છે?

યોગીએ કહ્યું; ગુરુમહારાજના પસાયે બધું છે.

રાજાએ કહ્યું; 'યોગીરાજ! મારી પુત્રીને કોઇએ વાંદરીરૂપે બનાવી દીધી છે. તેને તમે યથાવસ્થિત રૂપમાં લાવો'

'રાજન્! જો હું તેને યથાવસ્થિત સ્વસ્વરૂપે બનાવું તો તમે મને શું આપશો? રાજાએ કહ્યું; 'પાંચસો દિનાર અને એક ગામ પારિતોષિકમાં'

યોગીએ કહ્યું; 'અમે વનવન ભટકતા યોગી રહ્યા. ધન અને ગામને શું કરીએ! જો તે કુમારી સાથે મારૂં પાણિગ્રહણ કરશો તો જ તે કન્યા પર મારો ચમત્કારી પ્રયાસ અજમાવીશ.'

તે સાંભળી રાજા ચિંતાતુર બન્યો. મનોમંથન જબ્બર રીતે ફરવા લાગ્યું કે, 'એક બાજુ ખરાબ કિનારાવાળી નદી અને બીજી બાજુ

વાઘ એ ન્યાય ઉપસ્થિત થયો છે. ખરાબ ભોજન અને તેમાંય વળી મક્ષિકાનું પડવું કેવી રીતે જમાય, એ પ્રમાણે એક બાજુ કુમારી વાંદરી બની યાતના વેઠી રહી છે. તે યાતના દૂર કરવા જતાં આ મંત્ર જાણનાર યોગી તેની વાંચ્છા કરે છે. હવે મારે શું કરવું ?'

મુંઝવણના કોકડે મન ગુંચાયું છે. તેનો ઉકેલ કરવા મંત્રીશ્વરની સલાહ લીધી. મંત્રીએ રાજાને દિલાસો દઈ કહ્યું; સ્વામી! એકવાર તેની ઈચ્છાને માન્ય કરીને કન્યાને દુઃખમાંથી મુકત કરો. પછી યથોચિત બુદ્ધિબળથી જે કરવું હશે તે થશે.'

રાજાએ દ્વિધા પરિસ્થતિના પિંજરમાં ઊભા રહી પ્રથમ કુમારીના દુઃખનિવારણનો વિચાર મક્કમ કર્યો. બાદ યોગીની માંગણી સ્વીકારવાની વાત માન્ય રાખી કુમારીનાં હિતને માટે યોગીને એનો પ્રયાસ આદરવા વિનંતિ કરી.

આ પ્રમાણે પોતાની માંગણીમાં સહમત થયેલ રાજાના એકરાર પછી યોગીએ કહ્યું, સારૂ ત્યારે કુમારીના આવાસે ચાલો. રાજા, મંત્રી અને યોગી ત્રણે જણાએ કનકવતીના રંગમહેલનો માર્ગ લીધો.

અજાણ એવા યોગીને કનકવતીના અંતઃદ્વારના સાચા માર્ગે સડસડાટ ચાલતા જોઈ રાજા અને મંત્રીને યોગી પ્રખર જ્ઞાની હોવાની શ્રદ્ધા બેઠી.

મહેલ બે ફર્લાંગ દૂરથી નજરે દેખા દેવા લાગ્યો. ત્યાં તો યોગીન્દ્રે ઊભા રહી કનકભ્રમ રાજા તથા મંત્રીને કહ્યું; જો તમારે મારી સાથે આવવું હોય તો આવો, પરંતુ મારો મંત્ર જે સાંભળશે તે ગાંડો અને મૂંગો થઈ જશે.'

આ સાંભળીને રાજા તો ભયભીત બની યોગીની આજ્ઞા માંગી અર્ધમાર્ગથી રવાના થયો, પરંતુ મંત્રી સાથે સાથે ચાલવા લાગ્યો. મંત્રીને પણ દૂર કરવા યોગીએ સચોટ દાખલા અને દલીલો કરી યેન કેન પ્રકારે મંત્રીશ્વરને શ્રદ્ધા જન્માવી. મંત્રી પણ યોગીન્દ્રના વચનોને સત્ય માની ભય પામી કુમારિકાના મહેલમાં યોગીને મૂકી સ્વસ્થાને ગયા.

ત્યારબાદ તે મર્કટી જ્યાં સ્થંભે બાંધી હતી તે ખંડમાં આવ્યો.

મર્કટી યોગીને જોઈને ભયભીત બની આમતેમ દોડવા લાગી.

(ક્રમશઃ)

---


**તમારી કિંમતી ફાઉન્ટનપેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

**ફ્લ્યુડ :** કિંમતી પેન માટે ઉત્તમ છે.

**શાહી :** લખવા માટે સુંદર છે.

**ગુંદર :** ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

દરેક વેપારીને ત્યાં મળશે.

એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**

ઠે૦ માંડવી પોળ. **અમદાવાદ.**


---

**શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને —**

**ભેટ મળે છે.**

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠશ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે, સીરનામું પુરેપુરૂં લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળઃ-

**કલ્યાણ પ્રકાશન મંદિર - પાલીતાણા**

# વેરાયેલાં વિચાર રત્નો

પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. શ્રીનાં વ્યાખ્યાનમાંથી :
અવતરણકાર પૂ. મુનિરાજ શ્રી ગુણાકરવિજયજી મ.

## શ્રી જિનવાણીનાં શ્રવણનો મહિમા

જિનવાણીનું શ્રવણ કરનાર અનંત સુખ મેળવી શકે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર તીર્થંકર નામકર્મ બાંધે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર કેવળજ્ઞાન મેળવી શકે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર શ્રુતજ્ઞાનને મેળવી અનંત પર્યાયોને જાણે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર ઘોર મિથ્યાત્વને તોડી ઝળહળતું સમકિત મેળવે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર સંસારથી અલિપ્ત રહી શકે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર ભાષાસમિતિને વિચારીને બોલે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર અનંતકાળ ભમતાં અટકે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર દેવ, ગુરુ અને ધર્મ પર અખંડ શ્રદ્ધા કેળવી શકે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર નવતત્ત્વનો જાણકાર બને છે.

જિનવાણીનું શ્રવણ કરનાર જુઠા માર્ગ પરથી સાચા માર્ગે વળે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર પ્રાણીમાત્ર પર દયા લાવી શકે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર આત્મવિશ્વાસ મેળવી શકે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર સાચી ક્ષમાનો ભંડાર બની શકે છે.

જિનવાણીનું શ્રવણ કરનાર દુઃખ, દારિદ્રય અને વિપત્તિઓમાંથી મુક્તિ મેળવી શકે છે.

જિનવાણીનું શ્રવણ સંસાર છોડાવે છે.

જિનવાણીનું શ્રવણ અનંત કર્મોનો વિનાશ કરાવે છે.

જિનવાણીનું શ્રવણ જન્મ–મરણના રોગમાંથી મુકત કરે છે.

જિનવાણીનું શ્રવણ આત્માના પરિણામને શુદ્ધ કરે છે.

જિનવાણીનું શ્રવણ ત્રણેયલોકની કીર્તિને આપે છે.

જિનવાણીનું શ્રવણ ગુણ દૃષ્ટિને લાવે છે.

જિનવાણીનું શ્રવણ દૃષ્ટિરાગને છોડાવે છે.

જિનવાણીનું શ્રવણ હિંસકમાંથી અહિંસક બનાવે છે.

જિનવાણીનું શ્રવણ પાપને થાપ આપે છે.

જિનવાણીનું શ્રવણ અધર્મી આત્માને ધર્મી બનાવે છે.

જિનવાણીનું શ્રવણ સમકિતને દૃઢ બનાવે છે.

જિનવાણીનું શ્રવણ આશ્રવના સ્થાનને સંવરનું સ્થાન બનાવે છે.

જિનવાણીનું શ્રવણ અશાંતિમય જીવન જીવનારને શાંતિમય જીવન જીવતાં શીખવે છે.

# "નવનીત"

સં. શ્રી પ્રિયમિત્ર

અતિ કઠોર સાધુ જીવનની સાધના પ્રતિકૂળ સંયોગોમાંજ ચમકે છે. પણ આપણી સુખશીલ વૃત્તિઓ એવી આવી પડતી પ્રતિકૂળતાઓમાં દિમાગને બહેકાવી નાંખી સાધનાને સૂકવી નાંખે છે.

સાધક જો જાગૃત હોય તો આવી પડતો પ્રત્યેક સંયોગ જીવનની ઉત્ક્રાન્તિ માટે ભારે બોધપાઠ રૂપ બની રહે તેમ છે.

પણ હા, તે માટે સંસાર રંગમંડપમાં ભજવાતા વિવિધ દશ્યોના આપણે દ્રષ્ટા જ બનવું રહ્યું. કર્ત્તા કે ભોકતા બનીશું તો ભાગ-ભજવીને ભગ્નહૃદય-ભગ્નપ્રાણ થઈ જઇશું. દ્રષ્ટા બનશું તો ઘણું જાણવા મળશે. જે જાણેલું આપણા જીવનને ભવ્યતાની સપાટીએ મુકશે.

જીવનમાં આવતી આપત્તિઓને આપણે સદૈવ મોક્ષમાર્ગને અતીવ અનુકૂલ માનવાનું શીખી લઇએ તો આ વિશ્વમાં કોઈની તાકાત નથી કે આપણને ઠગાવી શકે અને જો તેવાં સ્વભાવ ન કેળવી લઈએ તો એક નાનકડો મચ્છર પણ એક જ ચટકો મારીને અનંતશકિતશાળી આત્માને ધુંવાપુવા કરી મુકીને કારમા સંસારમાં પટકી દેવા સમર્થ છે.

શાસનસેવાની ભારેખમ ધુંસરી ત્યારે જ સફળતાપૂર્વક વહી શકાય જ્યારે પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય અને સિદ્ધિ આ ચાર આશયો સાધી લીધા હશે. વિનિયોગની અંતિમ સાધના પ્રથમના ચાર ગુણોની સિદ્ધિ વિના સિદ્ધ થઇ જાય એ સંભવિત નથી, આજે આપણે પ્રથમના ચાર આશયોને વેગળા મૂકીને શાસનસેવા, પરોપકારની એકાંગી વિનિયોગવૃત્તિમાં તણાઇ રહ્યા છીએ એથી ભારે નુકશાન આપણા આત્માને જ થઈ રહ્યું છે.

તકદીરના પાસા સીધા ન હોય તો પ્રતીક્ષાની કસોટીએ અગ્નિ પરીક્ષાઓ પણ કયાં નથી થતી ? પણ તેની સામે માથું ઉંચકયે પાલવે તેવું ય કયાં છે ? માથું ઉંચકનાર બધાયના માથા ધડથી જુદા થઇ ગયા. એ તો ભૂતકાળનો વિરાટ ઈતિહાસ બોલે છે. જ્યાંસુધી કાળપરિપકવ ન થાય ત્યાંસુધી આત્મબળ વિકસાવવું એ જ શ્રેયસ્કર ગણાય. આત્મબળ અને પછી સ્વયં પરિપકવ થયેલા કાળનું બળ, એ બેયનો જ્યારે સમન્વય થાય છે. ત્યારે એ અજેય બળ ગમે તેવા વિકટ સંયોગોને તોડી પાડે છે, ગમે તેવી અપરાજેય કર્મસત્તાને પણ ઉથલાવી નાંખે છે. ગમે તેવા દુઃખોને પણ ધુળ ભેગા કરી દે છે.

પણ જ્યાં સુધી કાળબળ અને જરૂરી આત્મબળનું સંધાન ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારનું સાહસ કે ઉતાવળિયું પગલું ભરવામાં બેહદ જોખમ રહેલું છે. સંયોગો કદાચ નહિ ફરે પણ અકાળે કરેલા પ્રયાસને લીધે એ સંયો-

---

જિનવાણીનું શ્રવણ સંસારસાગરમાંથી મુકત કરે છે.

જિનવાણીનાં શ્રવણમાં જે મગ્ન છે તે સંસારથી ઉદ્વિગ્ન છે.

જિનવાણીનાં શ્રવણે હત્યારા દૃઢપ્રહારીને પણ અનંતજ્ઞાની બનાવેલ છે.

જિનવાણીનાં શ્રવણે રોહીણીયા જેવા ચોરને પણ શાહુકાર બનાવેલ છે.

જિનવાણીનાં વાંચને ગોવિંદાચાર્ય જેવા ઘોર મિથ્યાત્વીને પણ સમકિતી બનાવેલ છે.

—પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિ-સૂરીશ્વરજી મહારાજના વ્યાખ્યાનમાંથી

ગોજ આપણને વિકટ પરિસ્થિતિમાં મૂકી દે તો નવાઈ નહિ. અરે! મહામહેનતે ભેગી કરેલી જીવનની કમાણી-પરભવનું ભાથું જેને આપણે સુસંસ્કારનું ઘડતર કહીયે છીયે તેને પણ આપણા સંયોગો હચમચાવી મૂકે !

આ સ્થિતિ ન સર્જાય તે માટે આપણે કાળબળના પરિપાકની પ્રતીક્ષાજ કર્યા કરવી. આવી પ્રતીક્ષા કરતાં જેટલી અગ્નિપરીક્ષાઓમાં ઉતરવું પડે તેટલી બધી અગ્નિપરીક્ષાઓમાં ઉતરવું. અને એ રીતે આત્મબળ વધારવું. આમ એકબાજુ પરીક્ષાઓ દ્વારા આત્મબળ વધતું જાય અને બીજી બાજુ કાળબળ એની મેળે તૈયાર થતું જાય.

પણ તોફાન ભરી મનોવૃત્તિને આધીન થઈ. અધિકારની રૂએ કે અહંભાવને વશ થઇને સામે આવતી અગ્નિ પરીક્ષાઓને નકારી નાખીશું તો બહારનાં સંયોગોને ફેરવી નાખવા, ન ફરે તો તોડી ફોડીને ભુક્કો બોલાવી દેવા આપણું મન રુદ્ર-રાક્ષસનું રૂપ ધારણ કરશે અને એ અણું જેટલા મનને મહાત કરવા પ્રતિકૂળ સંયોગો પણ બેવડો બળવો કરશે. પ્રતિકૂળ સંયોગોની નાગચૂડમાં આ નબળું મન કેટલું ટકશે? અંતે તો એની હાર થશેજ.

અને પરિણામ !

પરિણામમાં રહ્યા સહ્યા આત્મબળની ખુવારી અને કાળબળની વધુ લાંબી પડતી જતી મુદત! એટલે અંતે તો શૂન્યમાંજ સઘળું સુખ સમાઇ જવાનું.

તેથી લાગે છે કે આત્મબળ અને કાળબળનો સમન્વયજ આપણા આંતરસુખને કે બાહ્ય સુખને ઉજાળી શકશે.

આત્મબળ અને કાળબળ આ બેયને પ્રાપ્ત કરવાનો ઉપાય સરખોજ લાગે છે. એનો શાસ્ત્રીયવિચાર તથા ભવ્યત્વને પકવવારૂપ છે. તથા ભવ્યત્વનો પરિપાક, ચારશરણનો સ્વીકાર દુષ્કૃત ગર્હા અને સુકૃતની અનુમોદનાથી જ શક્ય છે. આ ઉપાયથી થતો કાળબળનો પરિપાક અનુભવમાં આવે છે. આત્મબળ અને કાળબળને પકવવાના-પ્રાપ્ત કરવાના ઉપાયોનો શ્રી નમસ્કાર મહામંત્રમાં સમાવેશ થાય છે. તેથી જ એ મહામંત્રની સાધના અનિવાર્ય છે? જૈનશાસનની અતિભારી વિશિષ્ટતા એ છે કે આત્માની ખાના ખરાબી સર્જનાર અહંકારને ટાળવા '**આત્મવિલોપન**' કરાવી દેવાનું પસંદ કરી '**સમર્પણ**' ભાવને ખૂબ પ્રધાન બનાવેલ છે. સમર્પણભાવ પણ ત્યારેજ આવે કે જ્યારે તે તે વ્યકિતના ગુણોપ્રત્યે ભારે અનુરાગ જન્મ્યો હોય અને તે પણ ત્યારે બને કે જયારે સ્વદોષોની ભારોભાર નિંદા પ્રતિક્રમણ-પશ્ચાતાપ સતત ચાલુ હોય.

આ **સમર્પણ** એજ ચારશરણનો સ્વીકાર છે. આ **ગુણાનુરાગ** એજ સુકૃતનું આસેવન અનુમોદના છે. અને આ ત્રણેય વસ્તુઓ મૈત્રી આદિ ભાવનાઓની સાધનાજ આત્મબળને વિકસાવનાર સાક્ષાત્ પ્રક્રિયા છે. પરોક્ષરીતે તેનાથી જ કાળબળ પણ તૈયાર થતું જાય છે.

પ્રતિકૂળસંયોગો સિવાય ધર્મતત્ત્વનું વાસ્તવદર્શન થવું ઘણું જ કઠીન છે. પ્રતિકૂળતાને સહર્ષ અપનાવવી જોઇએ અને એ વખતે જરાપણ ગભરાયા વિના અંધારી ગુફામાં રહેલા ધર્મતત્ત્વને જોઇ લેવું જોઇએ. વિજળીના ઝબુકા જેટલા જ આયુષ્યવાળી પ્રતિકૂળતા અને એટલાજ સમયમાં સોયમાં દોરો પરોવી લેવા જેવું ધર્મતત્ત્વનું દર્શન છે. અલબત, કામ ઘણું કપરૂ છે. પણ પાર પડે તો લાભ અમેય છે. અવળું ચાલતું સંસારચક્ર આપણા માટે સવળું થઈ જાય તેમ છે.

વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની તુલના કદી ન હોઈ શકે. વિજ્ઞાન એ માત્ર હકીકતો રજુ કરે છે જયારે તત્ત્વજ્ઞાન સત્યને જણાવે છે. પૂર્વના મહર્ષિઓએ તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

# ફુલ અને ફોરમ

પૂ. પંન્યાસજી મહારાજ
શ્રી પ્રવીણવિજયજી ગણિવર

### કોણ કોને તારે?

दुन्नि वि विसयासत्ता,
दुन्नि वि धणधन्नसंगहसमेआ ॥
सीसगुरू समदोसा,
तारिज्जइ भणसु को केण ॥

બન્ને જણ વિષયમાં આસક્ત છે, બન્ને જણ ધન-ધાન્યના સંગ્રહ સહિત છે. શિષ્ય અને ગુરુ બન્ને સરખા દોષવાળા છે, કહો કોણ કોને તારે?

### વ્યવહારની મહત્તા:

जइ जिणमयं पवज्जह,
ता मा ववहारनिच्छयं मुयह ।
ववहार नयोच्छेए
तित्थुच्छेओ जओऽवस्सं ॥

જો જિનેશ્વરદેવના મતને અંગીકાર કરો તો વ્યવહાર અને નિશ્ચયને છોડશો નહિ. વ્યવહારનયનો જો નાશ થાય તો તીર્થનો અવશ્ય નાશ થાય.

### સુખે કોણ સૂવે?

सुखं स्वपिति नीरागी,
स्थाने सघनकण्टके ।
हंसतूलीगतो रागी,
निद्रां नाप्नोति दुःखितः ॥

કાંટાથી ભરપૂર સ્થાનમાં પણ નીરાગી સુખપૂર્વક ઉંઘે છે, જ્યારે રૂની તલાઈમાં સૂતેલો રાગી દુઃખી હોવાથી નિદ્રાને પામતો નથી.

### એક ગુન્હાની શિક્ષા

वहमारणअब्भक्खाण-
दाण-परधणविलोवणाईणं ।
सव्वजहन्नो उदओ
दसगुणिओ इक्कसि कयाणं ॥

વધ કરવો, મારવું, કોઈના ઉપર ખોટા આક્ષેપ મૂકવા, બીજાના ધનને લુંટી લેવું, આદિ તમામ એક વખત કરેલા ગુન્હાનો વિપાક ઓછામાં ઓછો દશગણો હોય છે.

### મનુષ્યોની વિસ્મયકારી ચેષ્ટા

चला विभूतिः क्षणभङ्गि यौवनं
कृतान्तदन्तान्तरवर्ति जीवितं,
तथाप्यवज्ञा परलोकसाधने
अहो ? नृणां विस्मयकारि चेष्टितम्

વિભૂતિ ચલાયમાન છે, યૌવન ક્ષણભંગુર છે, યમરાજાના દાંતમાં રહેલું જીવન છે. તો પણ પરલોકની સાધના માટે કેવી અવજ્ઞા છે? અરે રે! મનુષ્યોની આ વિસ્મય કરનારી ચેષ્ટા તો જૂઓ!

### આ કાળમાં ચારિત્ર નથી એમ બોલનારાઓ પ્રત્યે-

अन्नाणदोसा पुण जे भणंति,
न दुस्समाए चरणं खु अत्थि ।
निसामिअव्वं वयणं न तेसिं,
पावाय तेसिं खलु दंसणंपि ॥

અજ્ઞાનતાના દોષથી જે લોકો એમ કહે છે કે-આ દુષમ કાળમાં ચારિત્ર નથી. તેવાઓનું વચન પણ સાંભળવું નહિ. અને તેનું દર્શન પણ પાપને માટે થાય છે.

### માનવીનું મિથ્યાભિમાન

नरः कार्ये हि निष्पन्ने,
मयाऽकारीति मन्यते ।
तस्मिन् पुनरनिष्पन्ने,
दोषं दैवाय यच्छति ॥

માણુસ જ્યારે પોતાના કાર્યમાં ફત્તેહ મેળવે છે ત્યારે આ મેં કર્યું એમ અભિમાનમાં અક્કડ બને છે. અને જ્યારે તે કાર્યમાં નિષ્ફળતા મેળવે છે, ત્યારે દેવને દોષ આપે છે.

### કઈ વસ્તુનો સંગ્રહ કરવો ?

अनित्यानि शरीराणि
वैभवो नैव शाश्वत
नित्यं सन्निहितो मृत्युः
कर्तव्यो धर्मसंग्रहः ॥

શરીર આદિ અનિત્ય છે-નાશવંત છે. વૈભવ હંમેશના માટે કાયમ રહેતો નથી અને મૃત્યુ રોજ નજીક આવતું જાય છે. માટે સમજુ આત્માઓએ ધર્મનો સંગ્રહ કરવો જોઈએ.

### આ ત્રણ વસ્તુ એકજ વખત હોય.

सकृज्जल्पन्ति राजानः,
सकृज्जल्पन्ति पण्डिताः ।
सकृत् कन्याः प्रदीयन्ते,
त्रीण्येतानि सकृत् सकृत् ॥

રાજાઓ એક જ વખત બોલે છે. પંડિતો પણ એકજ વખત બોલે છે. (એક વખત બોલેલું વચન ફેરવતા નથી) અને કન્યાઓ એકજ વખત અપાય છે, આ ત્રણે વસ્તુઓ એકજ વખત હોય છે.

### ત્રણ પ્રકારના પુરુષો

असतोऽपि गुणान् ब्रूयात्
परेषामुत्तमः पुमान् ।
मध्यमस्तु सतोऽप्येव,
सतोऽपिहि न चाऽधमः ॥

ઉત્તમ પુરુષ પારકાનાં અછતા ગુણોને પણ ગાય છે. મધ્યમ પુરુષ છતા ગુણોને બોલે છે. જ્યારે છતા ગુણોને પણ અધમ માણુસ બોલતો નથી.

### માનવ જન્મથી શું પ્રાપ્ત કરવું ?

पङ्कात् पद्मं मृदः स्वर्णं,
नवनीतं च तक्रतः,
रत्नं यथोपलात्सारं
नृत्वाद् धर्मार्जनं तथा ॥

કાદવમાંથી જેમ કમળ, માટીમાંથી સોનું છાસમાંથી માખણ અને પત્થરોમાંથી રત્ન જેમ સાર વસ્તુ છે. તેમ મનુષ્ય જન્મથી પ્રાપ્ત કરવા લાયક એક ધર્મ જ છે.

### ભાવના અને પ્રભાવનાનો તફાવત

प्रकारेणाधिकं मन्ये,
भावनातः प्रभावनां ।
भावना स्वस्य लाभाय,
स्वान्ययोस्तु प्रभावना ॥

હું માનું છું કે કોઈ પ્રકારે ભાવના કરતાં પ્રભાવના અધિક છે. કારણકે ભાવના પોતાને લાભ કરે છે. જ્યારે પ્રભાવના પોતાને અને બીજાને પણ લાભદાયી નીવડે છે.

### જિનેશ્વરની આજ્ઞા નહિ માનાનરાની દુર્દશા

जो न कुणइ तुह आणं,
सो आणं कुणइ तिहुअणजणस्स ।
जो पुण कुणइ जिणाणं,
तस्साणा तिहुअणे चेव ॥

હે જિનેશ્વરદેવ! જે તારી આજ્ઞા નથી માનતો તેને ત્રણ જગતના માણુસોની આજ્ઞા માનવી પડે છે. અને જે જિનેશ્વરદેવની આજ્ઞા માને છે, તેની આજ્ઞા ત્રણે ભુવનમાં વર્તે છે.

# શંકા અને સમાધાન

**સમાધાનકાર: પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

(પ્રશ્નકાર:-વોરા રમણિકલાલ મુરારજી, ભાવસાર [કચ્છ]

શં. પ્રભુની પાસે આપણે ચોખા ચડાવીએ છીએ તેનું કારણ શું ?

સ. ચોખાનું નામ અક્ષત છે. આપણે અક્ષયપદ લેવું છે, એટલે તે પદ લેવાની આશાએ તેના પ્રતિબોધક રૂપે પ્રભુજીની પાસે અક્ષતથી સાથિયો કરાય છે.

[પ્ર. રોલિયા ઇશ્વરલાલ હરગોવનદાસ, ભાભર]

શં. જીવ ચરમ પુદ્ગલ પરાવર્તનમાં શી રીતે આવી શકે ?

સ. આત્માને મોક્ષ જવાની ઇચ્છા થાય અને તે નિમિત્તે કોઇપણ ધર્મની આરાધના કરતો થાય, ત્યારે તે જીવ ચરમ પુદ્ગલ પરાવર્તનમાં આવી જાય છે અને તે જ પુદ્ગલ પરાવર્તનમાં તે જીવ મોક્ષે જાય.

[પ્ર. અશ્વિનચંદ્ર વાડીલાલ શાહ]

શં. અષ્ટાપદે જનારા સર્વ જીવો ચરમ-શરીરી હોય કે નહિ ? જો હોય તો સગરચક્રવર્તિના સાઠ હજાર પુત્રો જે ગયા હતા તેમની ગતિ શી થઈ હશે ?

સ. પોતાની લબ્ધિદ્વારા જેઓ અષ્ટાપદતીર્થે જાય તે જરૂર ચરમશરીરી ગણાય. સગર ચક્રવર્તિના સાઠહજાર પુત્રો લબ્ધિસંપન્ન ન હતા, એટલે તેઓ ચરમશરીરી ન કહેવાય, પરંતુ ભાવથી તીર્થરક્ષા કરી તેથી મોક્ષે જરૂર જશે.

શં. ઉજ્જયિનીમાં હાલ જે અવંતીપાર્શ્વનાથજી બિરાજે છે, તે જ શ્રી કલ્યાણમંદિર-સ્તોત્ર બોલતી વખતે શિવલિંગ ફાટીને પ્રગટ થયેલા છે કે બીજા ?

સ. શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર બોલતાં શિવલિંગ ફાટી ગયું અને શ્રી અવંતીપાર્શ્વનાથ ભગવાન પ્રગટ થયા તે જ પ્રભુ હાલ ઉજ્જયની નગરીમાં બિરાજમાન છે, એ કિંવદન્તી છે.

શં. પ્રભુ ઉપર ચઢાવેલાં પુષ્પોના જીવોની ગતિ કેવી થતી હશે ?

સ. શ્રી જિનેશ્વર ભગવંત ઉપર ચઢેલા પુષ્પોની ભવિષ્યમાં પાંચમી ગતિ અર્થાત્ મોક્ષ થશે.

[પ્ર. સોનમલ અનાજી જૈન, સાયલા (ઝાલોર)]

શં. ભગવાનના જન્માભિષેક વગેરેમાં ૬૪ ઇંદ્રો આવે છે, તો તેમાં સૂર્ય અને ચંદ્ર કયા ક્ષેત્રના લેવા ? કારણ કે સૂર્ય અને ચંદ્ર અસંખ્યાતા છે.

સ. સૂર્ય-ચંદ્રની જે ગણતરી કરી છે, તે સામાન્ય જાતિ આશ્રિત જાણવું. જે જે ક્ષેત્ર આશ્રિત શ્રી જિનેશ્વર ભગવંતના જન્માભિષેક આદિ હોય તે તે ક્ષેત્રના સૂર્ય-ચંદ્ર સમજવા.

[પ્ર. રોલિયા પનાલાલ કકલદાસ, ભાભર]

શં. સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર બોલતી વખતે છીંક આવે તો ફરીથી તે સૂત્ર બોલવું પડે છે, તો પુક્ખરવરદી અને લોગસ્સ એ સૂત્ર બોલતી વખતે છીંક આવે, તો ફરીથી તે સૂત્ર કેમ બોલાતાં નથી ?

સ. સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રની પછી શ્રી શ્રુતદેવતા અને શ્રી ક્ષેત્રદેવતા આદિના કાઉસગ્ગ કરવાના હોવાથી, સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર આદિમાં છીંક આવે તો તે ફરી બોલવું પડે છે. જ્યારે બીજા સૂત્રમાં તેવું ન હોવાથી તે સૂત્રનો પુનરુચ્ચાર કરવાનો હોતો નથી. રાઈ પ્રતિક્રમણના ત્રીજા આવશ્યક પહેલા શ્રી સિદ્ધાણં બુદ્ધાણં પછી

મુહપત્તિ પડિલેહવાની હોવાથી તેમાં છીંક આવે તો પુનરુચ્ચાર કરવાનો હોતો નથી.

[પ્ર. ઈન્દુમતી મણિલાલ શાહ, મુંબઈ]

શં. પુદ્ગલનું વજન કેટલું? અને તે વધારેમાં વધારે કેટલો ફેલાવો કરી શકે?

સ. પુદ્ગલોના વજનમાં અનેકતા છે. પુદ્ગલો ફેલાઈને અચિત્ત મહાસ્કંધરૂપે બને તો તે આખા લોકમાં વ્યાપક બની જાય છે.

[પ્ર. રમણલાલ દેવચંદ શાહ, ટાંકલ (જિ. સુરત)]

શં. શ્રી તીર્થંકર ભગવંતોના નિર્વાણ વખતે સાધુઓ પણ મોક્ષે જાય છે, તો બધાનાં આયુષ્ય એકીસાથે પૂર્ણ થતાં હશે?

સ. શ્રી તીર્થંકર ભગવંતોના નિર્વાણ વખતે મોક્ષે જનાર સાધુઓનાં આયુષ્યની પૂર્ણાહુતિ સાથે થાય અને સમયાન્તરે પણ થાય, એટલે એકીસાથ આયુષ્યની પૂર્ણાહુતિ થઈ એમ કહેવાય છે.

[પ્ર. કેશવલાલ જીતમલ શાહ, પેપળાલ (થરાદ)]

શં. રાગદ્વેષાદિ પરિણાયને સમયાદિ પર્યાય કહેવાય કે કેમ?

સ. રાગદ્વેષાદ પરિણાય એ અશુદ્ધ આત્માના પર્યાયો છે; જ્યારે સમયાદિપર્યાય છે, તે કાલના પર્યાયો છે.

[પ્ર. ઇન્દુમતી મણિલાલ શાહ, મુંબઈ]

શં. મહાવીરસ્વામી ભગવંતના સાધુઓને રાજપિંડ કલ્પે નહિ, તો શ્રી ગૌતમસ્વામીજી શ્રી અઈમુત્તાજીને ત્યાં વ્હોરવા કેમ ગયા? શ્રી અઈમુત્તાજી રાજકુમાર હતા.

સ. શ્રી ગૌતમસ્વામીજી આગમવ્યવહારી હતા, એટલે તેઓશ્રી ચાર જ્ઞાનના ધારી હતા, જેઓને ચૌદપૂર્વ, દશપૂર્વ, નવપૂર્વ, મનઃપર્યવજ્ઞાન અથવા અવધિજ્ઞાન હોય તેઓ આગમવ્યવહારી કહેવાય છે, એટલે તેઓ આગમવ્યવહારથી વર્તે છે. જેઓને આવું વિશિષ્ટ જ્ઞાન નથી હોતું તેઓને સૂત્રની આજ્ઞાનુસાર વર્તવાનું હોય છે. તેઓ સૂત્રવ્યવહારી કહેવાય છે. જ્યારે શ્રી ગૌતમસ્વામીજી આગમવ્યવહારી હોવાથી લાભ દેખી રાજપિંડ વ્હોરી શકે છે.

[પ્ર. વલાણી કનૈયાલાલ ફકીરચંદ, કલકત્તા]

શં. શ્રી મહાવીરસ્વામી ભગવાનના વખતમાં પુસ્તકો લખેલાં ન હતાં, તો તે વખતે સાત ક્ષેત્ર કેવી રીતે ગણાતાં?

સ. શ્રી મહાવીરસ્વામી ભગવાનના સમયમાં આગમો લખાતાં ન હતાં, પણ પ્રકરણ ગ્રન્થો, ચરિત્ર, આદિ પુસ્તકો લખાતાં હતાં.

શં. ઉકાળેલું પાણી પીનાર વ્યક્તિ લીલા નાળિયેરનું પાણી પી શકે?

સ. ઉકાળેલું પાણી પીનાર વ્યકિત લીલા નાળીયેરમાંથી બહાર કાઢી લીધા બાદ બે ઘડી પછી તે પાણી વાપરી શકે.

[પ્ર. શ્રીનેમ]

શં. શું ચોવીસે તીર્થંકર ભગવંતોના સમયમાં સમવસરણનું પ્રમાણ એકસરખું હશે?

સ. ચોવીશે તીર્થંકર ભગવંતના સમયમાં સમવસરણનું પ્રમાણ એક સરખું હોતું નથી. કહ્યું છે, કેઃ—

बारस जोदणमुसहे, ओ सरणं आसिनेमिजिण जाव। दो दो गाउ ऊणं, पासे पळ चउ चउवीसे ॥१॥

અર્થાત્ શ્રી ઋષભદેવ પ્રભુનું બાર યોજન અને ત્યારપછી શ્રી નેમનાથ ભગવંત સુધી બબ્બે ગાઉ ઓછા કરતા જવા, એટલે શ્રી નેમનાથ ભગવાનનું દોઢ યોજન, શ્રી પાર્શ્વનાથ ભગવાનનું પાંચ ગાઉ અને શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ચાર ગાઉનું સમવસરણ સમજવું.

# આભાર સ્વીકાર

(૧) **પ્રાચીન સ્તવન–સજ્ઝાય સંગ્રહ**– સંગ્રા. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયકનક-સૂરિજી મહારાજ. પ્રકા. શંભુલાલ જગશીભાઈ, ગાંધી રસ્તો, અમદાવાદ. મૂ. પઠન–પાઠન ક્રા. ૧૬ પેજી પેજ ૫૨+૩૨૮+૧૩૨=૫૧૨ પાકું સળંગ કલોથ બાઈન્ડિંગ.

પ્રાચીન ચૈત્યવંદનો, સ્તુતિઓ, સ્તવનો, સજ્ઝાયોનો સુંદર સંગ્રહ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયેલો છે. વિ. સં. ૧૯૮૭માં પ્રસિદ્ધ થયેલ આ ગ્રંથની સુધારા–વધારા સાથેની આ બીજી આવૃત્તિ છે. પ્રાચીન સ્તવન, સ્તુતિઓ, આદિના અભ્યાસકોને આ પ્રકાશન ઉપયોગી છે. સંગ્રા-હકનો પરિશ્રમ સ્તુત્ય છે.

(૨) **અક્ષયનિધિ તપોવિધાન–સૂત્ર-વિધિ સહિત**–સંયોજક૦ પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ પ્રકા૦ આર્યશ્રી જંબુસ્વામિ જૈન મુકતાબાઈ આગમ–મંદિર, ડભોઈ (ગુજરાત) ફુલસ્કેપ ૮–૧૬ પેજ ૧૪૪.

અક્ષયનિધિ આદિ તપોનાં વિધિ–વિધાનો, સ્તવનો, ચૈત્યવંદનો ઇત્યાદિ અહીં પ્રસિદ્ધ થયેલ છે. વિ. સં. ૨૦૧૨ માં પ્રસિદ્ધ થયેલ આ પ્રકાશનની બીજી આવૃત્તિ ખપી જતાં આ તેની ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થયેલ છે. એકંદરે વિધિ વિધાનોના ખપીવર્ગને પ્રસ્તુત પ્રકાશન ઉપ-યોગી છે.

(૩) **'જન્મભૂમિ' ખગોળ સિદ્ધ સૂક્ષ્મ નિરયન ભારતીય પંચાંગ**–વિ. સં. ૨૦૧૭, શાકે ૧૮૮૩, સંપાદક: જન્મભૂમિ પંચાંગ કાર્યાલય, પ્રકા૦ જન્મભૂમિ પ્રકાશન મંદિર. જન્મભૂમિ ભવન, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ–૧ કિં. રૂા. ૧–૭૫ ન. પૈ.

'જન્મભૂમિ'ના સૂક્ષ્મગણિતયુક્ત ભારતીય પંચાંગને અમદાવાદ ખાતે વિ. સં. ૨૦૧૪ ના ભરાયેલ શ્રમણસંઘે સર્વાનુમતે સ્વીકૃતિ આપ્યા પછી જૈન સમાજ માટે આરાધનાને અંગે આ પંચાંગ માન્ય બને છે. જન્મભૂમિ પંચાંગમાં અનેક વિષયો સ્પષ્ટતાપૂર્વક રજૂ કરવામાં આવે છે. જાહેરાત વિભાગને બાદ કરતાં મોટા કદના ૨૦૦ પેજના આ પંચાગમાં પંચાંગ તથા જ્યો-તિષને ઉપયોગી મુખ્ય ૧૮તથા અવાંતર અનેક વિષયો સ્પષ્ટ કરવામાં આવેલ છે. જ્યોતિષના અભ્યાસકવર્ગને પંચાંગ અનેક રીતે ઉપ-યોગી છે.

(૪) **મહેંદ્ર જૈન પંચાંગ**–વી. સં. ૨૪૮૭, વિ. સં. ૨૦૧૭: કર્તા : પૂ. પંન્યાસજી મ. શ્રી વિકાસવિજયજી ગણિ. પ્રકા૦ વાડીલાલ જીવ-રાજ શાહ, ગૌતમ નિવાસ, રૂમ નં. ૭, દફતરી રોડ, ઈસ્ટ મલાડ કિં. ૧ રૂા.

છવ્વીશ વર્ષથી પ્રસિદ્ધ થતા આ પંચાંગમાં તિથિ વગેરેનું ગણિત આચાર્ય મહારાજ શ્રી મહેંદ્રસૂરિજી મહારાજ બિરચિત યંત્રરાજ ગ્રંથમાં બતાવેલ પદ્ધતિ પ્રમાણે કરેલ હોવાથી આ પંચાંગનું નામ 'મહેંદ્ર જૈન પંચાંગ' રાખેલ છે, તેમ પ્રસ્તાવનામાં પંચાંગકર્તા પૂ. પંન્યાસજી મહારાજે સ્પષ્ટતા કરી છે. પંચાંગમાં દૈનિક સ્પષ્ટો ગ્રહો, ક્રાંતિ તથા લગ્નો મૂકેલ છે. જૈન તથા હિંદુ સમાજના વ્રતો–તહેવારો પ્રસિદ્ધ કરેલ છે. પાછળ ફલિતવિભાગ મૂકેલ છે. એકંદરે પંચાંગ વિષયના તથા તેના ઉપયોગી જ્યોતિષ વિષયના અભ્યાસકવર્ગને નાના કદના ૧૧૬ પેજના આ પંચાંગમાં ઉપયોગી માહિતી મલી રહે તેમ છે.

(૫) **શ્રી જિનેંદ્ર ગુણપુષ્પવાટિકા :** પ્રકા૦ શ્રી હીરાસુંદર રાજેંદ્ર, જૈન જ્ઞાનમંદિર : મુ. પો. રૂણીજા, (સુંવાસરા) (મ. પ્ર.) મૂ ૧-૮-૦

ક્રા. ૩૨ પેજી ૨૪+૩૩૬-૩૬૦ પેજ; પાકું સળંગ ક્લોથ બાઈન્ડિંગ: આ પુસ્તિકામાં ૭ વિભાગમાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો, છંદો તથા નવસ્મરણાદિ સ્તોત્રો અને સ્નાત્રપૂજા આદિનો ઉપયોગી સંગ્રહ પ્રસિદ્ધ થયેલ છે. ન્હાની પુસ્તિકામાં ઉપર્યુકત સંગ્રહ તેના ખપીવર્ગને ઉપયોગી છે. પ્રાપ્તિસ્થાન-જૈન પ્રકાશનમંદિર, જશવંતલાલ ગિરધરલાલ શાહ, દોશીવાડાની પોળ, અમદાવાદ.

(૬) गुरुदेव (७७ वीं जन्म जयंति) લે: પૂ. મુનિરાજ જયંત વિજયજી મહારાજ.

ક્રા. ૧૬ પેજી. ૪+૨૮=૩૨ પેજની આ પુસ્તકમાં લેખક : પૂ. મહારાજશ્રીએ પોતાના પૂ. ગુરુદેવ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય યતીંદ્રસૂરીશ્વરજી મહારાજના ગુણાનુવાદ હિંદી-પદ્યોમાં કરેલ છે. પૂ. આચાર્ય મહારાજશ્રીની ટૂંક જીવનરેખા અહીં આલેખાયેલ છે.

(૭) नर्मद संस्कृत-गुजराती शब्दकोष: સંપા૦ શાસ્ત્રી નર્મદાશંકર જ. ઠે. જીવાનસિંહજી સંસ્કૃત પાઠશાળા પીલગાર્ડન પાસે, ભાવનગર (સૌ.) કિં. ૧ રૂા.

ક્રાઉન ૧૬ પેજી. ૧૨+૧૪૦=૧૫૨ પેજ, સંસ્કૃતના પ્રારંભિક અભ્યાસકવર્ગને ઉપયોગી થાય તેવો સંસ્કૃત શબ્દોનો ગુજરાતી કોષ અહિં પ્રસિદ્ધ થયો છે. પ્રાથમિક અભ્યાસી વર્ગને ઉપયોગી બને તેમ છે. પાછળ ધાતુકોષ પણ રૂપ કરીને મૂકવામાં આવેલ છે. સંસ્કૃતભાષાના નવા અભ્યાસીને આ પ્રકાશન સહાયક બને તેમ છે.

(૮) **શ્રી નવકાર સાધના :** લે: શ્રી અમૃતલાલ સંઘવી, ડીસા. સંપા૦ પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ. પ્રકા૦ શ્રી સિદ્ધમેઘ ધર્મ સંગ્રહ સાહિત્ય પ્રચારક સમિતિ. તરફથી સુબાજી રવચંદ જેચંદ. ઠે. જૈન વિદ્યાશાળા, અમદાવાદ. મૂ. ૧ રૂા. ક્રા. ૧૬ પેજી ૪૦+૨૦૮=૨૪૮ પેજ.

મહામહિમાશાલી શ્રી નવકારમંત્રની સાધનાને ઉપયોગી ૨૩ નિબંધો લેખકે પોતાની માધુર્યભરી, ઓજસ્વી તથા પ્રાસાદિક ભાષામાં આલેખેલા અહીં પ્રસિદ્ધ થાય છે. લેખકની શ્રીનમસ્કારમહામંત્ર પ્રત્યેની ભકિત, શ્રદ્ધા તથા નિષ્ઠા આ નિબંધોમાં પંકિતએ પંકિતએ તરી આવે છે. જૈન સમાજમાં પરમ શ્રદ્ધેય શ્રી નવકાર મહામંત્ર પ્રત્યેના ભકિતભાવિત ભાવુકો માટે આ પ્રકાશન અનેક રીતે ઉપયોગી તથા ઉપકારક છે. લેખકનો પરિશ્રમ સ્તુત્ય છે. સર્વ કોઇને આ પ્રકાશનનું વાચન શ્રી નવકાર મહામંત્ર પ્રત્યેની ભકિત તથા શ્રદ્ધાભાવ પ્રગટાવવા વૃદ્ધિંગત કરવા ખૂબ જ ઉપકારક છે.

(૯) **જૈન ધર્મ અને એકતા:** લે. સંપા. નગીનદાસ ગિ. શેઠ. પ્રકા૦ જૈન સિદ્ધાંત સભા. ૨૫૯, લેમિંગ્ટન રોડ, શાંતિસદન, મુંબઈ ૭-ક્રા. ૧૬ પેજી ૧૨+૨૬૪=૨૭૬ પેજ.

જૈનધર્મના શ્વેતાંબર, દિગંબર તથા સ્થાનકવાસી એ ત્રણ સંપ્રદાયની એકતાને અનુલક્ષીને લેખકે પોતાના વિચારો રજૂ કર્યા છે, પણ તેઓ એકતા દર્શાવવા જતાં મૂર્તિપૂજા આદિ વિષયો પરત્વે પોતાની માન્યતા સાંપ્રદાયિકતામાં અવસરે અવસરે તણાઈ જતા સ્પષ્ટપણે જણાય છે. લેખકે ત્રણે સંપ્રદાયોના સાહિત્યનું અન્વેષણ કરવામાં પરિશ્રમ ભારે લીધો છે. આજે જે જે બાબતોમાં ઐકય છે, તેટલી બાબતોમાં ત્રણે એકદિલ બનીને રહે તે વધુ ઇચ્છનીય છે. એનાથી વધુ કરવામાં વધારે કલેશ કે સંઘર્ષણ જન્મવાનો સંભવ અમને લાગે છે. જેઓના ઉતારા પ્રસ્તુત પુસ્તકમાં લીધા છે, એમાંના કેટલાયની પ્રામાણિકતા

માટે મતભેદ છે, તે પરિસ્થિતિમાં પ્રસ્તુત પ્રકાશનમાં પ્રસિદ્ધ થતાં પ્રતિપાદનો સર્વગ્રાહ્ય ન બની શકે, તે સહજ છે. જે જે બાબતોમાં ઐક્ય હોય, તથા વધુ હવે કોઈ ક્લેશ ન વધે ને નવાં સંઘર્ષણો ન જન્મવા પામે તેમ જ ઈતરોની સામે જ્યારે જૈનસિદ્ધાંતોની રક્ષાનો પ્રશ્ન આવે, ત્યારે ત્રણે ફિરકાઓ એકદિલ તથા એક અવાજે ખભે-ખભા મિલાવીને રહે તે આજના યુગમાં અતિ આવશ્યક છે.

(૧૦) **બાલરામાયણ**-ભા. ૨ જો: લે. શ્રી જયકીર્તિ-પૂ. મુનિરાજશ્રી કીર્તિપ્રભવિજયજી મ. પ્રકા૦ શ્રી સંસ્કાર પ્રકાશન. વ્ય. શ્રી શરદ સી. મહેતા, રામજી મંદિરની પોળ, હાજાપટેલની પોળ અમદાવાદ. મૂ. ૩ રૂા. ક્રા. ૧૬ પેજી ૮+૧૯૬=૨૦૪ પેજ.

અનેક પ્રાસંગિક ચિત્રોથી સમૃદ્ધ રામાયણનું આ પ્રકાશન જૈન સાહિત્યમાં સુપ્રસિદ્ધ શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી, શ્રી સીતાજી, શ્રી દશાનન-રાવણ, શ્રી બિભીષણ, શ્રી વાલી આદિ મહાપુરુષોનાં વ્યક્તિત્વને આલેખતું બાલભોગ્ય શૈલીએ રામાયણના-શ્રી રામચંદ્રના જીવન પ્રસંગોની આસપાસ કથાગૂંથણી કરતું ભાવવાહી છે. શૈલી બાલભોગ્ય, સરલ, પ્રાસાદિક તથા વચ છ છે. ચિત્રો ઠેર ઠેર પ્રસંગાનુરૂપ હોવાથી બાલભોગ્ય આ પ્રકાશનની એ વિશિષ્ટતા સર્વ કોઈને આકર્ષે તેવી છે. છાપકામ, ગેટઅપ, ઈત્યાદિ આકર્ષક છે. પૂંઠું બોર્ડપટ્ટીનું હોત તો વધુ ટકાઉ રહેત!

લેખક પૂ. મહારાજશ્રીનો પરિશ્રમ પ્રશંસાપાત્ર છે. 'બાલરામાયણ'ના બન્ને ભાગો જૈન સમાજમાં ઘેર ઘેર હોવા આવશ્યક છે. પ્રાસંગિક ચિત્રોને અંગે એક વાત કહેવાની રહે છે. તે કાળનાં સ્રીપાત્રોની વેષભૂષા આ રીતે ઉઘાડા મસ્તકની હોવાના વિષે અમે સહમત નથી. ચિત્રો વિષે પ્રેરણા આપનારાઓએ આ હકીકતનું અન્વેષણ કરવું જરૂરી છે.

(૧૧) **અમરકુમાર અને મયણાસુંદરી** લે. પ્રકા૦ નારાયણ સોલંકી. સ્વાતિ પ્રકાશન, ૧૪૫ ગુરુવાર પેઠ, પુના ૨. મૂ. ૧. ક્રા. ૧૬ પેજી ૧૪+૫૮=૭૨ પેજ.

શ્રી નવકાર મહામંત્રના મહિમા પર શ્રી અમરકુમારનું ચરિત્ર જૈન સમાજમાં પ્રસિદ્ધ છે. તેમ જ શ્રી નવપદ ભગવંતની આરાધના માટે શ્રીપાલ તથા મયણાસુંદરીની કથા પણ સુપ્રસિધ્ધ છે. તે બન્નેના કથાપ્રસંગોને નાટ્યોચિત કરવા માટે છૂટ-છાટો લઈને લેખકે નાટિકાઓ રચી છે. જૈન ઇતિહાસનાં ઐતિહાસિક પાત્રોની આ રીતે નાટિકાઓની પ્રવૃત્તિનું પરિણામ આજે સર્વ કોઈએ ગંભીરપણે વિચારવું જરૂરી છે. તેમાંયે પૂ. પાદ આચાર્યાદિ શ્રમણનાયકોએ આ વિષે વિચારણીય ઘણું ઘણું રહે છે. તદુપરાંત પુરુષ તથા સ્ત્રી પાત્રો બન્ને ભેગાં રહે તેવી નાટિકાઓની પ્રવૃત્તિનું પરિણામ શું આવશે, તેની કલ્પના કરવા માટે પૂ. પાદ આચાર્યાદિ શ્રમણનાયકો તથા સમાજના આગેવાનોને અમે આ તકે નમ્ર અનુરોધ કરીએ છીએ. આ નાટિકાઓ પુનાની જૈન પાઠશાળામાં ભજવાઇ છે, ને પાઠશાળામાં ભજવવા માટે પ્રસિદ્ધ થાય છે, માટે આ પ્રસંગે અમે આ ચેતવણીનો સૂર કાઢેલ છે.

(૧૧) विविधतप और स्नात्रपूजा : प्रका. श्री जैन सुशील मंडल, हींगणघाट : (जि. वर्धा) મૂ. ૨૫ ન. પૈ૦ ક્રા. ૧૬ પેજી, ૪૦ પેજ.

બાલબોધટાઈપોમાં સ્નાત્રપૂજા તથા કલ્યાણક આરાધનવિધિ, વીસસ્થાનક તપ, અષ્ટ મહાસિદ્ધિ તપ તથા ગૌતમ સ્વામીનો રાસ અહીં પ્રસિદ્ધ થયેલ છે.

(૧૨) श्री पर्युषणपर्व महात्म्य और नेमनाथका सलोका : પ્રકા. ઉપર મુજબ. મૂ. ૨૫ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૬+૧૮+૮=૩૨ પેજ.

શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના અંગેનાં ચૈત્યવંદનો, સ્તવનો તથા સ્તુતિઓ ઈત્યાદિનો

સુંદર અને ઉપયોગી સંગ્રહ બાલબોધ ટાઈપોમાં અહીં પ્રસિદ્ધ થયેલ છે. પર્વાધિરાજના દિવસો માટે આ સંગ્રહ સ્તવનાદિને અંગે ઉપયોગી છે.

## રિપોર્ટો અહેવાલો :

(૧) માણિભદ્ર જયપુર જૈન શ્વે. તપગચ્છ સંઘનો વાર્ષિક અહેવાલ તથા આવક–જાવકનો વહીવટ તેમજ અનેક ઉપયોગી લેખો. ક્રા. ૮ પેજી ૬૦ પેજ: પ્રકા૦ જૈન શ્વે. તપાગચ્છ સંઘ જયપુર (રાજસ્થાન).

(૨) **જૈન ભોજનાલય :** કલકત્તા ખાતેના જૈન ભોજનાલયનો ત્રિવાર્ષિક (તા. ૧–૩–'૫૭થી ૩૧–૧૨–'૫૯ સુધીનો) રિપોર્ટ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયો છે. પ્ર. જૈન ભોજનાલયના ઓ. સેક્રેટરી શ્રી ચુનીલાલ ભાયચંદ શાહ, ૧૮, પારસી ચર્ચ સ્ટ્રીટ કલકત્તા ૧.

(૩) **મહુવા જૈન યુવક સમાજ:** વિ. સં. ૨૦૧૧, કા. સુદિ ૧ થી વિ. સં. ૨૦૧૫ આસો વદિ ૦)) સુધીનો સંસ્થાની કાર્યવાહીનો અહેવાલ તથા આવક—જાવકનો હિસાબ પ્રસિદ્ધ થયેલ છે. પ્રકા૦ માનદમંત્રીઓ: મહુવા (સૌરાષ્ટ્ર).


યક્ષરાટ્ ઇષ્ટપ્રાપ્તિ યંત્ર

શ્રી ઘંટાકર્ણ મહાવીર

ત્રિરંગી ચિત્ર

પોસ્ટેજ સાદુ ૨૫ ન. પૈસા | ૭½"×૧૦" | કિંમત ૫૦ ન. પૈસા

આધિ–વ્યાધિ–ઉપાધિ
તાત્કાલિક દૂર કરવા આજેજ
ચમત્કાર અનુભવી લો

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર






૧ દરેકને પોસાય તેવી ઈન્દુ સ્ટાયલો પેન
૨ કાયમ ચકચકીત રહેતી કલીપ
૩ ગેરંટીડ લીક પ્રૂફ
૪ દેખાવમાં સુંદર, ટકાઉ અને મજબુત
૫ દરેકે ઠેકાણે મળે છે.

★

તમો તમારા વેપારી પાસે આ પેન ખરીદવાનો આગ્રહ રાખો.

મેન્યુ:–
ધી નેશનલ પેન વર્કસ
મુંબઈ–૪.

# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

**શ્રી કિરણ**

સ્વાર્થનો મહારોગ આજે જગતમાં કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે ! 'બીજાનું ગમેતે થાઓ, મારુ જ કેમ સારું થાય ?' આ ભાવના માનવને પશુત્વ કરતાંયે બદતર પરિસ્થિતિમાં ધકેલી રહી છે. એ હકીકતનો ઉલ્લેખ કરવા દ્વારા 'સર્વનું હિત થાઓ' આ ભાવનાની મહત્તા અહીં 'શ્રી કિરણ' પોતાની રસ શૈલીમાં સમજાવી રહ્યા છે.

⊙

## સ્વાર્થનો જ કેવળ વિચાર એ મહાન રોગ છે !

આપણને માનવ ભવ પ્રાપ્ત થયો છે. માનવભવ પ્રાપ્ત કરીને માનવતા કેળવવી પડશે. આપણને મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે, એટલે આપણામાં માનવતા કેળવાઈ ગઇ છે એમ માનવું, એ ભ્રમણા છે.

દેહ મનુષ્યનો હોય, પરંતુ જો દુર્ભાવો ભર્યા હોય-હિંસા, ક્રોધ, કપટ, ક્રૂરતા, છલકાતા હોય તો આપણે માનવી નહિ પણ માનવપશુ છીએ.

આપણને માત્ર આપણાજ સ્વાર્થના વિચાર આવતા હોય, 'સુખ માત્ર મને જ મળે, બીજાનું ગમે તે થાઓ'; 'દુઃખ માત્ર મારું જ દૂર થાઓ, બીજા ભલે દુઃખી રહો'; આ સર્વ ઈચ્છાઓમાં કનિષ્ઠ ઈચ્છા જો આપણી હોય, તો હજી આપણે માનવી નહિ પણ માનવપશુ છીએ.

આપણા હૈયાને આપણે તપાસવું પડશે. શું આ સર્વથી કનિષ્ટ ઈચ્છા 'મને પોતાને જરા જેટલું પણ દુઃખ ન થાઓ અને જગતમાં જેટલું સુખ છે, તે બધું મને જ મળો,' આપણા હૈયાના ઊંડાણમાં રહેલી છે ? 'ભલે મને કષ્ટ પડે, પરંતુ બીજાનું દુઃખ કેમ દૂર થાય?' શું આ વિચાર આપણામાં છે ?

દરેક વ્યકિત પોતે પોતાના હૃદયને ઊંડા ઊતરીને પ્રામાણિકપણે તપાસે. જો પોતાનામાં માત્ર સ્વાર્થના વિચારો ભર્યા હોય તો આ ભયંકર આધ્યાત્મિક બીમારી [chronic Spiritual Disease) માટે સાવધ બને.

માત્ર સ્વાર્થનો વિચાર કેન્સર કરતાં પણ વધુ ભયંકર રોગ છે.

સર્વ શારીરિક અને માનસિક રોગોનું મૂળ હૃદયના ઊંડાણમાં રહેલો સ્વાર્થનો મહારોગ છે. સર્વ ધર્મશાસ્ત્રો આ સત્ય પોકારીને કહે છે. અર્વાચીન માનસવિજ્ઞાન પણ હવે આ સત્યનો સ્વીકાર કરે છે.

સ્વાર્થના મહારોગને લીધે જ સંસારમાં અનંત ભ્રમણ થઇ રહ્યું છે.

સ્વાર્થના રોગને દૂર કરવાનો એક માત્ર ઉપાય પરાર્થકારિતા છે.

'પરાર્થકારિતા' શું છે ? તે કઈ રીતે પ્રાપ્ત થાય ? કઇ રીતે કેળવાય ? આધ્યાત્મિક જીવન માટે તેનું શું મહત્ત્વ છે ? તે સંબંધી આપણે વિચાર કરીશું.

માનવતા કેળવવા માટે એક પરમ સત્ય આપણે સમજવું પડશે. જો 'સર્વ જીવોનું દુઃખ દૂર થાઓ' એ ભાવ હૈયામાં પ્રગટે, તો પોતાનું દુઃખ અવશ્ય દૂર થાય. જો 'સર્વ જીવો સુખી થાઓ' એ કામના અંતરમાં જાગે, તો પોતાને સુખ અવશ્ય મળે જ. આ પરમ સત્ય [cosmic Truth] સ્પષ્ટપણે સમજાઇ જવું જોઇએ. તેનું સ્પર્શન અને સંવેદન (feel) થવું જોઈએ.

ભલે આજે આપણે માનવપશુ હોઇએ. જો સમ્યક્ પ્રયત્ન કરીશું તો 'માનવી' બનીશું. માનવી બન્યા પછી જ સ્વાર્થના મહારોગને સમૂળ દૂર કરવાની તાકાત પ્રગટશે.

'માનવતા કેળવવી' એટલે માર્ગાનુસારિતાના ગુણો પ્રગટાવવા. મોક્ષ પ્રાપ્તિના પ્રયત્નનો પાયો માર્ગાનુસારિતા છે.

આધ્યાત્મિક મહાવિકાસની કૂંચીઓ (spiritual Formula) ધર્મશાસ્ત્રોમાં ભરી છે; આપણા આત્મામાં અનંત શકિત સુષુપ્ત રહેલી છે. જો એકાદ કૂંચીનો સમ્યક્ ઉપયોગ થઇ શકે, તો આપણા જીવનમાં કર્મમળોનો ક્ષય કરનાર અને આત્મગુણો પ્રગટાવનાર આધ્યાત્મિક શકિતનો વિસ્ફોટ Fission of Spiritual Energy થતાં શી વાર !

આત્મગુણોને પ્રગટતાં અટકાવનાર સ્વાર્થનો મહારોગ છે.

બુલ્વર લિટને કહ્યું છે કે 'સ્વાર્થ માનવીની સર્વ શકિતઓને હણી નાખે છે.'

ઝેંગવિલના નીચેના શબ્દો જેમણે માર્ગાનુસારિતા કેળવવી હોય તેમણે સતત સ્મરણમાં રાખવાઃ-

'Selfishness in the only real atheism; unselfishness, the only real religion.'

'સ્વાર્થ એટલે સર્વથી મોટું નાસ્તિકપણું, પરાર્થકારિતા એટલે સર્વથી શ્રેષ્ઠ ધર્મ !'

શ્રી તીર્થંકર પરમાત્માઓના આત્માઓમાં સ્વાર્થ ઉપસર્જનતા અને પરાર્થવ્યસનિતા જેવા ગુણો સ્વાભાવિકપણે રહે છે.

માનવભવ પ્રાપ્ત કરીને મનુષ્યત્વ કેળવવા માટે આપણે સ્વાર્થને ગૌણ કરવો પડશે, પરાર્થકારિતા કેળવવી પડશે.

જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ. સર્વ પ્રાણીગણો પર હિત કરવાની ભાવનાવાળા બનો. 'સર્વના સર્વ દોષો નાશ પામો અને સર્વત્ર સમગ્ર લોક સુખી બનો.' આ ભાવના આપણે વારંવાર ભાવવી પડશે.


**મોટર ચાલુ છે** **યાત્રાર્થે પધારો** **મોટર ચાલુ છે**

શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મહાન પ્રાચીન ચમત્કારિક તીર્થની યાત્રા માટે પેઢીની પ્રાઇવેટ બસ આબુરોડ જૈન ધર્મશાળાની પાછળથી દરરોજ બપોરના ૨ાા વાગે ઉપડી સાંજના પાંચ વાગે જીરાવલાજી પહોંચાડે છે અને બીજે દિવસે ઉપડી બપોરે ૧ વાગે આબુ રોડ પહોંચાડે છે.

સ્વચ્છ હવા, હલકું પાણી, નૂતન ધર્મશાળા સારી એવી ભોજનશાળાની સગવડતા છે માટે દરેક યાત્રાળુ ભાઈ-બ્હેનોને આ પ્રાચીન તીર્થની યાત્રાનો અવશ્ય લાભ લેવા વિનંતી છે.

**તા. ક. ચોમાસાના કારણે પેઢીની બસ બંધ થઇ ગઇ છે.**

નિવેદકઃ— મેનેજીંગ ટ્રસ્ટ કમીટી

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન પેઢી. પો. રેવદર (આબુરોડ થઈ)**

# દેશ અને દુનિયા

**શ્રી સંજય.**

'કલ્યાણ'માં અવારનવાર દેશ તથા દુનિયાના બનાવોનું આધ્યાત્મિક દષ્ટિએ મૂલ્યાંકન કરતો આ વિભાગ યથાવસરે રજૂ થતો રહે છે, જે હજારો વાચકોનાં આકર્ષણનો વિષય બન્યો છે, પણ 'કલ્યાણ'માં મૂકવા માટેના ઉપયોગી લેખો થોકબંધ હોવાથી આ વિભાગને કેટલીયે વખત અમારે અનિવાર્ય સંયોગોમાં મુલ્તવી રાખવો પડે છે.

❀

**યૂ**રોપમાં યૂનોની મહાસમિતિની બેઠક મલી, ને તેમાં રશીયાના વડા પ્રધાન ક્રુશ્ચેવે પોતાની હાજરી દરમ્યાન કેવલ નાટકીય ઢબે અભિનેતાની અદાથી સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાની તરફ કેંદ્રિત રાખ્યું, જ્યાં સુધી કૃશ્ચેવે ન્યુયોર્ક શહેર ન છોડયું, ત્યાંસુધી યૂનોની પ્રવૃત્તિઓ ધમધમતી રહી. અમેરિકી સત્તાવાળાઓને કૃશ્ચેવનાં રક્ષણ માટે સતત ૨૪ કલાક જાગૃતિ રાખવી પડેલી અને કૃશ્ચેવે આ વખતે યૂનોમાં ધૂમધડાકા કરવા સિવાય કશું જ મહત્ત્વનું કે સંગીન કાર્ય કર્યું નથી, કે વિશ્વશાંતિ માટે સંગીન કે નક્કર ભૂમિકા રજૂ કરી નથી. યૂનોમાં આવા ધૂમધડાકા પાછળ દુનિયાનાં રાષ્ટ્રો ક્રોડો રૂ. નો દુર્વ્યય કરી રહ્યાં છે, એ આ ડાહ્યા ગણાતા દેશોની મૂર્ખાઇ જ છે કે બીજું કાંઇ?

**જે**ની મહિનાઓથી રાહ જોવાતી હતી તે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી થઇ ચૂકી, ને સત્તાવાર પ્રમુખ તરીકે ડેમોક્રેટ આગેવાન અને લક્ષાધિપતિના ૪૩ વર્ષના પુત્ર સેનેટોર જહોનકેનેડી અમેરિકાના નવા પ્રમુખ બન્યા છે. રીપબ્લીકન પક્ષના ૮ વર્ષના શાસન બાદ આજે ફરી ડેમોક્રેટો માટે વ્હાઇટહાઉસનો કબ્જો આવ્યો છે. રીપબ્લીકનપક્ષના ટ્રુમેન તથા રૂઝવેલ્ટ પછી આઇઝનહોવરે આઠ વર્ષ અમેરિકાના પ્રમુખપદનું સ્થાન સાચવી રાખ્યું હતું. જોનકેનેડી રોમન કેથોલિક પંથના છે. અમેરિકાના ઇતિહાસમાં વીસમી સદીમાં જન્મેલા પ્રેસીડેન્ટ બન્યા હોય તે આ પ્રથમ જ દૃષ્ટાંત છે. તેમને ૨૮૩૩૧૫૦૩ મતો મલ્યા હતા, ને તેમના હરિફ નિકસનને ૨૭૪૮૯૨૨૨ મતો મળેલા. ખૂબ નજીવી બહુમતિથી કેનેડી ચૂંટાઇ આવ્યા છે. તેઓ આવતા જાન્યુઆરી માસમાં પોતાનો હોદ્દો સંભાળી લેશે.

**અ**મેરિકાના વરાયેલા પ્રમુખને દરવર્ષે એકલાખ ડોલરનો પગાર મળે છે. અને તેમને તેમની સત્તાવાર ફરજો અદા કરવા માટે ખર્ચ કરવા સારૂ ૫૦ હજાર ડોલર બીજા મળે છે. આમાંથી આવકવેરો બાદ કરવાનો હોય છે. આ સિવાય પ્રવાસખર્ચ તથા સત્તાવાર સરભરાખર્ચ માટે તેમને ૪૦ હજાર ડોલર સુધીની રકમ મલે છે. અમેરિકાના ઉપપ્રમુખને દરવર્ષે ૩૫ હજાર ડોલરનો પગાર તથા ૧૦૦૦ ડોલર ખર્ચ માટે મળે છે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખોને (જીવંત હોય ત્યાંસુધી) દર વર્ષે ૨૫ હજાર ડોલરનું પેન્શન મળે છે. હાલ શ્રી હરબર્ટહુવર હેરીટ્રુમેનને આવું પેન્શન મલી રહ્યું છે. આઇઝનહોવરને પણ આવું પેન્શન હવે પછી મલશે. તેમ જ ભૂતપૂર્વ પ્રમુખોની વિધવાઓને પેન્શન પેટે દર વર્ષે લાખ ડોલર જેટલી રકમ ખર્ચવાની રહે છે. સેનેટસભામાં પ્રમુખને અસાધારણ સત્તા મળતી હોય છે.

**ન**વા પ્રમુખ આવ્યા પછી વિશ્વની તંગદિલીમાં કાંઇક હળવાશ આવશે એમ રાજદ્વારી નિરીક્ષકોનું માનવું છે. રશીયાના વડા પ્રધાન કૃશ્ચેવે પણ નવા પ્રમુખને આવકાર આપતાં આશાવાદ દર્શાવ્યો છે કે 'હવે જરૂર રશીયા તથા અમેરિકાના સંબંધો વધુ સારા રહેશે.'

**ધા**ર્મિક ટ્રસ્ટ બીલ જે રીતે ભારતસરકાર હિંદુ પ્રજા પર લાદવાના પ્રયત્નો કરી રહેલ છે, ને તેમાં કેવળ વહિવટીક્ષેત્રને વ્યવસ્થિત રાખવાની વિચારણા અને ઉદ્દેશ રહેલો છે, તેમ જે તેના તંત્રવાહકો આપ

ણને સમજાવે છે, તેને અંગે કલકત્તાના એક અગ્રગણ્ય દૈનિકમાં એક લખાણ પ્રસિદ્ધ થયું છે કે, 'ધાર્મિક ટ્રસ્ટો જેમ સાર્વજનિક મિલકતો છે, તેના કરતાં સરકારી મિલકતો વધુ ને વધુ સાર્વજનિક છે, ને પ્રજાની કમાણીમાંથી અનિચ્છાયે કે ઇચ્છાએ કર-વેરા દ્વારા તે બધી મિલકતો ભેગી કરેલી છે. આજે ભારતમાં પ્રજાની તે ક્રોડોની મિલકતો રફે-દફે થઇ રહી છે. પુલો, સડકો, બંધો તથા વિકાસ યોજનાના નામે લાગતા-વળગતાઓના અંગત વિકાસોમાં જે રીતે તે બધી મિલકતોનો વ્યય થઇ રહ્યો છે, તે માટે એક ટ્રસ્ટબીલ લાવવાની આજે ભારતમાં પહેલી જરૂર છે. ધાર્મિક ટ્રસ્ટોના કદાચ ગોટાળા બે-પાંચ હશે અને આ કિસ્સાઓમાં તો લાખ્ખો રૂપીયાના ગોટાળા પકડાઇ જવા સંભવ છે, અને તે દ્વારા પ્રજાના પરસેવાની લાખ્ખોની મિલકતોનું વ્યાજબી રક્ષણ થાય તેમ છે.' વર્તમાન ભારત સરકારના તંત્રવાહકો આવું કોઇ બીલ લાવશે ખરા કે?

એક બાજુ ભારતમાં ચોમેર અછત પ્રદેશો વધતા જ જાય છે. ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છના અનેક ગામડાઓમાં આજે અનાવૃષ્ટિના કારણે અન્ન, આદિ પાકોની અછત ઉભી થઈ છે. ઘાસ-ચારો તથા પાણીની તંગી વર્તાઇ રહી છે, ત્યારે બીજી બાજુ હાલ તાજેતરમાં દક્ષિણના ચાર જિલ્લાઓમાં મદુરાઇ, રામનાદ, સરૂનેવેલી, તથા કન્યાકુમારી જીલ્લાઓમાં છેલ્લા એક અક અઠવાડીયામાં પડેલા ભારે વરસાદના કારણે પારાવાર નુકશાન થયું છે. ભારતમાં કોંગ્રેસીતંત્ર ગમે તેટલી પોતાની સિદ્ધિઓના ગુણગાન ગાય, પણ જો સાચી રીતે આત્મનિરીક્ષણ તેઓ કરે તો આજે તેર વર્ષના ગાળામાં જીવનની એક ન્હાનામાં ન્હાની જરૂરીયાતની વસ્તુની મોંઘવારીએ જે રીતે માઝા મૂકી છે તે સ્થિતિમાં આ બધી યોજનાઓ પાછળ ખર્ચાતા કરોડો રૂા. નો અર્થ શો?

છેલ્લા સમાચાર મુજબ કચ્છના લગભગ નવસો ગામોમાંથી સાડા છસો ગામોમાં પાક નિષ્ફળ ગયો છે. સાડાચાર લાખ માનવીઓને તથા ઢોરોને પીવાના પાણી માટે ફાંફા છે. તેમજ ગુજરાતના ૩૮૦૦થી વધુ ગામોમાં અછતની પરિસ્થિતિ વર્તે છે. આ પરિસ્થિતિ શું સૂચવે છે? લોખંડના તોતીંગ કારખાનાઓ દેશમાં ઉભા કરીને, તેમજ હિંસાઓ કરી માછલાંઓને પર-દેશમાં ધકેલીને, ઢોરોના માંસને પરદેશમાં મોકલીને ભારત સરકાર જે કરોડો રૂા. ની ધૂમ કમાણી કરી રહી છે, તેનો આ હિસાબ ચૂકવાઇ રહ્યો છે, એમ અમને જરૂર લાગે છે. ભારતદેશની સંસ્કૃતિ અહિંસાપ્રધાન છે, ન્હાનામાં ન્હાના જીવને રક્ષણ આપવાનો પ્રાણ-મંત્ર આ પ્રદેશમાં ફૂંકાયેલો છે, તે પ્રદેશમાં આજે માછલાંઓને મારવાનો ધૂમ વ્યાપાર ચાલી રહ્યો છે, આ કેવી કમનશીબી!

ભારતમાંથી કેવલ ગૌમાંસની પરદેશ ખાતે નિકાસ જે ૧૯૪૨-૪૩ની સાલમાં ૧૫ લાખની હતી, ત્યાં ૫૬-૫૭માં ગોમાંસની નિકાસ ૭૦ લાખ ઉપર થઇ હતી. જે દેશમાં કરોડોની વસતિ હિંદુઓની ગણાય, ત્યાં જ આજે ગોમાંસની નિકાસ ભારત સરકાર કરી રહી છે. ૧૯૫૩માં કુંભમેળા વખતે એક ડેપ્યુટેશને પં. જવાહરલાલજીને ગોમાંસની નિકાશ નહિ કરવાની વિનંતિ કરી હતી, ત્યારે માન. શ્રી જવાહરલાલજીએ ખાત્રી આપી હતી કે 'ભારતમાંથી પરદેશ જતાં ગોમાંસનો વ્યાપાર બંધ કરવામાં આવશે.' બાદ ભારત સરકારના વ્યાપાર ઉદ્યોગમંત્રીએ ગોમાં-સની છુટ આપી દીધી ને આજે એ વ્યાપાર મોટા પાયા પર ચાલે છે. ભારત સરકારનું વ્યાપારખાતું હવે ભારતમાંથી વર્ષ દરમ્યાન બે કરોડ પશુઓની કતલ કરવાની યોજના વિચારી રહેલ છે. જે માંસ પરદેશ ખાતે નિકાસ કરીને કરોડો રૂા. ની કમાણી કરવાની તેમની ભાવના છે. એક બાજુ પરદેશમાંથી કરોડો મણ અનાજ અહિં ભારતખાતે ઠાલવીને પરદેશને કરોડો રૂા. નું હુંડીયામણ આપવું, ને અહિંસક સંસ્કૃતિમાં માનનાર પોતાના ત્રિરંગી રાષ્ટ્રધ્વજમાં અશોકચક્રને સ્થાન આપીને 'જીવોને સુખે જીવવા દો' નો જીવનપાઠ ભારતની પ્રજાને પઢાવનારા કોંગ્રેસી આગેવાનો આ રીતે માંસ-માછલાંઓની પરદેશખાતે નિકાશ કરી રહ્યા છે, તે કેટ-કેટલી ઉલટી ગંગા વહી રહી છે. ભારતદેશની આ કેવી કમનસીબી!

મધ્યસ્થ સરકારના અન્નપ્રધાન શ્રી પાટીલ અમેરિકા જઈને કરી આવેલા કરાર મુજબ અમેરિકા તરફથી ભારતને એક કરોડ ને ૭૦ લાખ ટન ઘઉં અને ચોખા પૂરા પાડવાના કાર્યની શરૂઆત તાજેતરમાં સમારંભપૂર્વક મુંબઈની ગોદીમાં થયેલ તે વખતે મુંબઈ ખાતે ભારતના અન્નપ્રધાન પાટીલ તથા અમેરિકી એલચી શ્રી બેંકર હાજર રહ્યા હતા. અમેરિકા સાથેની છેલ્લામાં છેલ્લી સમજૂતી હેઠળ ભારતીય બંદરોમાં આગામી ચાર વર્ષ સુધી દરરોજ સરેરાશ ૧૧ હજાર ટન અનાજ સાથે એક જહાજ આવતું રહેશે! ભારતીયજનો! આનંદો. કરોડો રૂ.ની યોજનાઓ વધુ અનાજ વાવો પાછળ ખર્ચાવેલા લાખો રૂ. અને ખેતીપ્રધાન ભારત દેશ છતાં હજુ ચાર વર્ષ સુધી તમારે અમેરિકાનું અનાજ ખાવાનું છે. નહેરો, બંધો, સડકો તથા મોટા-મોટી વિકાસ-યોજનાઓનો ધૂમ ખર્ચાઓ કરવા છતાંયે આજે તેર-તેર વર્ષના વ્હાણાં વીતવા છતાં ભારતીય તંત્રે શું પ્રગતિ કરી? હા, લાખો ટન માછલાઓને પરદેશ ખાતે મોકલીને લોખંડના તોતીંગ કારખાનાઓને દેશમાં ઉભા કરવાની યોજનાઓ!

પાકીસ્તાન સાથે ભારતને થયેલા તાજેતરના કરાર મુજબ ભારત હવે ૧૦ થી ૧૩ વર્ષ સુધી પાકીસ્તાનને પાણી આપશે, તે પણ રાજસ્થાનના અછતપ્રદેશના ભોગે: હવે રાજસ્થાનમાં નહેરો નહિ થાય, અને ત્યાં જે સિંચાઈ યોજનાની સ્કીમ હતી, તે અભરાઈએ ચડશે. વિશ્વબેંકે વચ્ચે પડીને પાકીસ્તાનને અનેક રીતે ફાયદો કરી આપ્યો છે ભારતે અત્યાર સુધી ભલમનસાઈથી પોતાના મથકની નદીઓ રાવી, સતલજ તથા બ્યાસનાં પાણી પાકીસ્તાનને આપેલ છે, છતાં પાકીસ્તાને પોતાની આડાઈ મૂકી નથી. છેલ્લા કરારમાં ભારતે હવે પાકીસ્તાનને રૂ ૬૦ કરોડને બદલે ૮૩ ક્રોડ આપવાના રહેશે. તદુપરાંત; ભારતની ત્રણ નદીઓના ૩૨૮ લાખ એકર ફીટ પાણીમાંથી ૧૧૪ લાખ એકર ફીટ પાણી ભારતે પાકીસ્તાનને ૧૦ થી ૧૩ વર્ષ સુધી આપવું પડશે અને ભારતને પોતાની નદીઓનું પાણી પોતાને માટે જોઈતું હોય તો પાકીસ્તાનને નહેરોના નવા જોડાણ માટે ૮૩ ક્રોડ આપવાના, તે ૧૦ થી ૧૩ વર્ષ સુધી ભારત પોતાના વિસ્તારમાં પાણીની અછત હોવા છતાં પાકીસ્તાનને પાણી આપે. ભારતને ૮૩ કરોડ ખર્ચવાના; ત્યારે પાકીસ્તાન પોતે પોતાના ખીસામાંથી માત્ર ૭૦ કરોડ વાપરશે. ભારતને બ્યાસ નદી પર એક બંધ બાંધવો પડશે. તે માટે અમેરિકા ભારતને ૧૫ કરોડ ૭૦ લાખ અને વિશ્વબેંક રૂ. ૧૧ કરોડ ઉછીના આપશે. આ ઉપરાંત અનેક રીતે ભારત બંધાયેલું રહે છે. કાશ્મીરમાં ભારતને બંધ બાંધવો હોય તો પાકીસ્તાનને પૂછ્યા વિના બંધાય નહિ. આ કરારમાં ઝઘડો પડે તો તેના લવાદ માટેની જોગવાઈ ઘણી વિચિત્ર છે. એના લવાદોમાં યૂનોના મહામંત્રી, અમેરિકાના ન્યાયાધીશ, અને બ્રિટીનના ન્યાયાધીશ આદિની હારમાળ એવી વિચિત્ર છે કે, જેમાં ઝઘડાનો કોઈ અંત આવે જ નહિ. છતાં પાકીસ્તાનના માર્શલ અયુબખાન આ કરારની કલમોનો મનઘડંત અર્થ ઘટાવવાની શરૂઆત ક્યારનીયે કરી ચૂકયા છે તદુપરાંત, વારે-તહેવારે કાશ્મીરની બાબતમાં ભારતની સાથે વિષવમન કરી રહ્યા છે તે કેટલું દુઃખદ છે ભારત કજીયાનું મોં કાળું કહીને જેમ જેમ ભલમનસાઈ તથા ઉદારતા દાખવે છે તેમ તેમ પાકીસ્તાન 'પોતાના સ્વભાવનું પ્રદર્શન કરીને દુનિયાને ઉંધા પાટા ભરાવી રહેલ છે. ખરેખર સ્વભાવનું ઔષધ નથી એમ કહેવું વ્યાજબી છે!

કુદરત કહો કે માનવોના પૂર્વોપાર્જિત અશુભનો તિવ્ર ઉદય કહો તેના પરિણામે છેલ્લા લગભગ વીશ દિવસોમાં પૂર્વ પાકીસ્તાનના દરિયાઈ કિનારાપર પવનના વાવાઝોડાએ અને દરિયાઈ જુવાળે ૫૦ હજાર માનવોને નિરાધાર બનાવી દીધા છે. હજારોના મૃત્યુ થયા છે. અને હજારોની વસતિવાળા ગામોના ગામો પાણીમાં અદૃશ્ય થઈ ગયા છે. અબજો રૂ નું નુકશાન થયું છે. માનવ સુખ માટે આટ-આટલા ફાંફા મારે છે છતાં તે કેટ-કેટલો આજના વૈજ્ઞાનિક યુગમાં પણ અશરણ અને અપંગ છે તે સમજી શકાય છે. સંસારમાં ધર્મ સિવાય સાચું શરણ પ્રાણીમાત્ર માટે અન્ય કોઈ નથી એ સમજણ સહુએ કેળવવી જરૂરી છે.

ભારતના હવાઇ દળના વડા એરમાર્શલ એસ. મુકરજી જાપાનના મુખ્ય શહેર ટોકીયો ખાતે ભોજન દરમ્યાન માંસનો ટુકડો આકસ્મિક શ્વાસનળીમાં ઘૂસી જતાં ગુંગળાઇ જઇને અવસાન પામ્યા. ૪૯ વર્ષની વયના તેઓ કેટ–કેટલી આશા સાથે આવતા વર્ષે શરૂ થનારી ભારત–જાપાન વચ્ચેની ઝેટવિમાની સર્વીસના મુહૂર્ત માટે એર ઈંડિયાના બોઇંગ વિમાનમાં ટોકીયો ગયેલા, ને તેમના માનમાં યોજાયેલા ભોજન સમારંભમાં કે જે ત્યાંની જાણીતી હોટેલમાં યોજાયેલ હતો, તેમાં ખાણું લેતાં જ તેમનો જીવન દીપ બુઝાઇ ગયો ! ખરેખર આયુષ્ય કેટ–કેટલું ક્ષણિક છે. બીજા પ્રાણીઓના વિનાશથી ઉત્પન્ન થતા ખોરાકને મુખમાં આરોગનારા અજ્ઞાની જીવોને એ ખબર નથી કે બીજાઓનો કેવલ મારા સ્વાદ ખાતર કોળીયો કરનારા અમે ક્યારે કઇ રીતે કાળના કારમા કોળીયાનો ભોગ બની જઇશું ! એક તો માંસનું ભોજન ને તેમાં રાત્રીભોજન ! રાત્રે ખાનાર ગમે તેટલી લાઇટોના ઝળહળતા પ્રકાશમાં ભોજન કરે પણ છતાં દિવસનો પ્રકાશ જે રીતે વસ્તુને સ્પષ્ટ બતાવે છે તે નહિ જ બતાવી શકે ! માટે જૈનશાસ્ત્રોએ રાત્રી ભોજનનો સર્વથા નિષેધ કર્યો છે તેમાં આ પણ એક મહત્ત્વનું કારણ છે !

ભારતમાં ત્રિપુરથી ૨૫ માઇલના આંતરે આવેલા પાઝાપુર ખાતે રાત્રે ભોજનસમારંભમાં ભાગ લેનારા આરસો માનવોમાંથી પાંચ–૭ જણ ત્યાં જ મૃત્યુ પામ્યા હતા. બાકીનાઓમાંથી કેટલાકોની સ્થિતિ ગંભીર રહી હતી અને કેટલાકોને હોસ્પીટલોમાં ખસેડવા પડયા હતા રાત્રીનું ભોજન તેમાંયે ખાવાના વિવેકનો અભાવ કેવી કરૂણ પરિસ્થિતિ સર્જે છે !

ઇંદોર ખાતે સર્વોદય કાર્યકરોએ સ્ટેશન પાસે દિવાલ પર ચોંટાડેલા સીનેમાના હલકા–અશ્લિલ દૃશ્યવાળા પોષ્ટરને ઉતારીને તેની હજારો જનમેદની સમક્ષ હોળી કરી હતી. આજે ખરેખર સ્ત્રી–પુરુષનાં વિલાસી કામોત્તેજક દૃશ્યોનો વાતવાતમાં નિર્મર્યાદ રાફડો ફાટી નીકળ્યો છે. આજના યુવાનો સીનેમાના નાચ–નખરાં તથા યુવતીસમુદાયના આછકલા શૃંગારિક પહેરવેશથી વિલાસી બનતા જાય છે. ડગલે–ને પગલે કામુકતા વધતી જાય છે. ઉગતી પ્રજા આ કારણે નિર્વીર્ય તથા નિર્માલ્ય બનતી જાય છે. આવા યુવાનો દેશના ભાવિ માટે ખરેખર નિરાશારૂપ છે; દેશની શાન કે આનનું તેઓ શું રક્ષણ કરશે ? દેશના ગૌરવને તેઓ શું સાચવશે ? દેશની પ્રતિષ્ઠા માટે આવા યુવાનો નાકામીયાબ નીવડશે એ ચોકકસ છે. આજે તો દેશના નાયકોએ સમાજના હિતચિંતકોએ ઉગતી પ્રજાને નાટક-ચેટક, સીનેમા તથા રંગ–રંજન તેમજ કલાના નામે ચાલી રહેલા આ વિલાસી વાતાવરણથી દૂર રાખવા પોતાનાથી બનતા બધા પ્રયત્નોથી શકય કરવા જેવું છે. આજે કલાના નામે તથા નિર્દોષ મનોરંજનના નામે જે ચોમેર હલકી વિલાસી વૃત્તિઓને પોષનારૂં માદક તથા અડપલા કરવા દ્વારા જાતીય મનોવૃત્તિને ઉત્તેજનારૂં જે સાહિત્ય તથા નાટકો, ભવાઇઓ અને સીનેમાનાં ક્ષેત્રોનો વધતો દૌર ખરેખર ભારતના ભાવિ માટે ખતરનાક છે. સર્વોદય કાર્યકરોએ જે જાહેર હિમ્મત દર્શાવી છે, તે ખૂબ જ અવસરોચિત તથા સમાજસ્વાસ્થ્ય માટે ઉપકારક પગલું છે, પણ પોષ્ટરો બાળી નાંખવાનાં બદલે તેને કાઢીને દૂર કરવા એ ઉચિત છે.

તા. ૧૨–૧૧–૬૦

અણમોલ મંત્રપ્રયોગ સંગ્રહ
શ્રી
મંત્ર સાર
કિ. રૂા. ૧/૫૦ ન. પૈ.    પોસ્ટેજ ૭૫ ન. પૈ.
જેમાં
ઘંટાકર્ણ મહાવીર મંત્ર, વિધિ, સ્તુતિ સ્તોત્ર, માણિભદ્ર મંત્ર, વિધિ, છંદ લક્ષ્મિ પ્રાપ્તિ મંત્રો, ગૃહશાંતિ મંત્ર, જાપ વિધિ, ગૃહશાંતિ યંત્ર, મંત્રોનું મહત્વ, વગેરે
પ્રાપ્તિ માટે
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

# સમાચાર સાર

**શ્રી શત્રુંજય તીર્થની પુણ્યભૂમિ પર**–કાર્તિકી પૂર્ણિમા પર શ્રી ગિરિરાજની યાત્રાયે દેશ–પરદેશથી યાત્રિકો સારી સંખ્યામાં આવેલ. મારવાડ, ગુજરાત તથા સૌરાષ્ટ્રના યાત્રાળુઓ હતા. લગભગ ૧૦ હજાર યાત્રિકોએ ગિરિરાજની યાત્રાનો લાભ લીધો હતો. (૨) ખુશાલ ભુવન ખાતે ઉપધાન તપની આરાધના સારી રીતે થાય છે. ૧૯૧ ભાઇ–બ્હેનો માળા વાળા સુખશાતામાં છે, બીજા બધા સુખપૂર્વક ઉપધાન કરીને નીકળી ગયા છે. તેઓની માલારોપણનો શુભ દિવસ માગશર શુદિ ૫ નો નિર્ણિત થયો છે. (૩) નજરબાગ ખાતે ઉપધાનતપમાં ૩૫ માલાઓ છે, માલારોપણનો શુભ દિવસ માગશર સુદિ ૫ નો નિર્ણિત થયેલ છે. (૪) શ્રી નેમિદર્શન જ્ઞાનશાળાના ચોકમાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીની મૂર્તિની પ્રતિષ્ઠા ગુરૂમંદિરમાં તાજેતરમાં થનાર છે.

**ચાતુર્માસ પરિવર્તન**–પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રી આદિ પૂ. આચાર્યદેવોનું ચાતુર્માસ પરિવર્તન કા. સુદિ પૂર્ણિમાના દિવસે કલ્યાણ ભુવન ખાતે વાજતે–ગાજતે થયું હતું. વ્યાખ્યાન તથા પ્રભાવના થયેલ.

**ધાર્મિક ટ્રસ્ટબીલનો વિરોધ**–ભારત સરકાર તરફથી લોકસભામાં રજૂ થયેલ અને પ્રવર સમિતિને સોંપાયેલ ધાર્મિક ટ્રસ્ટ બીલને અંગે જૈન સમાજના વિચારક આગેવાનોને ધર્મધુરંધર પૂ. પાદ આચાર્યદેવો આદિની પ્રેરણા પ્રાપ્ત થતાં સમાજમાં પ્રબલ વિરોધનાં આંદોલનો ઉભા થયેલ છે. પરિણામે ભારતના પ્રત્યેક પ્રદેશમાંથી જૈન સંઘોએ ઠરાવો મોકલાવી આપેલ છે. લગભગ ૧ લાખ વ્યકિતઓએ પોતાના હસ્તાક્ષરોથી વિરોધના ઠરાવો મોકલેલ છે. જુદા–જુદા સંઘોએ ૬૦૦ ઉપરાંત ઠરાવો કરીને મોકલેલ છે. જેમાં શ્વે. જૈન સંઘો ઉપરાંત દિગંબર જૈન સંઘો, સ્થાનકવાસી તથા તેરાપંથી જૈન સંઘોએ પણ પોતાનો વિરોધ નોંધાવેલ છે. વિરોધનો મુખ્ય સૂર એ જ એક છે કે આ બીલને રદ કરો, કાંતો છેવટે જૈન ધાર્મિક ટ્રસ્ટોને આ ખતરનાક બીલની નાગચૂડમાંથી મુકત રાખો !

**શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સક્રિય કરે !** જૈન સમાજના ઘણા વિભાગો તરફથી આ બીલને અંગે કેટલાંક નિવેદનપત્રો દીલ્હી ખાતે મોકલાવાયાં છે, તેમ જ સિલેકટ કમિટિ પાસે ડેપ્યુટેશનની માંગણી કરવામાં આવી છે. આપણે ઇચ્છીએ છીએ કે, સકલ હિંદના મૂર્તિપૂજક જૈન સમાજના તીર્થોનું અમુક અંશે પ્રતિનિધિત્વ ધરાવનાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આ બીલને અંગે પોતાની લાગવગનો ઉપયોગ કરી તેના આગેવાનો આ બીલને અંગે ભારત સરકારના સત્તાસ્થાને રહેલા જવાબદાર આગેવાનો સાથે વાટાઘાટો કરે, ડેપ્યુટેશનોની માંગણી કરે, અને કોઇ પણ રીતે જૈન સમાજના ટ્રસ્ટોને આ બીલમાંથી મુકત રાખવા સક્રિયપણે ઘટતું સઘળું કરે, એમ સારો યે જૈન સમાજ આજે ઇચ્છી રહ્યો છે.

**વર્ષની આખર બાદ કાર્ય આગળ વધશે**–છેલ્લા સમાચાર મુજબ લગભગ નવેંબરની ૧૪ સુધી મેમોરેન્ડમનો સમય લંબાયો છે. તે દરમ્યાન છેલ્લી ગણત્રી મુજબ ૨૦૦૪ તારો, ૧૪ મેમોરેન્ડમ, અને લાખ લગભગ વ્યકિતગત વિરોધના કાર્ડો ને ૬૦૦ વિરોધના સભા ઠરાવો દીલ્હી ખાતે ગયા છે, એન્ડોમેન્ટ કમિશનનું કાર્ય હજુ ચાલુ છે. દેશના જુદા–જુદા ભાગમાં આગેવાનોની જુબાનીઓ લેવાનું કાર્ય

કરી રહેલ છે. જૈન સમાજના પણ આગેવાનોની જુબાનીઓ લેવાશે તેમ હવા બહાર આવી છે. આ બધાયનો રીપોર્ટ તૈયાર થતાં સ્હેજે એકાદ-બે વર્ષ નીકલી જશે, સરકાર આટલો સમય થોભે તેમ જણાતું નથી, એવો જાહેર ખૂલાસો ભારતસરકારના કાયદામંત્રીએ કર્યો છે, આ જોતાં પ્રસ્તુત બીલનું કાર્ય જાન્યુઆરી ૬૧ માં અવશ્ય આગળ વધવાની સંભાવના છે, આમ માનીને સમાજના-સંઘના પૂ. ધર્મધુરંધર આચાર્યદેવોએ તથા જૈન સમાજના કર્તવ્યનિષ્ઠ આગેવાનોએ પોતાની ધર્મ ફરજ બજાવવા સક્રિયપણે જાગ્રત રહેવું જરૂરી છે.

**પૂ. આચાર્યદેવો આ અવસરે શકય સઘળું કરે:!** નજીકના સમયમાં ભાવનગર ખાતે કોંગ્રેસનું વાર્ષિક અધિવેશન મલનાર છે, ભારત સરકારના લગભગ બધા પ્રધાનો આ અધિવેશન પ્રસંગે ભાવનગર ખાતે આવનાર છે. તો તે અવસરે તે પ્રધાનોની રૂબરૂ મુલાકાત માંગીને ધાર્મિક ટ્રસ્ટ બીલને અંગે નિવેદનો રજૂ કરવા, વાટાઘાટો કરવી, ને આ બીલથી જૈન સમાજ પર આવતી આપત્તિઓની ભયાનકતા તે પ્રધાનોને સમજાવી, ધાર્મિક સ્વાતંત્ર્ય સમાજનું કઇ રીતે રૂંધાઇ રહ્યું છે, ને જૈનોની ધાર્મિક મિલ્કતો પર સરકારનો અનધિકાર હસ્તક્ષેપ કઇ રીતે થઇ રહ્યો છે, તે માટે સરકારે કોઇના પણ ધાર્મિક અધિકારો પર ત્રાપ નહિ પડે તે ભારતીય બંધારણ મુજબ પ્રજાને આપેલ વિશ્વાસનો થતો ભંગ ઇત્યાદિ મુદ્દાઓ પર રૂબરૂમાં ભારપૂર્વક પોતાની ધાર્મિક લાગણીઓ વ્યકત કરવાની આ સુંદર તક છે, તો ગુજરાતમાં વિચરતા પૂ. પાદ આચાર્યદેવોએ આ હકીકતને સંપૂર્ણપણે લક્ષ્યમાં લઇને આપણી ધાર્મિક મિલ્કતો પર તોળાઈ રહેલા ખતરનાક ભય સામે સાવધ રહી આ રીતે ધર્મક્ષેત્રોની મિલ્કતોના સર્વ પ્રથમ સર્વાધિકારો જેઓને શાસ્ત્રોએ સોંપ્યા છે, તેઓ પોતાની ફરજ આ અવસરે જાગ્રતપણે બજાવે એમ આપણે જરૂર ઇચ્છીએ ! યાદ રહે કે, મોગલ સમ્રાટને ધર્મસન્મુખ વાળવા અને એના હાથે અતી ભયંકર હિંસાથી એને પાછો વાળવા પોતાની ફરજ સમજીને પૂ. પાદ જગદ્ગુરુ આચાર્યદેવશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજશ્રીએ સેંકડો માઇલોનો પાદવિહાર કરીને પોતાની જૈનશાસન પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાનો આદર્શ પૂરો પાડેલ છે. તો વર્તમાનકાલે જૈનશાસનના પ્રભાવક પૂ. સૂરિદેવોએ પોતાનાં ત્યાગ, તપ, સંયમ અને અનેકાનેક પ્રભાવક ગુણોથી પ્રધાનો પર <u>પ્રતિભા</u> પાડીને તેમ જ પોતાના નિસ્પૃહ વ્યક્તિત્ત્વની છાપ પાડીને આ અવસરે ધર્મની ખાતર કરવા જેવું .અવશ્ય કરવા અમારી આગ્રહભરી વિનંતિ છે.

**હિંસક યોજનાઓ સામે અમદાવાદની પ્રજાનો પ્રચંડ વિરોધ :** અમદાવાદના ૧૨૫ આગેવાન નાગરિકોની સહીઓથી [કિ જેમાં જાણીતા ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ અને સામાજિક કાર્યકરોનો સમાવેશ થાય છે.] મત્સ્યોદ્યોગ જેવી જન કલ્યાણના નામે સરકાર તરફથી ચલાવાતી ભયંકર હિંસક પ્રવૃત્તિઓનો પ્રચંડ વિરોધ કરવા ને તે રીતે ગુજરાત-મહાગુજરાતની પ્રજાની દુભાતી ધાર્મિક લાગણીને વ્યકત કરવા એક જાહેર સભા અમદાવાદ ખાતે પ્રેમાભાઇ હૉલમાં મળી હતી. જેનું પ્રમુખ સ્થાન સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ નંદલાલ હરિદાસે લીધું હતું. સભામાં અનેક ઉદ્યોગપતિઓ, શેર દલાલો, વકિલો, ડોકટરો, મસ્કતી માર્કેટ અને કાપડ બજારના આગેવાનો તથા હજારો નાગરિકોની હાજરી તરવરતી હતી. સભામાં કેંદ્ર પ્રધાનોને તથા ગુજરાત સરકારને અનુલક્ષીને સક્રિયપણે અનુરોધ કરતા ઠરાવો કરવામાં આવ્યા હતા. જેનો પ્રધાનસૂર અહિંસાપ્રધાન સંસ્કૃતિના મૂલમાં ઘા કરનારી આ મત્સ્યોદ્યોગ જેવી જીવોનું ઉત્પાદન કરી તેનો વિનાશ કરનારી પ્રવૃત્તિઓ સરકાર બંધ કરે, હુંડીયામણુ મેળવવા માટે અને ધનોપાર્જન કરવા માટે આવી હિંસક પ્રવૃત્તિઓ સુરાજ્યની નીતિ વિરૂદ્ધ છે, માટે બધીયે પ્રાંતીય સરકારો તથા ગુજરાત સરકાર આ બધી યોજનાઓનો અમલ કરતી અટકે. આ માટે શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇની આગેવાની નીચે ઘટતું કરવા એક પ્રતિનિધિમંડળ નીમવામાં આવેલ. સભામાં ભારતીય સંસ્કૃતિરક્ષકસભા આને અંગે જે કાંઇ કાર્ય કરી રહેલ છે, તેને ટેકો આપવાનું ઠરાવેલ, અંતમાં

પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે, 'ગુજરાતની પ્રજાએ ધીમે ધીમે પણ મક્કમપણે આવી બાબતોમાં સરકારની સામે પોતાનો અવાજ ખુલંદપણે વ્યકત કરવા પ્રેરણા કરી હતી તેમ જ વિકાસ યોજનાના યોજકોને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, 'અસંખ્ય માછલાઓ મારીને આવક તમે કરો તેના પર જીવવાની જનતાને ઈચ્છા નથી, એવા જીવન કરતાં તે મરી જવાનું પસંદ કરે માટે સમુદ્ર કાંઠે રમતા-ફરતા જીવોને સુખે મજા કરવા દો. ગુજરાતના સમુદ્રકાંઠાને હિંસાથી અભડાવશો નહિ.'

**કોંગ્રેસ સરકારની માછલીમાર પ્રવૃત્તિઓ:** ભારતના ૩૫૦૦ માઇલના સાગરકાંઠા ઉપર લગભગ ૧૦ લાખ માછીઓ દિવસે ને રાતે પણ માછલીઓ પકડવા જાય છે. દેશમાં માછલીની કુલ પેદાશ ૧૦ લાખ ટન કરતાં વધુ છે. ૧૯૫૯ માં ભારતે માછલી અને તેની બનાવટોની લગભગ ૬ ક્રોડ જેટલી કિંમતની નિકાસ કરી હતી. તદુપરાંત ભારતમાં ખોરાક માટે પણ તેનો ઉપયોગ થયો હતો. એકંદરે ભારતસરકાર ચોમેર માછલાઓને મારવાની પ્રવૃત્તિઓ દિન-પ્રતિદિન વધારતી જાય છે, જ્યારે બીજી બાજુયે નહેરો તથા બંધોનું આયોજન કરવા પાછળ ક્રોડો રૂ. ખર્ચીને અન્નનું ઉત્પાદન કરવાની યોજનાઓ કરે છે. ભારત બહાર માછલાઓ તથા તેની બનાવટો મોકલે છે. ને અન્ન તેમ જ દૂધની બનાવટોની વસ્તુઓ પરદેશ ખાતેથી ક્રોડો રૂ.ની અહીં મંગાવે છે. આ કેવી ઉલટી ગંગા ! દેશમાં ચોમેર હિંસક પ્રવૃત્તિઓ વધ્યા બાદ દેશ કેટ-કેટલી કરૂણ પરિસ્થિતિમાં મૂકાઇ રહ્યો છે. તેનું નિરીક્ષણ તો કરો ! કચ્છ જિલ્લાના ૯૦૦ ગામડાઓમાંથી ૬૦૦ ગામડામાં પાણી તથા અન્નની તંગી કાર્તિક મહિનામાં વર્તાઇ રહી છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં દિન-પ્રતિદિન અછત વિસ્તાર વધતો જ જાય છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, આસામ, બિહાર, બંગાલ, આદિ પ્રદેશોની પરિસ્થિતિ અન્નની બાબતમાં કોઇ રીતે સંતોષકારક નથી. ભાકરાબંધ કે હીરાકુંડ જેવા બંધમાં ગાબડું પડે કે ક્રોડો રૂ. હોમાઇ જાય આ બધી પરિસ્થિતિનો સમગ્રપણે ભારતીય તંત્રવાહકોએ વિચાર કરી હિંસાના પ્રચારથી કે હિંસક ખોરાક વધારવાની યોજનાઓથી દેશને શું લાભ છે તે જાણવું-જોવું ઘટે, તેમાં પણ ગુજરાત-મહાગુજરાત જેવા અહિંસક સંસ્કૃતિમાં માનનાર પ્રદેશની પ્રજાની ધાર્મિક લાગણીને દુભવીને તેના પ્રદેશમાં આવી હિંસક યોજનાએ ઠોકી બેસાડવી ને પ્રજાને માછલા ખાવા-ખવાડવાનો અનુરોધ કરવો તે કોઇ રીતે ઉચિત કે વ્યાજબી નથી !

**ચાતુર્માસ પરિવર્તન**-પાલીતાણા ખાતે આરિસા ભુવનમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ. પાદ મુનિરાજ શ્રી મંગલવિજયજી મહારાજ પૂ. મુનિરાજશ્રી મેરૂ-વિજયજી પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી ભક્તિવિજયજી ગણિવર તથા પૂ. પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવર આદિનું ચાતુર્માસ પરિવર્તન કચ્છ-ગોધરા નિવાસી શેઠ શિવજીભાઇ વેલજી તરફથી વાજતે-ગાજતે દેવશી પુનશીની ધર્મશાળામાં થયેલ. ઠેર ઠેર ગહુંલિઓ થયેલ. ચતુર્વિધ સંઘની હાજરી સારી હતી. શેઠ નરશી નાથાની ધર્મશાળાના વ્યાખ્યાન હોલમાં મંગલાચરણ તથા પ્રવચન થયેલ, પ્રભાવના થઈ હતી. તે દિવસે તે નિમિત્તે શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં જિનાલયે પ્રભુજીને તેમના તરફથી ભવ્ય આંગી થયેલ. વયોવૃદ્ધ તપસ્વી પૂ. મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજને ૪૫ ઉપવાસ બાદ શરૂ કરેલ ૫૧ મી વર્ધમાનતપની ઓળીનું પારણું કાર્તિકી પૂર્ણિમાની યાત્રા બાદ કા. વદિ ૧ના સુખશાતાપૂર્વક થયેલ છે. પૂ. પંન્યાસજી મહારાજશ્રીની માગશર સુદિ ૧૫ સુધી સ્થિરતા છે બાદ ગુજરાત તરફ તેઓશ્રીનો વિહાર છે.

**સિદ્ધચક બૃહત્પૂજન અને શાંતિસ્નાત્ર મહોત્સવ**-વીરમગામ ખાતે પૂ. મુનિરાજશ્રી જય-પ્રભવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી કીર્તિપ્રભ-(જયકીર્તિ)વિજયજી મ. શ્રીની શુભ નિશ્રામાં ચાતુર્માસમાં થયેલ સુંદર ધર્મારાધનાની ઉજવણી નિમિત્તે શ્રી સંઘ તરફથી કા. સુદિ ૧૧થી અઠ્ઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. વદિ ૨ના સિદ્ધચક્રપૂજન થયેલ તથા વદિ ૩ ના વિજય મુહૂર્તે શાંતિસ્નાત્ર સુંદર

પ્રકારે ઉજવાયેલ. બહારગામથી ગવૈયા તથા ક્રિયાકારકો આવેલ. શ્રી સંઘમાં ઉત્સાહ સારો રહ્યો હતો.

**છોટાઉદેપુર :** શ્રી મહાવીર જૈન યુવક મંડળ તરફથી એક મનોરંજન કાર્યક્રમ તા. ૩૧–૧૦–૬૦ ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં નાનાં બાળકોએ સારો એવો રસ લીધો હતો.

**આધોઇ :** (કચ્છ) પૂ. આચાર્ય શ્રી વિજયકનક સૂરીશ્વરજી મહારાજશ્રી તથા પૂ. પંન્યાસજી દીપવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી ઉપધાન તપની આરાધના સુંદર રીતે થઇ રહી છે. ૧૬૦ આરાધકો છે. માળનું મુહૂર્ત માગસર વદિ ૪. તે શુભપ્રસંગે ૧૧ છોડનું ઉજમણું થવાનું છે.

**સાબરમતિ :** પૂ. આચાર્ય શ્રી ઉમંગસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પંન્યાસજી ઉદયવિજયજી મહારાજશ્રી આદિનું ચાતુર્માસ પરિવર્તન ધામધૂમપૂર્વક શ્રી ચીમનલાલ સાબુગોળાવાળાના બંગલે થયું હતું. લોકોમાં ઉત્સાહ સારો હતો પ્રભાવનાદિ કાર્યો સારા પ્રમાણમાં થયાં હતાં.

**માલણ :** (બનાસકાંઠા) પૂ. પંન્યાસજી હીરમુનિ મહારાજ તથા પૂ. પંન્યાસજી સુંદરમુનિ મહારાજશ્રીની શુભપ્રેરણાથી ઘણા સમયથી બંધ પડેલી જૈન પાઠશાળાની કાર્તિક શુદિ ૫ ના ફરી શરૂઆત થઇ છે. ૭૫ જેટલાં ભાઇ–બ્હેનો સમ્યગ્જ્ઞાનનો લાભ લે છે. ભરૂચનિવાસી શ્રી પોપટલાલ લલ્લુભાઇ તરફથી પાઠશાળામાં ભણનારાઓને જમણ અપાયું હતું. અને શ્રી નગીનદાસ મગનલાલ તરફથી પેંડાની પ્રભાવના થઇ હતી.

**રાજકોટ :** પૂ. પંન્યાસજી ભુવનવિજયજી મહારાજ તેઓશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી મહિમાવિજયજી તેમ જ તપસ્વી મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ આદિ મુનિવર્યોની નિશ્રામાં ચાતુર્માસ દરમીયાન જ્ઞાનપંચમી, ચૌમાસી ચૌદશ આદિ દિવસોમાં શાસન પ્રભાવનાનાં સુંદર કાર્યો થયાં હતાં.

કાર્તિક શુદિ ૫ પૂ. પંન્યાસજી મહારાજના સરલ સ્વભાવી અનુયોગાચાર્ય શ્રી તિલકવિજયજી મહારાજશ્રીની ૧૯ મી સ્વર્ગારોહણતિથિ શ્રી શાંતિસ્નાત્ર સાથે અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવેલ. માંગરોળવાળાં શ્રી ચંપાબેન પ્રેમજીભાઇ તરફથી ભણાવવામાં આવેલ. કાર્તિક શુદિ ૧૫ ના ચાતુર્માસ પરિવર્તન મણિયાર રતિલાલ અભેચંદભાઇએ વિનંતિ કરતાં રાજકોટ સદરના ઉપાશ્રયે થયેલ. બપોરના વાજતે–ગાજતે શ્રી સકળસંઘ સાથે શ્રી સિદ્ધાચલજીના પટના દર્શનાર્થે ગયેલ.

**ઇનામી મેળાવડો :** રાજકોટ શહેરની પાઠશાળાની ધાર્મિક પરીક્ષા પૂ. પંન્યાસજી ભુવનવિજયજી મહારાજે લીધેલ. પરિણામ ૮૫ ટકા આવેલ તેનો ઇનામી મેળાવડો ઉપાશ્રયના વિશાળ હોલમાં કા. શુ. ૧૧ ના પૂ. પંન્યાસજી મહારાજ આદિની નિશ્રામાં યોજવામાં આવેલ. શરૂઆતમાં પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ મંગલાચરણ કર્યા બાદ મંગળગીત, સ્વાગતગીત, અને સંવાદો વગેરેનો કાર્યક્રમ રજુ થયેલ. રૂા. ૨૫૦ નાં ઇનામો વહેંચાયાં હતાં અધ્યાપક શ્રી રમણિકલાલભાઇ, શ્રી જોરમલભાઇ, સંઘના મંત્રી શ્રી દલીચંદભાઇ, શ્રી લક્ષ્મીચંદભાઇ વગેરેએ પ્રસંગોચિત વક્તવ્ય કર્યાં હતાં. શ્રી રમણિકભાઇ અધ્યાપકના હાથે પાઠશાળાની સુંદર પ્રગતિ થઇ રહી છે. કાર્તિક શુદિ ૫ ના શ્રી મહાવીર લોજવાળાં શ્રી મગનલાલભાઇએ પોતાના ચિ. શ્રી નરેન્દ્રકુમારને પાઠશાળાએ બેસાડતાં મેળાવડા પ્રસંગે રૂા. ૧૦૧) આપ્યા હતા અને પેંડાની પ્રભાવના કરી હતી. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ પાઠશાળાની ઉપયોગિતા અને સમ્યગ્જ્ઞાનની મહત્તા ઉપર રોચક શૈલિમાં પ્રવચન કર્યું હતું. એ વખતે પાઠશાળાનુ ફંડ થતાં સારી એવી રકમ થઈ હતી. રાત્રિના સમયે બાળકોએ 'શાહ કે બાદશાહ' એ નામનો સંવાદ ભજવ્યો હતો. શ્રી રમણિકભાઇએ પ્રસંગ અનુલક્ષી સંવાદનું રહસ્ય સમજાવ્યું હતું. મેળવડામાં તથા રાત્રે માણસોની ઠઠ જામતી હતી.

**હારીજ :** પાઠશાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને હાલ થાણાના વતની શાહ ત્યાલચંદ ફુલચંદભાઇની સુપુત્રી બાલબ્રહ્મચારિણી શ્રી મંજુલાબેન

ઉંમર વર્ષ ૨૦ માગસર મહિનામાં ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરવાનાં હોઇ કાર્તિક વદિ ૫ ના રોજ પાઠશાળા તરફથી એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રભુસ્તુતિ બાદ શ્રી એન. બી. શાહે, શ્રી અમૃતલાલ વકીલે શ્રી મંજુલાબેનને અભિનંદન આપવા સાથે પ્રસંગોચિત વકતવ્ય કર્યું હતું. મહિલામંડળની બે બાળાઓએ એક સંવાદ રજુ કર્યો હતો. આકર્ષક ફ્રેમમાં મઢેલું માનપત્ર દીક્ષાર્થી બેનને અપાયું હતું. બેનના ફુઆજી તરફથી પાઠશાળાને રૂા. ૧૫) અને પેંડાની પ્રભાવના થઇ હતી બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

**વિલેપારલા :** (મુંબઇ) પૂ. આચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીની પુણ્છાયામાં પૂ. મુનિરાજ શ્રી વિનયવિજયજી મહારાજે ૪૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરેલ તે નિમિત્તે એક ભવ્ય મહોત્સવ મોટા દહેરાસરે ઉજવાયેલ. શાંતિસ્નાત્ર, સ્વામિવાત્સલ્ય, વરઘોડો, પૂજા, ભાવના, પ્રભાવના, આંગી, રોશની વગેરે સુંદર થયું હતું. રવિવારની અષ્ટાપદજીની ભવ્ય પૂજામાં હજારો સ્ત્રી-પુરુષોએ લાભ લીધો હતો. પૂ. પંન્યાસજી કીર્તિવિજયજી મહારાજે પૂજાનો ભાવાર્થ તથા તીર્થનો મહિમા આદિ સુંદર રીતે સમજાવ્યું હતું.

**શાંતાક્રુઝ :** (મુંબઇ) તા. ૨-૧૦-૬૦ રવિવારે બપોરે ખાર-રામકૃષ્ણ મીશનના કમ્પાઉન્ડમાં હજારો જનસમુદાય સમક્ષ પૂ. જૈનાચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન શતાવધાની પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી ગણિવરે જૈન-જૈનેતર જનતાના અતિ આગ્રહથી ૫૬ અવધાનનો કાર્યક્રમ રાખ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે મુંબઇના મેયર શ્રી વિષ્ણુપ્રસાદ દેશાઇ પધાર્યા હતા. તેમણે અદ્‌ભૂત પ્રસંગ યોજવા બદલ ધન્યવાદ આપ્યા હતા. આ કાર્યક્રમથી જૈન-જૈનેતર જનતા અત્યંત પ્રભાવિત થઇ હતી.

સેવાડી (મારવાડ) સ્વ. પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણતિથિ ગ્રામપંચાયતના ભૂતપૂર્વ સરપંચ શ્રી ઉમેદમલજી રાઠોડના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. અનેક વકતાઓએ સ્વર્ગસ્થના ગુણોનું વિવેચન કર્યું હતું. બપોરે મંદિરમાં પૂજા ભણાવવામાં આવી હતી.

**સેવાડી** (રાજસ્થાન) પૂ. મુનિરાજ શ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં ધર્માદા ટ્રસ્ટ એકટના વિરોધ અંગે એક સભા યોજવામાં આવી હતી. વિરોધનો ઠરાવ કરી ચાર જગ્યાએ વિરોધના તારો કરવામાં આવ્યા હતા. પૂ. મહારાજશ્રીના સદુપદેશથી ૯૪ ભાઇબ્હેનોએ શ્રી વર્ધમાન તપના પાયા નાંખ્યા હતા જેમાં એક નવ વર્ષની સુકનકુમારી નામે બેન હતી. ઓળીનાં પારણાં શ્રી જે. એસ. કોઠરી તરફથી થયાં હતાં. પૂ. મહારાજશ્રીના પધારવાથી અનેક શુભકામો અને પ્રભાવનાનાં કાર્યો થયાં હતાં. પૂ. મહારાજશ્રી આદિએ ચાતુર્માસ પરિવર્તન ધામધૂમથી શ્રી સરદારમલજી કોઠારીને ત્યાં કર્યું હતું. વ્યાખ્યાન બાદ પ્રભાવના થઇ હતી.

**ડભોઇ :** પૂ. પંન્યાસજી રૈવતવિજયજી મહારાજ આદિના ચાતુર્માસ દરમ્યાન આરાધના સુંદર રીતે થઈ હતી. તપશ્ચર્યાં નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પૂ. પંન્યાસજી મહારાજશ્રીને અઠ્ઠાઇનું, મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજને વીસસ્થાનકની ૧૫ મી ઓળીનું અને મુનિરાજ શ્રી હરિષેણવિજયજી મહારાજને વર્ધમાન તપની ૪૩ મી ઓળીનું એમ ત્રણે જણનું પારણું બેસતા વર્ષે થયું હતું. ચાતુર્માસ પરિવર્તન સુંદર રીતે થયું હતું.

**સુમેરપુર :** મુનિરાજ શ્રી સમતાવિજયજી મહારાજનું ચાતુર્માસ હતું. ચાતુર્માસ દરમીયાન પૂ. મહારાજશ્રીના સદુપદેશથી ધર્મકાર્યો ઠીક પ્રમાણમાં થયાં હતાં જનતામાં ઉત્સાહ સારો હતો, પર્યુષણની આરાધના, ઓળીની આરાધના દેવવંદન વગેરે સારી રીતે થયું હતું.

**નમ્રનિવેદન :** શ્રી નવકારનું એકી સાથે જીવનમાં એક ક્રોડવાર સ્મરણ જેઓએ કર્યું હોય તે પુણ્ય

શાળી આત્માઓએ પોતાનું નામ-ઠામ-ગામ વગેરે પોતાની પ્રતિકૃતિ સાથે મોકલવા નમ્ર વિનંતિ છે. મારા પોતાના ખર્ચે હવે પછીના ગ્રંથમાં પ્રસિદ્ધ કરવાની ગોઠવણ થશે. શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના કરતાં જે અનુભવો થયા હોય તે આરાધકોએ નીચેના સીરનામે લખી મોકલવા, પોતાના અનુભવો તથા યોગ્ય સૂચનો મોકલવાનું સીરનામું સારાભાઇ મણીલાલ નવાબ માંડવીની પોળ છીપામાવજીની પોળ અમદાવાદ-૧

**અમદાવાદ** : સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી દયામુનિ મહારાજે સં. ૨૦૧૫ના જેઠ શુદિ ૧૨ થી અઠ્ઠમ તપથી ચૌવિહારા પાંચસો એક આયંબિલ તપની શરૂઆત કરી હતી તે પાંચસો એક આયંબિલની પૂર્ણાહુતિ સં. ૨૦૧૭ કાર્તિક શુદિ ૧૨ થઇ છે. પારણું સુખરૂપે કર્યું છે. મહારાજ શ્રી સંસારી અવસ્થામાં પણ જીવદયાના મહાન્ હિમાયતી હતા એટલું જ નહિ પણ હિંસાવિરોધકસંઘ સ્થાપી અહિંસાનો પ્રચાર કરવા કમર કસી હતી. જેઓ અંગ્રેજી, હિન્દી, મરાઠી, બંગાલી, ઉર્દુ ફારસી, ફ્રેંચ, પ્રાકૃત-પાલી સંસ્કૃત વગેરે ભાષાઓ ઉપર કાબુ ધરાવે છે.

**આળીયા** (ભીંયાણા): મુનિરાજ શ્રી તત્ત્વપ્રભવિજયજી મહારાજ ચોમાસું પધારવાથી જૈન-જૈનેતરમાં સારો લાભ થયો છે. સંઘની વિનંતી થતાં ચાતુર્માસ પરિવર્તન શ્રી શાંતિભાઇને ત્યાં થયું હતું. વાજતે-ગાજતે ચોમાસું બદલાવ્યું હતું. રસ્તામાં ઠેર ઠેર ગહુંલીઓ થઈ હતી. વ્યાખ્યાન બાદ પ્રભાવના થઇ હતી. પ્રતિક્રમણ બાદ પ્રભાવના અને રાત્રે ભાવના થઇ હતી.

**મુંબઇ:** શ્રી વર્ધમાન જૈન પાઠશાળાના વિદ્યાર્થી ભાઇ-બેનોને શ્રી પર્યુષણ પર્વની તપશ્ચર્યા અંગે બહુમાન કરવાનો મેળાવડો તા. ૧૫-૯-૬૦ના રોજ શેઠ પોપટલાલ પાનાચંદ કોઠારીના પ્રમુખસ્થાને યોજાયો હતો. શ્રી ઇન્દુબેન મણીલાલ શાહે માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી. કુલ રૂા. ૨૫૦નાં ઇનામો અપાયાં હતાં. પ્રમુખ શ્રી તરફથી સંસ્થાને રૂા. ૨૫૧, મળ્યા હતા.

**ઇડર:** પૂ. પંન્યાસ શ્રી પ્રવીણવિજયજી ગણિવર તથા પૂ. પંન્યાસજી મહિમાવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી નવપદજી ઓળીનું આરાધન સુંદર રીતે થયું હતું. રોજ જુદાજુદા સદ્‌ગૃહસ્થો તરફથી પૂજા, આંગી, ભાવના, પ્રભાવના વગેરે થતું હતું. આસો સુદ ૧૫ના શુભદિને મહેતા વેણીચંદ કેશવજીના સુપુત્રો શ્રી બાબુલાલ તથા શ્રી પોપટલાલભાઇ તરફથી બૃહત્ સિદ્ધચક્રમહાપૂજન થયું હતું. આ પ્રસંગે ઘર દીઠ શેર મીઠાઇની પ્રભાવના થઇ હતી.

સાધ્વીશ્રી સુવ્રતાશ્રીજીનાં શિષ્યા સાધ્વી શ્રી જિતેંદ્રશ્રીજીએ ચોવીસ વર્ષની વયે ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરી તે નિમિત્તે શ્રી સંઘ તરફથી નવાણું અભિષેકની પૂજા ભણાવવામાં આવી હતી. પેંડાની પ્રભાવના થઈ હતી. ઉપાશ્રયને જરીયન સાડીઓથી શણગારવામાં આવેલ. રાત્રીજાગરણ બાદ પ્રભાવના વગેરે થયું હતું.

ભાદરવા વદિ ૧૪ પૂ. બાપજી મહારાજનો સ્વર્ગારોહણ દીન હોઇ પંન્યાસજી મહિમાવિજયજી મહારાજે ટૂંકમાં વિવેચન કર્યું હતું. શ્રી લલીત બ્રધર્સવાળા શેઠશ્રી છોટાલાલભાઇ તરફથી ભવ્ય અંગ રચના થઇ હતી. આસો વદિ પાંચમના શેઠશ્રી છોટાલાલભાઇ પૂ. મહારાજશ્રીને વંદનાર્થે આવતાં તેમના તરફથી વ્યાખ્યાન બાદ પ્રભાવના તથા ભારે અંગરચના થઇ હતી. શ્રી વર્ધમાન તપનો પાયો નાંખનાર વીશ જણને રૂપીઓ તથા શ્રીફળની પ્રભાવના કરી હતી. દમણુંવાળા શેઠ કેશરીચંદભાઇ પણ વંદનાર્થે આવતાં તેમનાં તરફથી પણ પ્રભાવના થઇ હતી.

**વાંકાનેર:** (સૌરાષ્ટ્ર) પૂ. પંન્યાસજી જયંતવિજયજી ગણિવરશ્રીની અધ્યક્ષતામાં જૈન સંઘ તરફથી એક જાહેર સભા તા. ૯-૧૦-૬૦ના રોજ રીલિજીયસ ટ્રસ્ટ બીલ વિરોધમાં યોજવામાં આવી હતી. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ બીલ ટ્રસ્ટોને કેટલું હાનિકારક

છે તે સમજાવ્યું હતું. માસ્તર બહેરભાઇએ પણ બીલના વિરોધ અંગે વક્તવ્ય કર્યું હતું. વિરોધ દર્શક ઠરાવ ઘડી સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો અને દિલ્હી વિરોધનો તાર કરવામાં આવ્યો હતો. કાર્તિક પુનમના રોજ પૂ. પંન્યાસજી મહારાજ આદિનું ચાતુર્માસ પરિવર્તન વાજતે-ગાજતે થયું હતું.

**તખતગઢ:** [રાજસ્થાન] મુનિરાજશ્રી સત્યવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં ઓળીનું આરાધન ખૂબ જ ઉત્સાહપૂર્વક થયું હતું. ઓળી તથા ઓળીનાં પારણાં શાહ કસ્તુરજી પરખાજી તરફથી કરાવવામાં આવેલ. ૩૫૧ જેટલા ભાઇ-બેનોએ ઓળીનું આરાધન કરેલ જેમાં નાની ઉંમરનાં બાલક-બાલિકાઓ પણ હતાં ઓળી કરનાર દરેકને ઓળી કરાવનાર શેઠ તરફથી શ્રીફળના ગોળાની પ્રભાવના થઇ હતી. જુદાજુદા ભાઇઓ તરફથી ઓળી નવે દિવસ આંગી, ભાવના, પૂજા, પ્રભાવના, રોશની, વગેરે થયુ હતું. શ્રીપાલ રાજાના રાસનું 'વાંચન' શ્રી બાબુલાલ માસ્તરે કર્યું હતું.

**ભાવનગર :** જૈન શ્વે. મૂ. સંઘની વ્યવસ્થાપક સમિતિએ રીલીજીયસ ટ્રસ્ટ બીલ અંગે વિરોધનો ઠરાવ તા. ૮-૧૦-૬૦ રોજ મીટીંગમાં કરેલ છે. લોકસભા તથા રાજ્યસભામાં બિરાજતા ભાવનગરના સભ્યોના ધ્યાન પર લાવવા ભલામણ કરેલ છે.

**આદરીયાણા :** જૈન પાઠશાળાની ધાર્મિક પરીક્ષા મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ્રભાઇ ડી. શાહે તા. ૮-૧૦-૬૦ ના રોજ લીધી હતી. તેનો ઇનામી મેળાવડો રાખવામાં આવેલ. મંગલાચરણ, ગરબા વગેરે થયા બાદ પરીક્ષકશ્રીએ ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો અંગે ઉદ્બોધન કર્યું હતું. ૩૫ રૂ. ઇનામ વહેંચાયું હતું.

**માળીયા** (મીંયાણા) **:** મુનિરાજશ્રી તત્ત્વપ્રભવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી પ્રભાશંકર ત્રિભોવન શેઠ તરફથી આસો શુદ ૬ ના દિવસે અઢાર અભિષેક તથા ૭ ના સિદ્ધચક્રમહાપૂજન તથા અઠ્ઠાઇ મહોત્સવ સારી રીતે ઉજવાયો હતો. શહેરને, બજારને, તથા જિનમંદિરને ધ્વજા-પતાકાથી શણગારવામાં આવેલ. મહોત્સવ ઉપર સંગીતકાર શ્રી ગજાનનભાઇ તથા કટારીયા બોર્ડિંગની મંડળી આવી હતી. ત્રણ દિવસની નવકારશી થઇ હતી, શેઠ અમૃતલાલ ફુલચંદ મહેતાની નવકારશીમાં ૧ રૂા. અને શ્રીફળની પ્રભાવના દરેક જણને થઇ હતી. બે હજાર દેવદ્રવ્ય, એક હજાર એકસો પચાસ કટારીયા બોર્ડિંગ, ૧૪૦૦) જીવદયા ૭૫૧, શ્રી સમેતશીખર જિર્ણોદ્ધાર આટલી રકમ નાનું ગામ હોવા છતાં થઇ હતી. નવપદ ઓળીનું આરાધન શેઠ માણેકચંદ રાજપાળ તરફથી થયું હતું. પારણાં પણ તેમના તરફથી થયાં હતાં શ્રીફળ અને રૂપીઓ તેમના તરફથી તેમજ બીજો એક રૂા. અને શ્રીફળ શેઠ મગનલાલ જાદવજી તરફથી અપાયેલ. શ્રી રાઘવજીભાઇ તરફથી સાકરનાં પડીકાની પ્રભાવના થઇ હતી.

**ઢળીયા :** પૂ. મુનિરાજ શ્રી હંસસાગરજી ગણિવરની પવિત્ર નિશ્રામાં ધી રીલીજીયસ ટ્રસ્ટ બીલનો વિરોધ દર્શાવવા શ્રી ચતુર્વિધ જૈન સંઘની તા. ૬-૧૦-૬૦ ના ગુરૂવારના રોજ જૈન ઉપાશ્રયમાં જાહેર સભા યોજાતાં જૈન સંઘે વિરોધનો ઠરાવ કર્યો હતો, ઠરાવની નકલ દિલ્હી મોકલી આપવામાં આવી હતી.

**ખુડાલા :** મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મ. આદિ ચાતુર્માસ પધારતાં ધર્મારાધના સુંદર રીતે થઇ હતી. અસાડ વદિ ૫ ના આરાધકોએ આયંબિલ તપ સાથે દોઢ લાખ નવકારનો સમુહજાપ કર્યો હતો. આવી રીતનું અનુષ્ઠાન પ્રથમ જ હોઇ ભાઇ-બ્હેનોમાં ઉત્સાહ અને ઉલ્લાસનું વાતાવરણ દેખાતું હતું. પુરૂષવર્ગે શ્રી વર્ધમાન તપના પાયા નાંખ્યા બાદ ત્રણ દિવસ ખીરના એકાસણા સાથે ૧૩૦ આરાધકોએ સામુદાયિક ૧૧ લાખ નવકારનો જાપ કર્યો. સાધકોને ફ્રેમસહિત નવકારના ફોટાની, રૂપીઓ તથા શ્રીફળની પ્રભાવના થઇ હતી. પૂ. મિત્રાનંદવિજયજી મહારાજ તબીયતના કારણે બાલી પધાર્યા

પૂ. મુનિરાજ શ્રી ગુણચંદ્રવિજયજી મહારાજની પ્રેરણાથી ૨૦૦ આરાધકોએ શ્રી અરિહંત પદનો જાપ કર્યો. પર્યુષણ પર્વ ભારે ઉત્સાહથી ઉજવાયાં હતાં. અઠ્ઠાઇ તથા વર્ધમાન તપનો પાયો નાંખનારને રૂા. ૨૫ની, અઠ્ઠમ સુધીના તપવાળાને રૂા. પાંચની પ્રભાવના થઇ હતી. એકંદર આખા ચોમાસામાં ધર્મમય વાતાવરણ સર્જાયું હતું. નાનાં બાળકોએ પણ તપશ્ચર્યા વગેરેમાં સારો લાભ લીધો હતો. શ્રી મુકુનચંદજીએ તપસ્વીઓની સુંદર રીતે ભક્તિ કરી હતી.

**કોડાય :** (કચ્છ) આચાર્યશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં ચાતુર્માસ દરમીયાન શાસનપ્રભાવનાનાં કાર્યો સારા પ્રમાણમાં થયાં હતાં. ચારે માસ મોટી પૂજાઓ, ભાવનાઓ અને આયંબિલનું રસોડું ચાલુ હતું. તપશ્ચર્યા પણ સારા પ્રમાણમાં થઇ હતી. મહોત્સવ ઉજવાયો હતો, નાનાં બાળકો પણ શિક્ષણ, પૂજા, પ્રતિક્રમણ, એકાસણાં, આયંબિલ, પૌષધ વગેરેમાં સારી સંખ્યામાં ભાઇ-બેનોએ ભાગ લીધો હતો, પ્રભાવનાઓ પણ સારા પ્રમાણમાં થઇ હતી.

**ખુંટવડા:** (સૌરાષ્ટ) પૂ. પં. સુદર્શનવિજયજી ગણિવરની નિશ્રામાં આસો વદિ ૭ના રોજ જૈન-સંઘ ભેગો થયો હતો. અને દીલ્હી લોકસભામાં રજુ થયેલ ધી રીલીજીયસ ટ્રસ્ટ બીલનો વિરોધ કર્યો હતો. યોગ્ય સ્થળે તારો કરવામાં આવ્યા હતા.

**મલાડ:** પંન્યાસજી રંજનવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી ભદ્રાનંદવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી નવપદજી ઓળીની આરાધના સુંદર રીતે થઇ હતી. ૧૭૫ની સંખ્યા હતી. હંમેશા પૂજા, અંગરચના, ભાવના વગેરે સારૂં થયું હતું. આરાધકોનું પારણું શ્રી લક્ષ્મીચંદ સોમચંદભાઇ તરફથી કરવામાં આવ્યું હતું. ચૈત્ર સુદિ ૧૨ને રવિવારના રોજ નાણ સમક્ષ અતિત ભવ પુદ્દગલ વોસિરાવવાની ક્રિયા, બ્રહ્મચર્ય વ્રત, સમ્યક્ત્વ, બારવ્રત, વીશસ્થાનકાદિ તપો અનેક જનોએ ઉચર્યા હતાં.

**કવિપત્ની:** ટગર ટગર સામું શું જોયા કરો છો?

**કવિ:** જોઉં અભરાઇ તારી,
ચાંદી નથી ન દૂધ તોયે;
ઝગઝગાટથી અંજાય આંખ,
આ થાળી વાટકા અને ચમચાઓ,
રણકે છે ઝાંઝર સમાન.
વાહરે! વાઘ છાપ વાસણ તારાં,
મારી કલ્પના જગાવ.

**કવિપત્ની:** હવે બસ કરો! બસ કરો!
આ બધાં વાસણોની ખરીદ તો
મેં નીચેની દુકાનેથી કરી છે.

**પન્નાલાલ બી. શાહ**

GUARANTEED STAINLESS STEEL TIGER BRAND T.M. P.B. SHAH BOMBAY-2

સ્પેશ્યાલીસ્ટ :
"ઈન્ડસ્ટ્રીયલ કેન્ટીન્સ"
૨૧, કંસારાચાલ
મુંબઈ—૨

## સાધનાની પગદંડીએ

લેખક
**શ્રી વજ્રપાણિ**

૧૯૨ પેજ હોવા છતાં પ્રચારાર્થે
પોષ્ટેજ સહિત ૦-૭૧ ન. પૈસા

: મંગાવો :

**સોમચંદ ડી. શાહ**
પાલીતાણા

# નવા સભ્યો અને સહકાર

રૂ. ૧૦૧, શ્રી જૈન તપગચ્છ સંઘ-રાજકોટ પૂ. પં. ભુવનવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂ. ૨૫, શ્રી અમર જૈનશાળા, ખંભાત પૂ. આ. શ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણાથી.

રૂ. ૨૫, શ્રી વીશા શ્રીમાલી જૈન સંઘ, જામનગર પૂ. પંન્યાસજી વિનયવિજયજી મ. શ્રીની શુભ પ્રેરણાથી.

રૂ. ૨૦, શ્રાવિકાનો જૈન ઉપાશ્રય ઉંદરા પૂ. સાધ્વી શ્રી સૌભાગ્યશ્રીજી મહારાજની શુભ પ્રેરણાથી.

રૂ. ૨૫, જૈનસંઘ બેડા પૂ. પંન્યાસજી ભદ્રંકર વિજયજી મ.ની શુભ પ્રેરણાથી.

રૂ. ૧૫, જૈન શ્વે. મૂ સંઘ ભરૂચ હ. શેઠશ્રી ચુનીલાલ રાયચંદ ભરૂચ પૂ પંન્યાસજી ચરણવિજયજી ગણિ ની શુભ પ્રેરણાથી.

રૂ. ૧૧, શેઠ શ્રી કલ્યાણજી સૌભાગ્યચંદજીના પેઢી પીંડવાડા પૂ. પંન્યાસજી માનવિજયજી ગણિવરની શુભ પ્રેરણાથી.

રૂ. ૩૦, વાલેકેશ્વર જૈન સંઘ મુંબઇ પૂ. આ. શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ શ્રીના શુભ પ્રેરણાથી.

રૂ. ૨૦, શ્રી વિજયઅણસુરગચ્છ જૈનસંઘ સાણંદ પૂ પં કૈલ્યવિજયજી મ.ની શુભ પ્રેરણાથી

રૂ. ૧૭, શ્રી જૈન સંઘ ઉંદરા પૂ મુનિરાજ શ્રી નયવિજયજી મહારાજશ્રીની માસખમણની તપશ્ચર્યા નિમિત્તે પૂ. આ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મ.ની શુભ પ્રેરણાથી.

ગોરેગાંવવાળા 'કલ્યાણ'ના ઓનરરી એજન્ટ શ્રી રતિલાલભાઈ હ. શાહની શુભ પ્રેરણાથી નીચેના સભ્યો થયા છે.

રૂ. ૨૭-૫૦ શેઠશ્રી માંગીલાલજી ધનરાજજી ગોરેગાંવ

રૂ. ૨૭-૫૦ શેઠશ્રી ચંદ્રકાંતભાઇ રતિલાલ મલાડ

રૂ. ૨૭-૫૦ શેઠશ્રી પુનમચંદ પીથાચંદ ગોરેગાંવ

રૂ. ૧૧-૦૦ શ્રી બાબુલાલ મણિલાલ વિલે પારલે

રૂ. ૧૧-૦૦ શ્રી માંગીલાલજી વેલચંદજી કાપડીયા મુંબઈ

રૂ. ૧૧-૦૦ શ્રી ભોગીલાલ મગનલાલ શાહ મુંબઈ

રૂ. ૧૧-૦૦ શ્રી વિનોદચંદ્ર મણીલાલ સરકાર મુંબઇ

રૂ. ૧૧-૦૦ શ્રી ગૌતમલાલ સ્વરૂપચંદ વખારીયા મુંબઈ

રૂ. ૧૧-૦૦ શ્રી જૈન સંઘ અલાઉ પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ શ્રીની શુભ પ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી વીરચંદભાઈ પુનમચંદ શેઠ મુંબઇ શ્રી ચંદુલાલ જેઠાભાઈ ખંભાતવાળાની શુભ પ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી જયંતિલાલ જુઠાભાઈ શાહ મુંબઈ શ્રી રમણિકલાલ મણીલાલની શુભપ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી શાંતિલાલ હેમજીભાઈ માલસણવાળા વાવ

રૂ. ૧૧, શ્રી સેવંતિલાલ અમેચંદ શાહ ખંભાત શ્રી દીપચંદભાઇ ટી શાહ ટુવડવાળાની શુભ પ્રેરણાથી.

રૂ. ૧૧, શેઠશ્રી વિનયચંદ પ્રેમચંદ વકીલ સાધ્વી શ્રી જ્યોતિપ્રભાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી

---

**સુધારો :** ગત ઓકટોબર મહિનાના અંકના ૬૪૩ માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જેનો વહિવટ ગુજરાતી સમાજ હસ્તક છે. તેના બદલે 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી પેઢીનો વહિવટ સકળ સંઘની કમીટી કરે છે' તેમ સુધારીને વાંચવું. સ્વ. ગજરાબેનની સ્વર્ગારોહણ તિથિના દિવસે નહિ પણ સ્વર્ગારોહણની ૩ જી સંવત્સરી નિમિત્ત પૂજા ભણાવી હતી. આ પ્રમાણે સુધારીને વાંચવું.

Regd. No. B. 4925 KALYAN


## સંસ્કાર, સાહિત્ય તથા કથાનો રસથાળ!
## તમારાં ઘરનો શણગાર : આજે જ વસાવો!

૧ **સંસ્કાર દીપ** : પ્રાચીન કથાઓ નવી શૈલીમાં : ક્રા. ૧૬ પેજી ૧૯૨+૨૦-૨૧૨ પેજ તપ, ત્યાગ, સંયમ, સાત્ત્વિકતા, શૌર્ય અને ક્ષમાનો જીવન સંદેશ : મૂલ્ય ૨-૦૦

૨ **દીપમાલ** : ચિંતન-મનન અને નિદિધ્યાસન પ્રધાન નિબંધનિકાઓ : વિવિધરંગી છપાઈ : ક્રા. ૧૬ પેજી. ૧૨૪+૨૪-૧૪૮ : દ્વિરંગી જેકેટ : પાકું બાઈન્ડીંગ. મૂલ્ય ૧-૨૫

૩ **સંપત્તિનો નશો** : યુવકો તથા બાળકોને ઉપયોગી; પાઠશાળામાં ભજવવા જેવા મનોરંજક સંવાદો : ક્રા. ૧૬ પેજી ૮૪+૧૦=૯૪ પેજ : મૂલ્ય ૧૨ આના.

૪ **પવિત્રતાના પથ પર** : બાળાઓ ભજવી શકે તેવા સહુને ગમી જાય તેવા બોધક સંવાદો અને મનનીય સુવાક્યો : ક્રા. ૧૬ પેજી ૮૪+૮-૯૨ પેજ : મૂલ્ય ૧૨ આના.

૫ **કથારત્ન મંજૂષા** : ભા. ૧ જૈન સાહિત્યનો પ્રસિદ્ધ કથાગ્રંથ : ધન્યચરિત્રનું નૂતન શૈલીયે રૂપાંતર : અનેક પ્રાસંગિક કથાઓ સાથે સંકળાયેલી સળંગ કથા : પાકું બાઈન્ડીંગ : દ્વિરંગી જેકેટ : ક્રા. ૧૬ પેજી : ૩૮૪+૧૪-૩૯૮ પેજ : મૂલ્ય રૂા. ૩-૦-૦

૬ **કથારત્ન મંજૂષા ભા. ૨** : પૂર્વ ભાગનો અધૂરો કથારસ આગળ વહે છે. પૂર્વ ભાગનો સાર તથા તથા ઉપયોગી પરિશિષ્ટો સહિતઃ પાકું બાઈન્ડીંગ : દ્વિરંગી જેકેટ ક્રા. ૧૬ પેજી ૩૫૨+૪૪-૩૯૬ : મૂ. રૂા. ૩.

૭ **ભારતનાં પ્રસિદ્ધ જૈન તીર્થો** : ભારતભરનાં પ્રસિદ્ધ જૈન તીર્થોનો પરિચય તથા ઈતિહાસ : ઘેર બેઠાં પવિત્ર તીર્થોની સ્મરણ યાત્રા : દ્વિરંગી જેકેટ : પાકું પૂઠું : ક્રા. ૧૬ પેજી : ૨૧૬+૬-૨૨૨ પેજ મૂલ્ય : રૂા. ૨

૮ **ગીત માધુરી**: ભક્તિગીતો, ઉત્સવગીતો, અંજલિગીતો તથા પ્રકીર્ણગીતોનો ઉપયોગી સુંદર સંગ્રહ : દ્વિરંગી ટાઈટલ : સ્વચ્છ છપાઈ, સફેદ કાગળો ક્રા. ૧૬ પેજી ૧૦૮ પેજ : મૂ. ૭૫ ન. પૈ.

૯ **શત્રુંજય માહાત્મ્ય** : પૂ. પાદ આચાર્યદેવ શ્રી ધનેશ્વરસૂરિ રચિત મૂળ ગ્રંથનો ગૂર્જર-ભાષાનુવાદ અનેકાનેક ઉપકથાઓ દ્વારા તીર્થાધિરાજના મહિમાને વર્ણવતો અદ્વિતીય ગ્રંથ. ક્રા. ૮ પેજી ૩૨+૪૯૨-૫૨૪ પેજ : પાકું હોલકલોથ બાઈન્ડીંગ; દ્વિરંગી જેકેટ; ફોરેન ૫૫૫ કાગળો પર સ્વચ્છ છાપકામ; મૂ. રૂા. ૮.

૧૦ **નવપદ આરાધન વિધિ** : નવપદજીની આરાધનાને ઉપયોગી ૯ ચૈત્યવંદનો, ૯ સ્તવનો, ૯ સ્તુતિઓ, નવપદજીની પૂજાઓ, વિધિવિધાનો તથા અન્યાન્ય ઉપયોગી, પ્રચલિત તપો તેમજ શ્રીપાલચરિત્ર સાથે : બાળબોધ ટાઈપો : ક્રા. ૧૬ પેજી ૧૯૦ પેજ : મૂલ્ય ૧-૫૦ ન. પૈ.

ઉપરોક્ત પ્રકાશનો પોષ્ટેજ મોકલનારને ઘેર બેઠાં પહોંચતાં કરાશે. સિલકમાં હશે ત્યાંસુધી મોકલાવાશે. 'દીપમાલ' જેની કિં. ૧-૨૫ ન. પૈ. તે મૌનએકાદશી સુધી મંગાવનારને પૂ. પં. શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવરશ્રીનાં પુણ્ય ઉપકારોની સ્મૃતિ નિમિત્તે ફક્ત ૧૦ આના (પો. ન. પૈ. ૨૦ અલગ) માં મલશે.

શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા.
પ્રાપ્તિસ્થાન : રાજેભાઈ એમ. પી.
ઠે. નવાગઢ મુ. પાલીતાણા (સૌરાષ્ટ્ર).


તંત્રી, મુદ્રક, પ્રકાશક : સોમચંદ ડી. શાહ : મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રીન્ટીંગ વર્ક્સ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.